FMPB ફસલ

Volume 15
Issue 7
July 2025

જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો, ને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવવું. માથ્થી ૧૬:૨૪

# બલિદાન

## આપણા બલિદાની જીવનમાં હજી વધારે




આના કરતા વધારે



યોહાન ૨૧:૧૫

# મુખપૃષ્ઠ...

## મેં લોખંડ માટે સોનું આપ્યું 1813



તેમના શાસનકાળ દરમિયાન, પ્રુશિયાના રાજા ફ્રેડરિક વિલિયમ-૩ એ ખર્ચાળ યુદ્ધોને કારણે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. રાષ્ટ્રને ટેકો આપવા માટે, તેમણે પ્રુશિયાની મહિલાઓને તેમના સોના ચાંદીના ઝવેરાતનું દાન કરવા કહ્યું, "મેં લોખંડને માટે સોનુ આપ્યું, ૧૮૧૩" કોતરેલા શબ્દો સાથે લોખંડ અથવા કાંસાની સજાવટના ઝવેરાતનો પ્રસ્તાવ મૂક્યો. તેનો પ્રતિસાદ જબરજસ્ત હતો. આનાથી પણ મહત્વની વાત, આ મહિલાઓએ તેમના સોનાના ઝવેરાત કરતા રાજા તરફથી મળતી ભેટોનું મૂલ્ય વધારે આંક્યું. પાછળથી આ પ્રથાએ જર્મનીમાં બાહદુરીનું સન્માન કરવા માટે લોખંડનો ક્રોસ આપવાની શરૂઆત થઈ. એફએમપીબીનું હવે પછીનું નૈતિક મૂલ્ય એ **"બલિદાન"** છે (ઈશ્વરને આપણા જીવનમાં પ્રથમ રાખીને અને ઈશ્વર માટે રાષ્ટ્ર સુધી પહોંચવા માટે બાકીની તમામ બાબતોને છોડી દેવા માટે તૈયાર રહેવું (માથ્થી ૧૬:૨૪). આ સંગઠન અહીં સુધી વૃદ્ધિ પામ્યું છે તેનું કારણ નૈતિક મૂલ્યોના સ્તંભોમાંનો એક સ્તંભ બલિદાન છે.

ઈશ્વરના કાર્ય માટે નણાં, શિક્ષણ અથવા જીવનનું બલિદાન એ વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક સંદર્ભોમાં એક સામાન્ય વિષયવસ્તુ છે. તે ઉચ્ચ તેડા પ્રત્યેની ભક્તિ અને દુન્યવી બાબતો પર આત્મિક મૂલ્યોને પ્રાધાન્ય આપવાની ઈચ્છા દર્શાવે છે. બલિદાન શબ્દ એફએમપીબી માટે નવો નથી. આપણા પ્રથમ મિશનરી, શ્રીમતી પદ્મા હિલ્ટન, જેમણે મિશનરીઓને ચૂકવણી કરવા માટે પૈસા ન હતા ત્યારે, પ્રાર્થના જૂથના સભ્યોને તેમના લગ્નની ચેઈન આપી દીધી હતી, જેમણે બલિદાનપૂર્વક પોતાનો સમય, પ્રતિભાનો ખજાનો આપ્યો છે અને આપવાની ભાવના ચાલુ રહી છે. આજે, ઝારખંડના અમરપાડામાં જોબો મંડળના સ્વયંસેવક – ધોનીરામ જેવા વિશ્વાસીઓ આ ઉદાહરણને અનુસરે છે. સરકારી નોકરી માટે પ્રાર્થના કર્યા પછી અને પોલીસ વિભાગ માટે પસંદ થયા પછી, તેણે પોતાના લોકોમાં સેવા આપતા સુવાર્તિક માટે બાઈક ખરીદવા માટે તેના પ્રથમ નાના પગારનો ઉપયોગ કરીને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી, તેથી તેઓ પણ સુવાર્તા સાંભળી શકે.

ઘણા લોકોએ વધસ્તંભ ખાતર શિક્ષણ, નોકરીઓ, કુટુંબ, ઘર અને જીવન પણ છોડી દીધું છે. તેમ છતાં, એમી કાર્મિશેલે કહ્યું તેમ, "જ્યારે હું ખ્રિસ્તના વધસ્તંભને ધ્યાનમાં લઉં છું, ત્યારે હું જે કાંઈ કરું છું તેને બલિદાન કેવી રીતે કહી શકાય ?" જેમ તે પ્રુશિયન મહિલાઓએ તેમના પોતાના સોનાના ઝવેરાત કરતા રાજાની ભેટને વધુ મૂલ્ય આપ્યું, તેવી જ રીતે આપણે પણ તારણ, અનંતજીવન, ક્ષમા અને વધસ્તંભ દ્વારા તેમના બાળકોને કહેવાતા વિશેષાધિકાર સાથે જે છોડી દઈએ છીએ તેની તુલના કરી શકતા નથી. ડૉ. પાઉલ સાથે, આપણે પણ કહી શકીએ કે, "હું ખ્રિસ્ત ઈસુ મારા પ્રભુને જાણવાની કિંમત ચડિયાતી હોવાથી બીજી તમામ બાબતોને નકામી માનુ છું, હું તેમને કચરો માનું છું, જેથી હું ખ્રિસ્તને પ્રાપ્ત કરી શકું. શરૂઆતથી અંત સુધી, મારું જીવન ઈસુ માટે છે. હું જે છું, જે સઘળું મારી પાસે છે, તે ખ્રિસ્ત અને સુવાર્તા માટે છે".

***મર્સી સેલ્વિન (કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ)***

"તારા ધણીના મરણ પછી તેં તારી સાસુ સાથે જે જે વર્તણૂંક ચલાવી છે ને તારાં માબાપને તથા તારી જન્મભૂમિને છોડીને જે લોકોને તું આજ સુધી જાણતી નહોતી, તેઓમાં તું કેવી રીતે રહેવા આવી છે, તે સર્વની મને સંપૂર્ણ માહિતી મળી છે." રૂથ ૨:૧૧

"તમે જાણશો કે આજે જે બલિદાન તરીકે દેખાય છે તે તમે અત્યાર સુધી કરેલુ સૌથી મોટું રોકાણ સાબિત થશે."

- ગોર્ડન બી. હિંકલી

"કેમ કે જેઓ બંધનમાં હતા તેઓની પ્રત્યે તમે સહાનુભૂતિ દર્શાવી, અને તમારી માલમિલકત લૂંટી લેવામાં આવી ત્યારે તમે આનંદથી તે સહન કર્યું. કેમ કે એ કરતાં વિશેષ સારુ અને અક્ષય ધન તમારે માટે સ્વર્ગમાં છે, એ તમે જાણતા હતા."
હિબ્રૂઓને પત્ર ૧૦:૩૪

"મારી પાસે લોહી, પરિશ્રમ, આંસુ અને પરસેવો સિવાય કંઈ જ નથી."

વિન્સ્ટન ચર્ચિલ

## અમારું દર્શન

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે વણખેડાયેલા ભારતીયો સુધી પહોંચો.

## અમારું ધ્યેય

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે રાષ્ટ્રને સુવાર્તા પહોંચાડવી, સમુદાયોને રૂપાંતરિત કરવા અને ભારતીય મંડળીઓની વિશાળ ભાગીદારી માટે તેઓને દર્શન જણાવવું.

એફએમપીબી દેશભરમાં મંડળી સ્થાપનાકાર્યમાં મંડળીના એક હાથ તરીકે કાર્ય કરે છે.

એફએમપીબી જુદાજુદા લોકજૂથો મધ્યે પહોંચીને સુવાર્તાપ્રચારનું કાર્ય કરે છે.

એફએમપીબી પ્રાર્થના કરવા તથા પોતાના સેવાકાર્યને ટેકો આપવા માટે મંડળીઓ, સંસ્થાઓ, કુટુંબો અને વ્યક્તિઓને આમંત્રણ આપે છે.


**FMPB, House No.06, Carmel Park Society,
Nr. Carmel Methodist Church,
Gurukrupa School Road,
CTM, Ahmedahad-380026, Gujarat
Mo. 9913007205**

# ફસલ

એફએમપીબીનું સત્તાવાર માસિક

*Publisher & Editor*
**S. John Berlin**

| SUBSCRIPTION | INDIA | FOREIGN |
|---|---|---|
| Annual | Rs.100 | Rs.600 |
| Life | Rs.1500 | Rs.5,000 |

H.Q: 29, High School Road, Ambattur,
Chennai - 600 053
Tel: +91-44-2657 0404 Fax: 2657 3353
Cell: 9444394342
E-mail: info@fmpb.org
Web site: www.fmpb.co.in

**Layout and Preparation:**
Communication Dept., fmpb

# જનરલ સેક્રેટરીની કલમે...



### પર્વતથી સમુદાય સુધી – ગુણાકારમાં વૃદ્ધિ કરવાનું તેડું

"જેઓ આંસુ પાડતાં પાડતાં વાવે છે તેઓ હર્ષનાદસહિત લણશે." - ગીતશાસ્ત્ર ૧૨૬:૫

**ભક્તિભાવપૂર્ણ પરિચય : જ્યારે વેદી રાષ્ટ્ર માટે પ્રવેશદ્વાર બની જાય છે.**

મંડળીના જીવનમાં એવી ક્ષણો હોય છે જ્યારે ઈશ્વર તેમના લોકોને થોભવા, પ્રતિબિંબિત કરવા અને તેમના મિશન સાથે ફરીથી ગોઠવવા માટે માર્ગદર્શન આપે છે. જુલાઈ આવું જ એક દૈવીય આમંત્રણ છે. તે મધ્ય-વર્ષના પરીક્ષણ-સ્થાન કરતા વધુ છે - મંડળી માટે ઈશ્વરના હૃદયના ધબકારા સમાન સેવાકાર્યો માટે પુનઃપ્રતિબદ્ધ થવાનું આત્મિક પ્રવેશદ્વાર છે.

ઉત્પત્તિથી પ્રકટીકરણ સુધી, ઈશ્વરની વાર્તા હંમેશાં એક સેવાકાર્યની વાર્તા રહી છે. એદન વાડી શરૂઆત હતી, પરંતુ રાષ્ટ્રો હંમેશાં ધ્યેય હતા. જ્યારે ઈશ્વરે ઈબ્રાહિમને બોલાવ્યો, ત્યારે તેમણે કહ્યું, "તારામાં પૃથ્વીના સર્વ કુટુંબ આશીર્વાદ પામશે" (ઉત્પત્તિ ૧૨:૩). જ્યારે ઈસુ તેમના સજીવન મહિમામાં તેમના શિષ્યો સમક્ષ ઊભા રહ્યા, ત્યારે તેમનો આદેશ સ્પષ્ટ હતો : "તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો" (માથ્થી ૨૮:૧૯). શરણાગતિની વેદી હંમેશાં લણણીનો દરવાજો રહ્યો છે.

સેવાકાર્ય એ થોડાક લોકો માટે અનામત નથી – તે વિશ્વાસીઓની જવાબદારી છે. ઈશ્વર જે લાયક હોય તેને તેડુ આપતા નથી, પરંતુ જેને તેડુ આપે છે તેને લાયક બનાવે છે. આપણા વિશ્વાસનો સાર ફક્ત વિશ્વાસ કરવામાં જ નહીં, પરંતુ જવા, મોકલવા, પ્રાર્થના કરવા અને આપવા માટે છે. દરેક વિશ્વાસીની મહાન આદેશમાં ભૂમિકા હોય છે.

તેથી, જુલાઈ મહિનો ફક્ત અવલોકન કરવા માટેનો મહિનો નથી – તેમની આજ્ઞાનું પાલન કરવાનો મહિનો છે. ઈશ્વરના તારણ માટેના હેતુ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને ફરીથી જીવંત કરવાની પવિત્ર તક છે. ભલે આપણા પુલપીટ અથવા પ્રાર્થનાની ઓરડી, બેઠક ખંડ અથવા આગેવાનીની મેજ હોય, ઈશ્વર આપણને આંખો ઊંચી કરવા અને લણણી જોવા માટે બોલાવે છે (યોહાન ૪:૩૫). તે આપણી સુવિધા માટે પૂછતા નથી, તે આપણા સમર્પણ માટે પૂછે છે.

આપણે એક પવિત્ર આંતરછેદ પર ઊભા છીએ – જેઓ આપણી આગળ ગયા અને આપણી આગળ રહેલા સેવાકાર્યની યાદો વચ્ચે. યાદગીરીનો પર્વત (જેમ કે પેરિયામલાઈ) અને દર્શનની પરિષદ (જેમ કે ટ્રાઈ-સિટીઝ) અલગ ઘટનાઓ નથી. તેઓ દૈવીય ગોઠવણીઓ છે જે આપણને યાદ અપાવે છે કે સુવાર્તા આપણા દ્વારા અને આપણાથી આગળ વધવી જોઈએ.

તેથી, ચાલો આ મહિનામાં વેદી પર આપણાં હૃદયને ફરીથી રજૂ કરીએ. જુલાઈને ૩૧ દિવસ કરતાં વધુ થવા દો – ઈસુનું નામ જ્યાં સૌથી ઓછુ જાણીતું છે ત્યાં તેને જાણીતુ કરવું તે જીવનકાળનો સંકલ્પ બનવો જોઈએ.

## પેરિયામલાઈ દિવસ : વારસાનું સન્માન કરવું, પ્રવાસ ચાલુ રાખવો

૯ જૂને એ પેરિયામલાઈ દિવસની ઉજવણી કરી, પવિત્ર ભૂમિ પર ઊભા રહીને જ્યાં વિશ્વાસ પ્રજ્વલિત થયો, જ્યાં પ્રારંભિક મિશનરીઓએ તેમના જીવનોને અર્પણ કરી દીધા. તેઓના બલિદાનો નિરર્થક ન હતા. તેમના પગલાઓએ પાયો રચ્યો જેના પર આજનું મિશન મજબૂત છે.

આ વર્ષની ઉજવણી માત્ર એક યાદ નહોતી – તે એક પુનઃસમર્પણ હતું. જેઓએ વેરાન ઉજ્જડ પ્રદેશોમાં પરિશ્રમ કર્યો હતો, રાત્રિઓમાં અશ્રુ વહેવડાવ્યા હતા, અને તોફાનો મધ્યે પ્રાર્થનાઓ કરી હતી તેઓ દ્વારા પ્રજ્વલિત મશાલને આગળ વધારવાનું સમર્પણ. કેમ કે આપણે તેમના વિશ્વાસ પર પ્રતિબિંબિત કરીએ છીએ, ત્યારે આપણને એ પૂછવાનો પડકાર આપવામાં આવે છે : આપણી પેઢીને શાના માટે યાદ કરવામાં આવશે?

કદાચ પર્વત આપણને યાદ કરાવે છે : વિશ્વાસ ઊંચે ચડે છે, પ્રાર્થના કરે છે, લોહી વહેવડાવે છે અને ક્યારેય હારશે નહીં. કદાચ ભૂતકાળમાં વહેવડાવેલા આંસુ ભવિષ્યના બીજને પાણી આપવાનું કામ કરશે.

## નવા સમયગાળા માટે નવી પેઢી

ફસલના ધણી પ્રત્યે ઊંડી કૃતજ્ઞતા સાથે, અમે આ સમયગાળા માટે નવા ૩૨ મિશનરી ઉમેદવારોની પસંદગીમાં આનંદ મનાવીએ છીએ. આ યુવાન જીવનો માત્ર આંકડા નથી – તેઓ નિર્માણના કિસ્સાઓ છે, જેઓ ઈશ્વર દ્વારા તેડાયેલા છે, કૃપા દ્વારા સજ્જ છે અને મંડળી દ્વારા મોકલાયા છે.

તેઓમાંનો દરેક, જવાબ અપાયેલી પ્રાર્થનાઓનો કરાર, આત્મિક જાગૃતિનો સંકેત અને એક ઘોષણા છે કે મિશન હજી આગળ વધે છે. અમે તમને પ્રાર્થના દ્વારા સમર્થન આપવા વિનંતી કરીએ છીએ. તેમની તૈયારી ફક્ત સૈદ્ધાંતિક નથી – તે આત્મિક યુદ્ધ છે, ભાવનાત્મક ખેંચાણ છે અને અજાણ લોકો સમક્ષ સમર્પણ છે.

આવો એક કુટુંબ તરીકે, તેમની પાછળ ઊભા રહીએ – ફક્ત મોકલવા માટે નહીં, પરંતુ તેમની સાથે ચાલવા.

## ટ્રાઈ-સિટીઝ ફેમિલી કોન્ફરન્સ – આઈએમએ કેમ્પસ, સિકંદરાબાદ

સિકંદરાબાદના આઈએમએ કેમ્પસમાં યોજાયેલી ટ્રાઈ-સિટીઝ ફેમિલી કોન્ફરન્સ એ કૃપા અને દર્શનનો તાજગીભર્યો પવન હતો. આખા પ્રદેશના પ્રતિનિધિઓ એકત્ર થયા, પ્રાર્થના કરી અને એક અવાજ સાથે આયોજન કર્યું : સુવાર્તાને દરેક ક્ષેત્ર, દરેક ભાષા અને દરેક જીવનને સંતૃપ્ત કરતી જોવી.

અમે દર્શન ૨૦૨૭ માટે એકીકૃત દર્શનની ઊંડી પ્રશંસા કરીએ છીએ – પ્રાર્થના જૂથો શરૂ કરવા, મિશનરીઓ ઊભા કરવા અને જેઓના મૂળ શાસ્ત્રમાં છે અને આત્માથી જેઓ પ્રજ્વલિત છે તેવા આગેવાનો વિકસાવવા. પરિવારો હેતુની નવી સમજ સાથે પરત ફર્યા, ઘણાએ મિશન કેન્દ્રિત બનવા માટે તેમના ઘરોને પુનઃસમર્પિત કરી દીધા - "નાનું અંત્યોખ" જેમાંથી પ્રાર્થના અને સેવાકાર્ય વહી શકે.

## સ્મારક સમારંભ : બ્રધર પેટ્રિક જોશુઆની (૧૭ જૂન) પાંચમી વર્ષગાંઠ

આ વર્ષે આપણા પ્રિય બ્રધર પેટ્રિક જોશુઆ, ભૂતપૂર્વ જનરલ સેક્રેટરી, જેમણે અવિશ્વસનીય હિંમત, ઈશ્વરીય ડહાપણ અને અવિરત ઉત્સાહથી વિશ્વાસપૂર્વક સેવાકાર્યનું નેતૃત્વ કર્યું હતું. જૂન ૧૭ ના રોજ, અમને ફક્ત એક આગેવાન જ નહીં પરંતુ આત્મિક પિતા જ યાદ આવ્યાં, જેમણે હજારોને વધસ્તંભ વહન કરવા અને ખ્રિસ્તને વણખેડાયેલા સ્થળોએ પ્રગટ કરવાની પ્રેરણા આપી.

તેમનું જીવન ઈશ્વરના તેડાના બલિદાની આજ્ઞાપાલનની જીવંત સાક્ષી હતું, અને તેનો વારસો હૃદયને અધૂરા કાર્ય તરફ ઉત્તેજીત કરે છે. જ્યારે આપણે તેમની સ્મૃતિને સન્માન આપવા માટે થોભીએ છીએ, ત્યારે આપણે જે આવરણ પાછળ છોડી દીધું છે તે આપણે પસંદ કરી શકીએ છીએ

અને નિશ્ચય સાથે દોડીએ છીએ જે દોડ આપણા માટે ચિહ્નિત થયેલ છે. તેમનો અવાજ હજી પણ પડઘો પાડે છે — તમામ સાંભળે ત્યાં સુધી પોકારો.

આવો આપણે તેમના સ્મરણની છાયામાં નહીં, પરંતુ તેમના મિશનના પ્રકાશમાં જીવવા પ્રતિબદ્ધ થઈએ.

## જુલાઈ : એક મિશનની ગતિશીલતાનો મહિનો

આ મહિને, આવો આપણે ઈરાદાપૂર્વક મિશનને ગતિશીલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ. જુલાઈ નિષ્ક્રિય નથી, તે ભવિષ્ય કથનને સંબંધિત છે. તે આપણને આ કરવા આમંત્રણ આપે છે :

- મિશનરીના નામ સાથે દરરોજ તેમને માટે પ્રાર્થના કરવી
- તમારા ઘર, મંડળી અથવા વિસ્તારમાં એક નવું પ્રાર્થના જૂથ શરૂ કરવા.
- બલિદાની ટેકો કરો — એક મિશનરી પરિવારને પ્રાયોજીત કરો
- પૂર્ણ સમયના સેવાકાર્યના તેડાને ધ્યાનમાં લેવા આગામી પેઢીને આમંત્રણ અને પ્રેરણા આપો.
- અપૂર્ણ કાર્ય વિષે તમારી મંડળીઓમાં શીખવો અને પ્રબોધ આપો.

આવો આપણે ઈશ્વરના સેવાકાર્યના દર્શકો ન બનીએ — આપણે સહ-મજૂર છીએ. જેમ યશાયાએ પ્રતિસાદ આપ્યો "હું અહીં છું, મને મોકલો !" આપણે ફક્ત તેડાનો પડઘો જ ન પાડીએ પરંતુ તેના પર કાર્ય કરીએ.

## પવિત્ર સ્મરણોથી સેવાકીય ચળવળ સુધી

ઈશ્વર આપણી મધ્યે જે કરી રહ્યા છે તેનાથી આપણે આગળ વધીએ છીએ. પેરિયામલાઈ ખાતેના અગ્રણીઓના આંસુઓ નિરર્થક સુકાઈ ગયા નથી. પવનમાં ફેલાવેલી પ્રાર્થનાઓ લણણી સાથે પરત આવી છે. નવા ૩૨ મિશનરી ઉમેદવારો ફક્ત "સેવાકાર્યમાં જોડાતા નથી" — તેઓ ખ્રિસ્તના જીવંત અક્ષરો બની રહ્યા છે, શાહીથી નહીં પરંતુ જીવંત ઈશ્વરના આત્મા સાથે લખાયેલા છે (૨ કરિંથી ૩:૩).

ટ્રાઈ-સિટીઝ કોન્ફરન્સમાં ફક્ત પરિવારો જ નહીં, તે દર્શન-ધારકો, પ્રાર્થના યોદ્ધાઓ અને મિશન ઉત્પ્રેરકને જન્મ આપે છે. અને હવે, જુલાઈ મહિનો આપણા સામૂહિક નિર્ણયાત્મક બિંદુ તરીકે ઊભો છે. શું આપણે આરામથી સંતોષ કરીશું ? કે આપણે મહાન આદેશ તરફ પગલું ભરીશું ?

આવો આપણે પવિત્ર સ્મરણોને સેવાકીય ગતિમાં ફેરવીએ. આપણી કૃતજ્ઞતા આપણને આગળ વધવા દો, આપણી પ્રાર્થના આપણને આગળ ધકેલે અને આપણાં દાનાર્પણો સુવાર્તામાં આપણું રોકાણ બની જાય.

આ મંડળીઓને ઊભી થવાનો સમય છે — નિષ્ક્રિય દર્શકો તરીકે નહીં, પરંતુ જુસ્સાદાર સહભાગીઓ તરીકે. પરિવારોને પ્રાર્થના કેન્દ્રો બનવા દો. યુવાનોને મિશનરી ઉમેદવારો તરીકે વધવા દો. આગેવાનો ફક્ત દર્શન સમજાવે નહીં, પરંતુ તેને જીવે. આવો આપણે બધા મળીને કહીએ :

"કેમ કે સુવાર્તા વિષે મને શરમ લાગતી નથી, કારણ કે દરેક વિશ્વાસ કરનારને તે દેવનું તારણ પમાડનારું પરાક્રમ છે" (રોમનો ૧:૧૬).

પેરાઈમલાઈનો પર્વત એ પોકારનો
પડઘો પાડે છે : "ફરીથી જાઓ"
જુલાઈની વેદી આપણને માર્ગદર્શન આપે છે :
"ફરીથી સમર્પિત થાઓ."
ઈશ્વરની વાણી હજી પણ કહે છે :
"હું કોને મોકલું ?"

આપણો જવાબ, આજે અને હંમેશા આ હોય :

**"હું અહીં છું, પ્રભુ, મને મોકલો".**

પ્રભુની સેવામાં, આપનો



**રેવ. વિજય પ્રસન્ના આઈઝેક**



# શું તું મારા પર એઓના કરતા વધુ પ્રેમ કરે છે ?

## યોહાન ૨૧:૧૫

આ વિષયને સમજવા માટે, આપણે યોહાન ૨૧ નો સંપૂર્ણ અધ્યાય વાંચવો જોઈએ. બાઈબલ દૈવીય પ્રશ્નોથી ભરેલું છે જે પ્રતિસાદ અને પરિવર્તનને આમંત્રણ આપે છે.

ઉત્પત્તિ ૩:૯ માં, ઈશ્વર પૂછે છે, **"આદમ, તું ક્યાં છે ?"** ૧ રાજા ૧૯:૯ માં, ઈશ્વર એલિયાને પૂછે છે, **"એલિયા, તું અત્રે શું કરે છે ?"** યૂના ૧:૮ માં, વહાણ પરના લોકોએ યૂનાને પૂછ્યું, **"તું કોણ છે ?** બાઈબલમાં આવા ઘણા મહત્વપૂર્ણ પ્રશ્નો છે.

યોહાન ૨૧ એ એક મહત્વપૂર્ણ પ્રકરણ છે. જો આપણે તેને શીર્ષક આપીએ, તો તેને **"પુનઃસ્થાપનનું પ્રકરણ"** કહી શકાય. યોહાન ૨૧:૧-૧૪ માં, ઈશ્વર તેમના શિષ્યો સાથે ભોજન કરે છે. પ્રભુના પુનરુત્થાનના સમાચાર સાંભળ્યા પછી પણ શિષ્યો કેમ માછીમારી કરવા ગયા તે સમજાવવા માટે કેટલાક લોકો આ પ્રકરણનું અર્થઘટન કરે છે. કેટલાક કહે છે કે શિષ્યો વિશ્વાસમાં નબળા પડ્યા હતા. પરંતુ હું માનું છું કે તેઓએ માત્ર ઈશ્વરની આજ્ઞાનું પાલન કર્યું હતું. તેમણે તેમને કહ્યું હતું કે, **"ગાલીલ જાઓ, અને ત્યાં તમે મને જોશો."** તેથી, તેઓ તેનુ પાલન કરતા ત્યાં ગયા હતા. ખાસ કરીને જેઓ માછીમારો છે તે હિંમતવાન, સતત અને ક્યારેય સરળતાથી હાર માનતા નથી. જેઓ માત્ર મનોરંજન માટે જ માછીમારી કરે છે તેઓ જ દિવસ દરમિયાન માછલી પકડવા જાય છે. જો તમે દિવસ દરમિયાન જાળ પાણીમાં નાખશો, તો માછલીઓ તે જોઈ શકશે અને દૂર જતી રહેશે. તેથી જ બાઈબલના વિદ્વાન વિલિયમ માર્કલે કહે છે કે તેઓ રાત્રે માછલી પકડતા હતા. ઈસુના મોટાભાગના શિષ્યો વ્યવસાયે માછીમાર હતા. તેથી, સ્વાભાવિક રીતે, તેઓ માછીમારી કરવા ગયા. પરંતુ તેમની કુશળતા હોવા છતાં, તેઓ તે રાત્રે એક પણ માછલી પકડી શક્યા નહિ. પછી, કિનારે રહેલા પ્રભુ ઈસુએ તેમના શિષ્યોને પૂછ્યું, **"છોકરાઓ, તમારી પાસે કંઈ ખાવાનું છે ?"** તેઓએ તેને ઉત્તર આપ્યો કે ''નથી'' ત્યારે તેણે તેઓને કહ્યું કે, ''હોડીની જમણી તરફ જાળ નાખો, એટલે તમને મળશે''. હું આ શાસ્ત્રભાગને ત્રણ મુદ્દાઓ દ્વારા સમજાવવા માંગુ છું :

**૧. ઈસુએ પિતરને તેના તેડાની યાદ અપાવી :** ઈશ્વર પિતરને તેના મૂળ તેડાની યાદ અપાવી રહ્યા હતા. લૂક ૫ માં, તેઓએ આખી રાત પરિશ્રમ કર્યો પરંતુ એકપણ માછલી પકડાઈ નહિ. પછી પ્રભુ ઈસુ પિતરની હોડીમાં ચઢ્યા અને હોડીમાંથી લોકોને પ્રબોધ કર્યો. પ્રબોધ કર્યા પછી, તેમણે પિતરને કહ્યું, ''જાળને ઊંડા પાણીમાં નાખ''. અને તેમ કરતા તેઓએ ઘણી માછલીઓ પકડી કે તેમની જાળો તૂટી રહી હતી. એ જ રીતે યોહાન ૨૧ માં, ઈસુએ જમણી બાજુ જાળ નાખવાનું કહ્યું – અને ફરીથી, **જાળ માછલીઓથી ભરાઈ ગઈ.** પ્રભુ ઈસુ પિતરને તેના તેડાની યાદ અપાવી રહ્યા હતા.

**પ્રિય ભાઈઓ તથા બહેનો, પ્રભુએ તમને તેડું આપ્યું છે.** તમારામાંથી કેટલાક તેને ભૂલી ગયા હશે, અને કેટલાકે તેની અવગણના કરી હશે. આ સંદેશ દ્વારા, પવિત્ર આત્મા તમને તમારા તેડા, તમારી જવાબદારી અને તમને સોંપાયેલ કાર્યોની યાદ અપાવે છે. પ્રભુના પ્રિય બાળક, તમે તમારું તેડું ભૂલી ગયા છો ? **તમારા તેડા તરફ પાછા જાવ.**

**૨. પિતરના પતનનું કારણ :** આપણે સામસૂનના પતન વિષે જાણીએ છીએ. આપણે સોલોમનના પતન વિષે જાણીએ છીએ. પરંતુ પિતરનું શું ? તેણે પ્રભુનો નકાર કર્યો – એક વાર નહિ, પરંતુ ત્રણ ત્રણ વખત, શપથ અને શ્રાપ સાથે. પ્રભુએ તેને તેના ત્રણ વખતના નકારની યાદ અપાવવા માટે ત્રણ વખત પ્રશ્ન પૂછ્યો : **"યૂનાપુત્ર સિમોન, શું તું મને પ્રેમ કરે છે ?"**

**પિતરનું પતન શા માટે થયું ?**

**તે પ્રભુના લેખિત વચનને માનતો ન હતો.** ઈસુએ તેઓને કહ્યું, **"તમે સહુ આજ રાત્રે મારા સંબંધી ઠોકર ખાશો, કેમ કે એમ લખેલું છે કે હું ઘેટાંપાળકને મારીશ, ને ટોળાનાં ઘેટાં વિખેરાઈ જશે"** (માથ્થી ૨૬:૩૧).

ઈસુના જીવનમાં જે બન્યું તે લેખિત શબ્દ, જૂના કરારની ભવિષ્યવાણી અનુસાર હતું. પરંતુ પિતરે હિંમતભેર જાહેર કર્યું, **"જો કે તારી સાથે મારે મરવું પડે તોપણ હું તારો નકાર નહિ જ કરીશ"** (માથ્થી ૨૬:૩૫). તેણે લેખિત શબ્દ માન્યો નહીં. આજે પણ, ઘણા લોકો લેખિત શબ્દને માનતા નથી. બાઈબલ એ **ડહાપણનું અપ્રગટ દૂધ** છે. (૧ પિતર ૨:૨-૩)

**જો તમે આત્મિક રીતે વૃદ્ધિ પામવા અને પ્રભુને વધારે પ્રેમ કરવા માંગતા હો, તો તમારે બાઈબલનો ખંતપૂર્વક અભ્યાસ કરવો જ જોઈએ.** કેટલાક ફક્ત તેમના કેલેન્ડર પર દરરોજ વચન વાંચે છે. પરંતુ વૃદ્ધિ પામવા માટે, તમારે શાસ્ત્ર વાંચવું આવશ્યક છે. હું સાક્ષી આપું છું કે ઈશ્વર પ્રત્યેનો મારો પ્રેમ વધ્યો કારણ કે હું દરરોજ બહુવિધ પ્રકરણો વાંચુ છું, વચનમાંથી સામર્થ્ય અને ડહાપણ પ્રાપ્ત કરું છું.

**બીજું, પિતર પ્રભુની ભવિષ્યવાણીના વચનને માનતો ન હતો.** માથ્થી ૨૬:૩૪ માં, ઈસુએ તેને કહ્યું, **"હું તને ખચીત કહું છું કે, આજ રાત્રે મરઘો બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ."** આજે એવા લોકો છે કે જેઓ ભવિષ્યવાણીના કૃપાદાનોને નકારે છે, અને અન્ય લોકો લેખિત વચન કરતા ભવિષ્યવાણીને વધુ મહત્વ આપે છે. પરંતુ **આપણે યાદ રાખવું જોઈએ, ઈસુ સાચા પ્રબોધક છે. તે જે કહે છે તે ચોક્કસ થશે.**

**ત્રીજું, પિતરનું પતન વધુ પડતા આત્મવિશ્વાસને કારણે હતું.** આત્મવિશ્વાસના ત્રણ પ્રકાર છે : **આત્મવિશ્વાસ, અતિશય આત્મવિશ્વાસ અને ખ્રિસ્ત-કેન્દ્રિત આત્મવિશ્વાસ**. પિતરના શબ્દો - "જો કે બધા તારા સંબંધી ઠોકર ખાય, તોપણ હું કદી ઠોકર નહિ ખાઈશ" – તે પોતાના પરના આત્મવિશ્વાસની રજૂઆત છે, ખ્રિસ્ત કેન્દ્રિત નહિ.

**તેણે પોતાની જાતની તુલના અન્ય લોકો સાથે કરી,** (માથ્થી ૨૬:૩૩) તેઓ ઠોકર ખાઈ શકે છે પરંતુ તે નહિ ખાય. ઘણી વખત, અન્ય લોકો વિષે આપણું મૂલ્યાંકન ખોટું હોઈ શકે છે. પાઉલે પણ માર્ક સાથે આવી ભૂલ કરી હતી. (પ્રેરિતોનાં કૃત્યો ૧૫:૩૮-૩૯). પરંતુ પાછળથી, પાઉલે માર્કના મૂલ્યને માન્યતા આપી. કલોસ્સી ૪:૧૦ માં, પાઉલ માર્કનો આવકાર કરવાનું કહે છે. અને (૨ તિમોથી ૪:૧૧)

**૩. ઈસુ પિતરને ખાતરી આપે છે :** ચાલો આપણે જોઈએ કે ઈશ્વર પિતરને કેવી રીતે ખાતરી આપે છે. લૂક ૨૨:૩૧-૩૨ માં, ઈસુ કહે છે, **"સિમોન, સિમોન, જો શેતાને ઘઉંની પેઠે ચાળવા સારુ તમને કબજે લેવા માગ્યા, પણ મેં તારે સારુ વિનંતી કરી કે, તારો વિશ્વાસ ખૂટે નહિ, અને તું તારા ફર્યા પછી તારા ભાઈઓને સ્થિર કરજે."** પ્રભુ પહેલાંથી પિતરના પતનને જાણતા હતા. પ્રભુ પિતરને તેની પુનઃસ્થાપનાની ખાતરી જાહેર કરે છે.

પ્રલોભન અને પતન ઘણીવાર શેતાનથી આવે છે, **પરંતુ જ્યાં સુધી પ્રભુ તેને મંજૂરી ન આપે ત્યાં સુધી શેતાન આપણને સ્પર્શ કરી શકશે નહિ.** જેમ શેતાને અયૂબનું પરીક્ષણ કરવાની પરવાનગી માંગી હતી, તેવી જ રીતે તેણે પિતરનું પરીક્ષણ કરવાની પરવાનગી પણ માંગી હતી. ૨ કરિંથી ૧૨:૭ માં, પાઉલે "દેહમાં કાંટો – શેતાનના દૂત" નો સંદર્ભ આપ્યો. પછી ભલે તે પીડા, પ્રલોભન અથવા પરીક્ષણ છે – તેમને તેમના હેતુઓ માટે ઘણીવાર પ્રભુ દ્વારા પરવાનગી આપવામાં આવે છે.

પરંતુ અહીં ખાતરી છે :

**૧. ઈસુએ પિતરના પતનની આગાહી કરી.**

**૨. ઈસુએ પિતરનું પતન થતા પહેલાં પ્રાર્થના કરી.**

**૩. ઈસુએ બાંયધરી આપી કે પિતર ફરીથી વૃદ્ધિ પામશે અને અન્યને મજબૂત કરશે.**

પ્રિય ભાઈઓ અને બહેનો, **ઈશ્વર હંમેશાં પતન પહેલાં ચેતવણી આપે છે** – શાસ્ત્ર દ્વારા, વડીલો દ્વારા, પ્રભુના સેવકો, માતાપિતા, મિત્રો અથવા સંજોગો. તેની ચેતવણીઓને અવગણવાથી આપત્તિ થાય છે. "દરેક માણસ પોતાની દુર્વાસનાથી ખેંચાઈને તથા લલચાઈને પરીક્ષણમાં પડે છે. **પછી દુર્વાસના ગર્ભ ધરીને પાપને જન્મ આપે છે, અને પાપ પરિપક્વ થઈને મોતને ઉપજાવે છે"** (યાકૂબ ૧:૧૪-૧૫).

પ્રભુ પિતરને શું ખાતરી આપે છે ? **"અને તું તારા ફર્યા પછી તારા ભાઈઓને સ્થિર કરજે"** (લૂક ૨૨:૩૨). ભલે તમારું પતન થાય, પ્રભુ તમને પુનઃસ્થાપિત કરશે, તમને સાજા કરશે અને અન્યને મજબૂત કરવા માટે ઉપયોગ કરશે. માર્ક ૧૪:૨૮ માં, ઈસુએ પહેલેથી જ વચન આપ્યું હતું, **"પરંતુ મારા પાછા ઊઠ્યા પછી હું તમારી અગાઉ ગાલીલમાં જઈશ."**

**નિષ્કર્ષ :** પ્રભુનો પ્રશ્ન હજી પણ ઊભો જ છે : શું તું મારા પર એઓના કરતા વધુ પ્રેમ કરે છે ? આને સંપૂર્ણ રીતે સમજવા માટે, આપણે ત્રણ મુખ્ય સત્યને સમજવા જોઈએ :

**૧. ઈશ્વર તેમના વચન દ્વારા આપણા તેડાની યાદ અપાવે છે.**

**૨. ઈશ્વર આપણને આપણા પતનના કારણો શાસ્ત્રમાંથી શીખવે છે.**

**૩. ઈશ્વર આપણને ખાતરી આપે છે કે આપણે પુનઃસ્થાતિ થયા પછી, આપણે અન્યોને મજબૂત બનાવવાના છે. આ સંદેશ આપણા હૃદયમાં રહે.**

**સુવાર્તિક સુસી પ્રભાકરદાસ**

(તમિલનાડુ સ્ટેટ કેમ્પ ૨૦૨૫ માં આપેલો સંદેશ)

# ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ

## તમિલનાડુ વાર્ષિક કોન્ફરન્સ

## ડેનિશપેટ









વર્ષોથી, ડેનિશપેટ બેથેલમાં એફએમપીબી કોન્ફરન્સ હંમેશાં હજારો લોકોના હૃદયોને સ્પર્શ કરવા અને પરિવર્તન લાવવામાં એક સીમાચિહ્ન બની રહી છે. આ એક માર્ગસૂચક સ્તંભ સમાન છે જ્યાં અસંખ્ય યુવાનો, કિશોરો, યુવાન યુગલો અને પરિવારો મોટી સંખ્યામાં એકઠા થાય છે અને હિંમતભેર ઈશ્વર માટે પોતાનું જીવન સમર્પિત કરવા અને એફએમપીબી ચળવળને ટેકો આપાવનો નિર્ણય લે છે. ‘સંધ્યા’ સત્રો અને આરાધના હંમેશાં ઐતિહાસિક અને વ્યૂહાત્મક રહ્યા હતા.

ડેનિશપેટના બેથેલ ખાતે ૧૫ થી ૧૮ મે ૨૦૨૫ દરમિયાન યોજાયેલા એફએમપીબી ‘તમિલનાડુ મનીલા મુહામ’ દરમિયાન તેમણે કરેલા નોંધપાત્ર કાર્યો માટે અમે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. ૨૮૭૫ લોકોએ આ કોન્ફરન્સમાં ભાગ લીધો (પુખ્ત વયના ૧૯૭૫, યુથ ૩૫૨, કિશોરો ૫૪૬ અને બાળકો ૩૦૧) અને તે એક છલકાતો આશીર્વાદ હતો. પ્રભુના આત્માએ અમારી મધ્યે કાર્ય કર્યું. પ્રભુએ રાત્રિ દરમિયાન વિપુલ વરસાદ દ્વારા લોકો પર તેમનો આશીર્વાદ રેડ્યો હતો. પ્રમુખ, અધ્યક્ષ, ખજાનચી અને જનરલ સેક્રેટરી કોન્ફરન્સમાં હાજર હતા.

બેથેલ એ હિબ્રૂ નામની જોડી છે, જેનો અર્થ છે “ઈશ્વરનું ઘર” બેથેલ કેમ્પસ પૂર્વીય ઘાટની બહારની  હારમાળામાં સુંદર સેવરયાન ટેકરીઓની તળેટીની નજીક આવેલું છે. લીલા ઘાસના મેદાનો, વિશાળ વૃક્ષો, ગાઢ જંગલો અને શક્તિશાળી ટેકરીઓના ભવ્ય દ્રશ્યો સાથે સેવરયાન ટેકરીઓ પ્રકૃતિની વિપુલ સુંદરતા રજૂ કરે છે. અમે આ સુંદર સ્થાન માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. બેથેલમાં, મારી પત્ની અને

હું મોર જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હતા, જે એક સૌથી ભવ્ય પક્ષી છે. તેમના આશ્ચર્યજનક રંગો, અનન્ય છટા અને ભવ્ય પીંછાઓ સુંદરતા, કૃપા અને રોયલ્ટીનું પ્રતીક છે. હું હંમેશાં એફએમપીબી પરિવારોને મોર, ઈશ્વરની રચનાની સુંદરતા અને ઈશ્વરની હાજરીનો આનંદ માણવા માટે બેથેલ આવવા માટે પ્રોત્સાહિત કરીશ. કોન્ફરન્સ દરમિયાન ૪૦૦ થી વધુ લોકોએ ઈશ્વરની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું અને આ ઈશ્વરનું કામ છે. શું આવી બાબતો થતી જોવી તે અદ્ભૂત નથી ? કોન્ફરન્સની વિશેષતા એ કિશોરોનો મોટો પ્રતિસાદ હતો, બંને ભાગીદારીની દ્રષ્ટિએ અને તેમની પ્રતિબદ્ધતાના સંદર્ભમાં. ઘણા યુવાનો અને કિશોરોએ 'મિશનરીઓ' બનવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું અને આનું પાલન કરવામાં આવશે. હું કોન્ફરન્સ કન્વીનર શ્રી દેવરાજની અને રેવ. ડેનિયલ થોમસ, શ્રી ડેનિયલ અરુલમાની, શ્રી એન્ડ્રયુ અને શ્રી સોલોમન જ્ઞાનસેકર સહિતના ટીમના અન્ય ઓગવાનોની પ્રશંસા કરવા માંગુ છું, જેમણે કોન્ફરન્સની ચોકસાઈપૂર્વકની વ્યવસ્થા કરી હતી.





- અમે નક્કી કર્યું છે કે આગામી દિવસોમાં યુવા સેવાકાર્ય, કિશોર સેવાકાર્ય અને યુવા દંપતીના સેવાકાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરીશું. તે પછી જ એફએમપીબી ખૂબ ગતિશીલ હોઈ શકે છે અને ઘણા મિશનરીઓનો ઉછેર કરી શકે છે જે ઉત્તર ભારતમાં સેવા ક્ષેત્રોમાં જવાની હિંમત કરશે.
- આપણે બેથલમાં રહેઠાણના ક્ષેત્રમાં જરૂરી કેટલાક નક્કર સુધારાઓ કરવાની જરૂર છે. બેથેલના સહયોગથી, અમે આગામી ૧૨ મહિનામાં આ સુધારો કરવાનો પ્રયાસ કરીશું.
- કોન્ફરન્સના તમામ ૨૮૭૫ સહભાગીઓના ડેટાબેઝનું વિશ્લેષણ દરેક જીલ્લાઓ અને કેન્દ્રોની ભાગીદારીને સમજવા માટે કરવામાં આવશે. આ અમને મૂળભૂત માહિતી આપશે અને અમને દરેક કેન્દ્રમાંથી વધુ આગેવાનો કેવી રીતે મેળવી શકીએ તેની દિશા આપશે.
- અમે દરેક વ્યક્તિ અને કાર્યક્રમમાં ભાગ લેનારા દરેક પરિવારને અનુસરવા પગલાં લઈશું.
- અમે બેથેલ કૃષિ સંગતનો આભાર માનીએ છીએ, ખાસ કરીને તેના ડિરેક્ટર શ્રી એલ એબેનેઝર અને શ્રી સેમ્યુઅલ નિર્મલને કોન્ફરન્સના આયોજન માટે એફએમપીબીને સ્થળ આપવા માટે તેમની ઉદારતા માટે. અમે આ પહેલને આગળ વધારવા માટે બેથેલ આગેવાની ટીમ સાથે ભાગીદારી કરીશું.
- મારી સાથે શ્રી સુસી પ્રભાકરન, શ્રી નવનીધર, રેવ વિજય પી. આઈઝેક, રેવ જહોન બર્લિન અને રેવ. ઈમેન્યુઅલ રણજીતસિંગ આ કોન્ફરન્સમાં વક્તા હતા. અમે તે

બધાનો આભાર. ઘણા સ્વયંસેવકો આગળ આવ્યા અને પરામર્શમાં અને તમામ વ્યવસ્થામાં અમને મદદ કરી હતી. તેઓએ એક ઉત્તમ કામ કર્યું હતું. એફએમપીબી આવા સમર્પિત સ્વયંસેવકો રાખવા માટે ભાગ્યશાળી છે. તેઓ એફએમપીબી ચળવળની સૌથી મોટી સંપત્તિ છે અને હું તેમાંથી દરેકનો નિષ્ઠાપૂર્વક આભાર માનું છું.

- ઈશ્વર ઈચ્છે છે કે, ૨૦૨૬ માં અમારી પાસે ડેનિશપેટમાં કોન્ફરન્સની સાથે એફએમપીબી એક્ઝિક્યુટિવ કમિટીની બેઠક મળશે જેથી એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો, ચળવળ જે ગતિ અને દિશામાં આગળ વધી રહી છે તે દિશા અનુભવી શકે.
- આવતા વર્ષોમાં, અમે એફએમપીબી – યુએસ અને પ્રવાસી ભારતીય સમુદાયના એફએમપીબી પ્રાર્થના ભાગીદારોને પણ આમંત્રણ આપીશું. આવો આપણે ઈશ્વરના વિશ્વાસુપણાની સાથે મળીને ઉજવણી કરીએ.

આ ઈશ્વરની ચળવળ છે અને આ ઈશ્વરનું સેવાકાર્ય છે. ડેનિશપેટ ખાતે વાર્ષિક કોન્ફરન્સ એ એક નોંધપાત્ર પહેલ છે જે ચળવળનું નિર્માણ કરે છે. આવો આપણે આમાં મોટા પ્રમાણમાં સામેલ થવાનું ચાલુ રાખીએ.

ઈશ્વરપિતા તમને આશિષ આપે.







**જહોન સેમ્યુઅલ, પ્રમુખ - એફએમપીબી**



# મિશનરી સમર્પણ

અમે છેલ્લા ઘણા વર્ષોમાં સુવાર્તામાં તેમની અડગ ભાગીદારી માટે કાંગપોકપી ઈન્ડીપેન્ડન્ટ બેપ્ટિસ્ટ ચર્ચ (કેઆઈબીસી) ના ખૂબ આભારી છીએ. તેમના વિશ્વાસુ સમર્થન દ્વારા, નવ મિશનરીઓને પ્રાયોજીત કરવામાં આવ્યા છે, જે ઈશ્વરના રાજ્યને શક્તિશાળી રીતે આગળ વધારશે. ૬ ઠ્ઠી એપ્રિલ ૨૦૨૫ ના રોજ, અમે આમાંથી સાત મિશનરીઓ માટે કેઆઈબીસીમાં એક મિશનરી સમર્પણ કાર્યક્રમ યોજ્યો. આ સંગતને રેવ. ટોંગખોજંગ લ્હોવુમ (પાળક, કેઆઈબીસી) દ્વારા સેવા આપવામાં આવી હતી, જેમાં તમામ નિયુક્ત સેવકો અને ડીકનોના આશીર્વાદ અને ભાગીદારી હતા. તે એક પ્રાર્થના, પ્રતિબદ્ધતા અને ઈશ્વરની અદ્ભૂત હાજરી દ્વારા ચિહ્નિત થયેલ આનંદકારક પ્રસંગ હતો. અમે ખાસ કરીને કેઆઈબીસીના આગેવાનો અને મંડળના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ, ઉત્સાહ અને ઉષ્માપૂર્ણ આતિથ્ય માટે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ. સેવાકાર્ય પ્રત્યેનું તેમનું સમર્પણ આપણા તમામને ખ્રિસ્તના મહાન આદેશ માટે પરિશ્રમ કરવાનું ચાલુ રાખવા પ્રેરણા આપે છે.

**રેવ. પી. થોંગખાંક્પ, મોબિલાઈઝેશન સેક્રેટરી, અરૂણાચલ**

# તમિલનાડુ વાર્ષિક સ્ટેટ કોન્ફરન્સ 2025



## એઓના કરતાં વધારે

**યોહાન ૨૧:૧૫**

"નેસિપાયા, નેસિપાયા ? (શું તમે મને પ્રેમ કરો છો ? મને પ્રેમ કરો છો ?) – આ સુંદર ગીતનો બેથેલમાં પડઘો પડ્યો, જે સેવરાયન ટેકરીઓમાં સ્થિત છે, જ્યાં પ્રભુના પસંદ કરેલા લોકો ૧૪ મેના રોજ એકઠા થયા હતા. અગાઉના વર્ષોની જેમ, રેડહિલ્સના માન. મોબિલાઈઝેશન સેક્રેટરી શ્રી આર રણજીત પાંડીયન, તે વિસ્તારના આગેવાનો અને સ્વયંસેવકો સાથે હાજર રહેલાઓનો ઉષ્માપૂર્ણ આવકાર કર્યો, નોંધણી પૂર્ણ કરી અને રહેવાની વ્યવસ્થા કરી.



૧૫ મી મેના રોજ રાજ્ય કોન્ફરન્સના પ્રારંભિક દિવસે આખો હોલ આતુર સહભાગીઓથી ભરેલો હતો. સવારે ૯:૩૦ કલાકે, તિરુનેલવેલીના વરિષ્ઠ આગેવાન શ્રી સેલ્વરાજે પ્રાર્થના સાથે કોન્ફરન્સને ખુલ્લી મુકી હતી. વરિષ્ઠ મિશનરી શ્રીએ. ઈઝરાઈલે શ્રી ઝેવિયર, શ્રી પ્રેમ અને શ્રી સિમ્પસન સાથે શ્રી સેમ થોમસ દ્વારા કર્ણપ્રિય સંગીત સાથે ગાયન સત્રનું નેતૃત્વ કર્યું હતું. આપણા ઉપાધ્યક્ષ, શ્રી જે. સેમ પોનાઈએ શિબિરના વિશેષ અતિથિઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

આપણા અધ્યક્ષ, શ્રી જી. જહોન સેમ્યુઅલે, વિશેષ સરનામું આપ્યું, અને આ વર્ષનો મુદ્રાલેખ રેવ. એસ. રવિકુમાર દ્વારા મજબૂતીથી રજૂ કરવામાં આવ્યો હતો. બેથેલના મેનેજીંગ ડિરેક્ટર, શ્રી એલ એબેનેઝરે પણ તેમની વિશેષ શુભેચ્છાઓ સાથે તેઓનો આવકાર કર્યો હતો.

આ વર્ષના કેમ્પના ગીતો ધરાવતી પેન ડ્રાઈવ કમ્યુનિકેશન સેક્રેટરી - શ્રીમતી મર્સી સેલ્વિન દ્વારા રજૂ કરવામાં આવી હતી અને અધ્યક્ષે પ્રાર્થના દ્વારા સમર્પિત કરી હતી. વરિષ્ઠ મિશનરી રેવ. પી. સ્ટીફન જોયસન દ્વારા લખાયેલ તમિલ અને અંગ્રેજી પુસ્તકો (મિરર ઓફ ગૉડ) ને પણ પ્રાર્થના સાથે રજૂ કરવામાં આવ્યા હતા. વધુમાં, સીયલ વીરર ગીથંગલ (મેન ઓફ એક્સન) નાની ગીતની પુસ્તિકાને ટ્રેઝરર શ્રી એલ. નેલ્સન દ્વારા પ્રાર્થના દ્વારા સમર્પિત કરવામાં આવી હતી.



યુવા પાંખના સ્વયંસેવકોએ નવા પ્રકાશિત થયેલા શિબિર ગીતને નૃત્ય નિર્દેશન દ્વારા રજૂ કર્યું હતું. પ્રભુના અનંતકાલિન વિસામામાં પ્રવેશનારા મિશનરીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, ત્યાર બાદ જનરલ સેક્રેટરી રેવ. વિજય પી.

આઈઝેકની આગેવાની હેઠળ પ્રાર્થના કરાવવામાં આવી હતી. નિવૃત્ત મિશનરીઓને સ્મૃતિચિન્હો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વર્ષે, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને હરિયાણાના મિશનરી પરિવારો અને વિશ્વાસીઓએ તેમના ઉત્સાહિત સાંસ્કૃતિક પોશાકમાં પરેડ કરી હતી.



પ્રથમ દિવસનો સંદેશ સુવાર્તિક સુસી પ્રભાકર દાસ દ્વારા આપવામાં આવ્યો હતો. બપોરના ભોજન પછી, યુવાનો કિશોરો અને બાળકો માટે ખાસ સત્રો હાથ ધરવામાં આવ્યા હતા. આ વર્ષની કોન્ફરન્સમાં ૨,૮૭૪ લોકોની ભાગીદારી જોવા મળી હતી – ૧,૬૭૫ પુખ્ય વયના, ૩૫૨ યુવાનો, ૫૪૬ કિશોરો અને ૩૦૧ બાળકો. સાંજની મીટીંગ સંધ્યા લૉન ખાતે મળી હતી, જેમાં તલોદા ચિલ્ડ્રન હોમના વિશ્વાસીઓના બાળકોએ સાંસ્કૃતિક નૃત્યો અને સાક્ષીઓ દ્વારા પ્રભુનો મહિમા કર્યો હતો. સાંજનો સંદેશો અધ્યક્ષે આપ્યો હતો, જેણે ઘણા લોકોને તેમના જીવનો પ્રભુ તરફ દોરી જવા પ્રેરણા આપી. ચેન્નાઈના અન્નાનગરના માનદ મોબિલાઈઝેશન સેક્રેટરી શ્રી એ.પી. કનગરાજની આગેવાની હેઠળની ટીમે તે નિર્ણયને ટેકો આપવા અને મજબૂત બનાવવા માટે આત્મિક સલાહ આપી હતી.

**૧૬ મે – ઉપવાસ સહિત પ્રાર્થનાનો દિવસ :** બીજો દિવસ ઉપવાસ સહિતની પ્રાર્થનાના દિવસ તરીકે જોવા મળ્યો, જેમાં સવારે ૬ કલાકથી સાંજના ૫ કલાક સુધી સતત પ્રાર્થના સત્રો સાથે. આપણા જનરલ સેક્રેટરી, રેવ. વિજય પી. આઈઝેકે સવારે પ્રભુનું વચન ઉચ્ચાર્યું હતું. બાળકોથી લઈને પુખ્ત વયના દરેક વ્યક્તિએ રાષ્ટ્ર અને સેવાકાર્ય માટે ઉપવાસ અને નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરી. આપણા મિશનરીઓ દ્વારા અપાયેલી સાક્ષીઓ સાથે, વરલી, કુકના, માધવત, ઓડી રાજપૂત અને બરેલા સમુદાયોના સાંસ્કૃતિક નૃત્યોએ મંડળને ઉત્તેજન આપ્યું હતું. આપણા મિશનરી રેવ. સમરેન્દ્રસિંહની સાક્ષી જેમને ઉત્તર પ્રદેશમાં ૨૦ દિવસની કેદ બાદ ખંતપૂર્વકની પ્રાર્થનાઓ દ્વારા મુક્ત કરવામાં આવ્યા હતા. તે સાંજે, વરિષ્ઠ મિશનરી શ્રી વાય. નવનીધરે એક અદ્ભૂત પ્રકાશ અને ધ્વનિ કાર્યક્રમ રજૂ કર્યો હતો.

**૧૭ મે - પ્રતિબદ્ધતાનો દિવસ :** ત્રીજા દિવસે, સવારના મનન દરમિયાન, ભૂતપૂર્વ જનરલ સેક્રેટરી રેવ. એસ જહોન બર્લિને પ્રભુના વચનો ઉચ્ચાર્યા તા. એક્શન અવર દરમિયાન, રેવ. એસ. ઈમેન્યુઅલ રણજીત સિંહને ઈશ્વરે આપેલા તેડા પરના સંદેશાને કારણે ઘણા લોકોએ તેમનું જીવન પ્રભુની સેવા માટે સમર્પિત કર્યું હતું. આ નાણાંકીય વર્ષમાં, સેવા ક્ષેત્રોમાં ૧૨,૫૫૪ 'જીસસ ફિલ્મ્સ' દ્વારા લાખો લોકોને સુવાર્તા પ્રગટ કરવાના પ્રોજેક્ટ માટે રૂા. ૨૮,૦૪,૨૫૦/- ખર્ચવાનું નક્કી કર્યું છે. વધુમાં રૂા. ૨,૪૩,૦૨૦/- અને એક સોનાની રિંગ પ્રાપ્ત થયા હતા. ત્યારબાદ સેવાકાર્યના આગલા તબક્કાની યોજના બનાવવા માટે જીલ્લા મુજબ આગેવાનો, ટેકેદારો અને સભ્યો એકઠા થયા. ઘણા લોકોએ તેમને મળેલા આશીર્વાદો અને સભાઓ દરમિયાન તેઓએ લીધેલા નિર્ણયો વિષે પણ સાક્ષીઓ લખી હતી. સાંજે, સુવાર્તિક સુસી પ્રભાકરદાસે ફરી એક વખત પ્રભુના વચન ઊંડાણપૂર્વક સમજાવ્યું હતું, જેના દ્વારા ઘણા સહભાગીઓના જીવનમોમાં આત્મિક વળાંક ચિહ્નિત કર્યા.



**૧૮ મે – નિષ્કર્ષ :** કોન્ફરન્સના અંતિમ દિવસે સવારે ૪:૩૦ કલાકે, પ્રભુ ભોજનની સંગત યોજાઈ હતી. ઘણા લોકો નિયુક્ત સમય પહેલા સારી રીતે એકત્ર થયા હતા, શાંતિથી પ્રભુની હાજરીમાં રાહ જોતા હતા. સુવાર્તિક સુસી પ્રભાકરદાસે સ્પષ્ટ સંદેશો આપ્યો. પ્રભુ ભોજનની સંગત



દરમિયાન એકત્રિત કરેલું દાનાર્પણ રૂા. ૭૮,૮૦૧/- હતું. ત્યારબાદ સહભાગીઓએ સંગતમાં એક બીજા સાથે તેમનો પ્રેમ વહેંચ્યો હતો અને નાસ્તા સાથે કોન્ફરન્સનું આનંદપૂર્વક સમાપન થયું હતું.

## યુવા મીટીંગ દ્વારા આશીર્વાદ

● ૨૫ વ્યક્તિઓએ પ્રથમ વખત તારણનો અનુભવ કર્યો.

● ૫૮ વ્યક્તિઓએ તારણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને તાજી કરી. ● ૮૩ વ્યક્તિઓ નવા પ્રાર્થના જૂથો શરૂ કરવા માટે પ્રતિબદ્ધ થયા. ● ૩૦ વ્યક્તિઓએ તેમના જીવનોને મિશનરી કાર્ય માટે સમર્પિત કર્યા. ● રૂા. ૨૧,૬૧૫/- અને ૧ સોનાની રિંગ સાથે રૂા. ૧,૨૬,૯૦૦/- દાનનું વચન આપ્યું.

## કિશોરોની મીટીંગ દ્વારા આશીર્વાદ

● ૩૧ નવા પ્રાર્થના જૂથો શરૂ કરવા. ● ૩૩ પૂર્ણ સમયના સેવાકાર્ય માટે સમર્પિત થયા. ● ૫૫ ને મિશનરી મેડીકલ ફંડ માટે સંકલ્પ પત્રો પ્રાપ્ત થયા. ● રૂા. ૧૪,૭૬૨/- નું દાન પ્રાપ્ત થયું.

## બાળકોની મીટીંગ દ્વારા આશીર્વાદ

● ૩૦ બાળકો મિશનરીઓ માટે પ્રાર્થના કરવા પ્રતિબદ્ધ થયા. ● ૪૮ બાળકો ભાવિ મિશનરી સેવા માટે સમર્પિત થયા. ● ૭૧ બાળકોને હૂંડી (નાના દાનાર્પણના બોક્સ) પ્રાપ્ત થયા. ● ૪૮ બાળકોએ ઉપવાસ સહિત પ્રાર્થના કરી. ● રૂા. ૧૦,૦૫૬/- નું દાન પ્રાપ્ત થયું.

અમે કેમ્પ કોઓર્ડિનેટર શ્રી પી. દેવરાજ, સહ-સંયોજક શ્રી જે. અબ્રાહમ, ખજાનચી શ્રી એમ. પ્રિન્સ મુથુરાજ, સહ-ખજાનચી શ્રી આર. સેલ્વરાજ મનુનેથી, જનરલ સહાયક શ્રી એસ. ધનાસિંઘ અને ટીમના સભ્યો શ્રીડબલ્યુ. રવિચંદ્રન અને શ્રી ડી. એલનના પ્રયત્નોને આભારી છીએ.



અમે ઈરોડના શ્રી જે. એલેક્સ અને શ્રી ડી. દીનાકરનનો ભોજનની વ્યવસ્થાઓ કરવા માટે અને સાલેમના શ્રી એ. બાલાસિંગ, શ્રી પી. રત્નરાજ અને શ્રી એ. જ્ઞાનદાસનો વાહન વ્યવસ્થાનું કાર્યદક્ષતાથી સંચાલન કરવા માટે ખાસ આભાર માનીએ છીએ.



આ કોન્ફરન્સને એક મોટો આશીર્વાદ બનાવવા માટે પ્રાર્થના અને સમર્પણ સાથે પરિશ્રમ કરનારા તમામ પૂર્ણ સમયના કર્મચારીઓ, માનદ મોબિલાઈઝેશન સેક્રેટરીઓ, પ્રાર્થના જૂથો, સ્કેન આગેવાનો અને બેથેલ વહીવટ પ્રત્યે અમે અમારી હાર્દિક કૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ.

માત્ર ઈશ્વરપિતાનો મહિમા થાઓ.

**રેવ. એસ. ડેનિયલ થોમસ**
- તમિલનાડુ અને પોંડિચેરી વિભાગ
મોબિલાઈઝેશન સેક્રેટરી

# એફએમપીબી મિશન'૨૫ – વાર્ષિક મિશનરી કેમ્પ

## ૮-૧૦ મે ૨૦૨૫ અરાકુ વેલી, વિશાખાપટ્ટનમ, એ.પી.



**મુદ્રાલેખ :** ''આવો, આપણે યહોવાની આગળ ગાઈએ, આપણા તારણના ખડકની આગળ હર્નાદ કરીએ, આભારસ્તુતિ સાથે તેની હજૂરમાં આવીએ, અને ગીતોથી તેની આગળ હર્ષનાદ કરીએ'' (ગીતશાસ્ત્ર ૯૫:૧-૨). વાર્ષિક મિશનરી કેમ્પ વિશાખાપટ્ટનમથી ૧૧૦ કિ.મી., સિનિક અરાકુ વેલી (આંધ્ર પ્રદેશનું ઉટી) ખાતે યોજાયો હતો. ૫૪ યુવાનો, ૪૭ બાળકો અને ૧૪૮ પુખ્ત વયના લોકો સહિત કુલ ૨૪૯ પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો હતો. પુખ્ત વયના, યુવાનો અને માળકો માટે ત્રણ અલગ ભાગમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**રિસોર્સ પર્સન્સ :**

● પુખ્ત વયના અને યુવાનો : રેવ જહોન ડેનિયલ (MUT), શ્રી જયરાજ ગોલા (FMPB EC) એફએમપીબી મિશનરીઓ બ્રધર શૈક સુભાની (જમ્મુ કાશ્મીર). ● બાળકો : શ્રી જોનાથાન, શ્રીમતી મર્સી અને ટીમ (બાળ એવેન્જલિઝમ ફેલોશિપ)

**યુવા કાર્યક્રમના આગેવાનો :** શ્રી જહોન જેકબ, શ્રીમતી રિટ્ટી, શ્રી વાન્યા ફ્રાન્સિસ, શ્રીમતી સુવર્ણા, ડૉ. ક્રિસ્ટોફર અને શ્રીમતી દયાશિલ્પા.

**કેમ્પની વિશિષ્ટતાઓ :**

● ૭ યુવાનો મિશનરીઓ બનવા માટે પ્રતિબદ્ધ થયા. ● ૬૯ સભ્યો ગૃહ પ્રાર્થના જૂથો શરૂ કરશે. ● ૧૨૭ સભ્યો એફએમપીબી માટે નિયમિત પ્રાર્થના કરવા પ્રતિબદ્ધ થયા. ● ૫૦ સભ્યો સ્થાનિક એફએમપીબી પ્રવૃત્તિઓમાં સામેલ થવા પ્રતિબદ્ધ થયા. ● ૨ સભ્યો મિશનરીઓ માટે અને ૧૨ બાળકોના શિક્ષણ માટે પ્રતિબદ્ધ થયા. ● ૧૧ વ્યક્તિઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો, ૯ વ્યક્તિઓ મિશનરીઓ માટે પ્રાર્થના કરવા અને ૯ વ્યક્તિઓ મિશનરીઓને દાન આપવા અને ૧૪ વ્યક્તિઓ મિશનરી તરીકે જવા પ્રતિબદ્ધ થયા. ● ૨૧ વ્યક્તિઓએ રૂા. ૧૦,૯૫૦ નું દાન આપવાનું વચન આપ્યું. ● ૫૯ સભ્યોએ સેવા ક્ષેત્રોની મુલાકાત લેવામાં રસ બતાવ્યો હતો.

સ્થાનિક એફએમપીબી આગેવાનોએ કોન્ફરન્સની વ્યવસ્થામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના આશીર્વાદો, રક્ષણ અને મિશનરી દર્શન તમામ સહભાગીઓને આપવા બદલ સઘળા માન-મહિમા ઈશ્વરપિતાને થાઓ.

**- શ્રીમતી શાંતિ રામચરાજુ, એફએમપીબી, વિશાખાપટ્ટનમ**

# રામગઢ
# ક્ષેત્ર




**જમ્મુ** એ વિવાદિત કાશ્મીર ક્ષેત્રમાં સ્થિત ભારત સંચાલિત જમ્મુ અને કાશ્મીરનું એક શહેર છે. જમ્મુ તેના કુદરતી સૌંદર્ય અને ઐતિહાસિક મહત્વ માટે પ્રખ્યાત છે, જે તેને એક લોકપ્રિય પર્યટન સ્થળ બનાવે છે. તેના પર્વતો, બગીચાઓ અને નદીઓ દ્વારા ચિહ્નિત થયેલ છે — તેના આકર્ષણમાં વધારો કરે છે. "મંદિરોનું શહેર" તરીકે જાણીત છે, જેમાં પ્રખ્યાત વૈષ્ણોદેવી મંદિરનો સમાવેશ થાય છે, જેના દર વર્ષે લાખો યાત્રાળુઓ દર્શન કરે છે. સૌથી વધુ બોલાતી ભાષા ડોગરી છે, જ્યારે કાશ્મીરી, ઉર્દૂ, હિન્દી અને અંગ્રેજી પણ સત્તાવાર રીતે માન્યતાપ્રાપ્ત ભાષા છે. પ્રબળ ધર્મ હિન્દુ છે, જેમાં નોંધપાત્ર મુસ્લિમ વસ્તી પણ રહે છે.



### રામગઢ વિષે

રામગઢ જમ્મુ-કાશ્મીરના સંઘના ક્ષેત્રના સામ્બા જીલ્લાનું એક શહેર છે. અહીંનું સૌથી મોટુ વંશીય જૂથ ડોગરા છે, જે આશરે ૪૭% વસ્તી ધરાવે છે, જેમાં બ્રાહ્મણો, રાજપતો, ઠક્કર, જાટ, ખત્રી, મેગ અને ચર્ચ જેવા પેટા જૂથો છે. રામગઢ એ તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને ઐતિહાસિક મંદિરો, ખાસ કરીને બાબુ ચક મંદિર માટે પણ જાણીતું છે, જેને બમુચક મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે. મહારાજા પ્રતાપસિંહના શાસન દરમિયાન, મહાજન બામુ શાહ દ્વારા બાંધવામાં આવેલું આ દીવાલનું મંદિર છે. આ મંદિરમાં રામાયણ, મહાભારત અને પુરાણોના દ્રશ્યો દર્શાવતા ભીંતચિત્રો અને દીવાલ ચિત્રો છે.

### રામગઢમાં એફએમપીબી સેવાકાર્ય

એફએમપીબીએ ભગત લોકજૂથ પર ધ્યાન કેન્દ્રિત કરીને, ૧લી સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ રામગઢમાં સેવાકાર્યની શરૂઆત કરી હતી. ભગતનો અર્થ "ભક્ત" અથવા "જે સેવા આપે છે તે". ઐતિહાસિક રીતે, ભગત જાતિ જમ્મુ ક્ષેત્રમાં ઉદ્‌ભવી છે અને તે પ્રગતિશીલ પંજાબી બ્રાહ્મણ વારસો ધરાવતી માનવામાં આવે છે. તેમના દેવ પ્રત્યેની તેમની ધર્મનિષ્ઠા અને સેવાને લીધે, તેઓને ઘણીવાર "છોટા પંડિત" તરીકે ઓળખવામાં આવે છે. બ્રાહ્મણો પરંપરાગત રીતે નીચલા જાતિના ન હોવાથી, ભગત પોતાને બ્રાહ્મણ મોભાના ઓળખાવે છે.

ભગત લોકો વિવિધ વ્યવસાયોમાં સામેલ હોય છે, જેવા કે : ૧. કૃષિ ૨. ભાગાયતી ૩. હસ્તકલા

અને હાથશાળ ૪. પશુધન ઉછેર ૫. પ્રવાસ ઉદ્યોગ ૬. સરકારી નોકરીઓ ૭. શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓ

તેઓમાં ૭૦% સાક્ષરતા દર હોવા છતાં, તેઓ મધ્યે સુવાર્તા પ્રચારના પ્રયત્નોને ખૂબ પડકારોનો સામનો કરવો પડે છે.

### સુવાર્તા માટેના પડકારો

૧) સમુદાયનો વિરોધ અને પરિવારનું દબાણ ૨) તેઓના બાળકોના લગ્નોની ચિંતા ૩) આર્થિક અસલામતી અને બેરોજગારી ૪) ઊંડી અંધશ્રદ્ધા, જેવી કે : કાળા જાદુમાં માનવું

### આવો આપણે પ્રાર્થના કરીએ :

૧) સુવાર્તા માટે રામગઢના દરેક ગામનાં દરવાજા ખુલે. ૨) સમુદાયમાંથી અંધશ્રદ્ધાઓ દૂર થાય. ૩) ભગત લોકો ખ્રિસ્તના સાચા ભક્તો બને એ માટે. ૪) સુવાર્તાના વિરોધીઓ ખ્રિસ્તના હિંમતવાન સાક્ષીઓ બને. ૫) સેવાકાર્યોમાં વડીલો, પ્રાર્થનાજૂથો, મહિલાજૂથો અને બાઈબલ અભ્યાસ જૂથોની સક્રિય ભાગીદારી ૬) સેવાકાર્યના તમામ લક્ષ્યો અને વર્ષ ૨૦૨૫ માટે નિર્ધારિત લક્ષ્યોની પરિપૂર્ણતા.

ઈશ્વરપિતા જહોન એઝંગ અને શ્રીમતી લિબેની જામી નો ઉપયોગ રામગઢમાં શક્તિશાળી રીતે કરે અને તેમના બાળકો કાલેબ અને એન્જલને આશીર્વાદ આપે.

***શ્રીમતી મર્સી સેલ્વિન દ્વારા સંકલિત***
*કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ*



# લાલ કાર્નેશન ફુલ

**રાષ્ટ્રીય ડોક્ટરનો દિવસ ૨૦૨૫ –** ડૉક્ટરો આરોગ્ય સંભાળ પ્રણાલીની કરોડરજ્જુ છે, જેમનું જીવન અન્યને બચાવવા માટે સમર્પિત છે. દર **૧ લી જુલાઈએ ઉજવાતો, રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ** તેમના બલિદાન, સમર્પણ, કરુણા અને કુશળતાનું સન્માન કરે છે. તે વ્યક્તિઓ અને સમુદાયોના સ્વાસ્થ્યની સુરક્ષા માટેના તેમના અથાક પ્રયત્નોને ઓળખવાની યાદ અપાવે છે. ડૉક્ટરો ભારે દબાણ હેઠળ લાંબા કલાકો સુધી કામ કરે છે, સ્થિતિસ્થાપકતા અને સહાનુભૂતિ સાથે જીવન અને મૃત્યુની પરિસ્થિતિઓનો સામનો કરે છે. આ પ્રસંગે, **એફએમપીબી** તમામ તબીબી વ્યાવસાયિકો, ખાસ કરીને સેવા ક્ષેત્રોમાં સેવા આપતા, ફક્ત શારીરિક સ્વાસ્થ્યની જ નહીં, પરંતુ વિશ્વાસીઓ અને મિશનરીઓની આત્મિક સુખાકારીની સંભાળ રાખે છે તેના માટે હાર્દિક કૃતજ્ઞતા પ્રગટ કરે છે. હોસ્પિટલો અથવા તબીબી શિબિરોમાં, તેમની કરુણામય સેવા અસંખ્ય જીવનો માટે આશા લાવે છે. **લાલ કાર્નેશનનું ફુલ**, પ્રેમ અને બલિદાનનું પ્રતીક, તેમની ઉમદા સેવાને રજૂ કરે છે. **૨૦૨૫નો મુદ્રાલેખ, "માસ્ક પાછળ : સંભાળ રાખનારાઓની સંભાળ"**, સારવાર કરતા કંઈક વધારે તેમની ભૂમિકાને પ્રકાશિત કરે છે – જેમ કે સંભાળ રાખનારાઓ, સમાજમાં ભાવનાત્મક ટેકો, નિવારક સંભાળ અને આરોગ્ય શિક્ષણ પ્રદાન કરે છે.

**પ્રાર્થના કરો :** ૧) તબીબી વિદ્યાર્થીઓ માટે કુશળતા અને સેવકનું હૃદય બંને મેળવવા માટે. ૨) તમામ ડૉક્ટરોની સર્વગ્રાહી સુખાકારી માટે. ૩) નિદાન અને સારવારમાં દૈવીય માર્ગદર્શન માટે. ૪) ગરીબ અને હાંસિયામાં રહેલા લોકો પ્રત્યે કરુણા માટે. ૫) તેમના પારિવારિક જીવનમાં શાંતિ અને આનંદ માટે. ૬) વધુ ડૉક્ટરોની સેવાકીય કાર્યમાં ભાગીદારી માટે. ૭) ચેપ અને રોગોથી તેમના રક્ષણ માટે. તાણને નિયંત્રિત કરવા માટેની કૃપા માટે. ૯) વધુ તબીબી મિશનરીઓ ઊભા થાય એ માટે. ૧૦) ઈશ્વરપિતા અમારી ઝારખંડ હોસ્પિટલમાં બાળ ચિકિત્સક, એનેસ્થેસિયોલોજીસ્ટ અને ફાર્માસિસ્ટ પ્રદાન કરે એ માટે.

***મર્સી સેલ્વિન (કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ) દ્વારા સંકલિત***

# બસ્તિ દિવસ




રેવ. હિલ્કીયાના પરિવારે સુવાર્તા સાથે ઉત્તર ભારતમાં વણખેડાયેલા લોકો સુધી પહોંચવા માટે પોતાને સમર્પિત કર્યા હતા. ૨૩ મી જુલાઈ ૧૯૭૧ ના રોજ ઉત્તર પ્રદેશના બસ્તી ક્ષેત્રની તેમની મુલાકાત, એફએમપીબીના ઉત્તર ભારતીય સેવાકાર્યની શરૂઆત ચિહ્નિત કરે છે અને તે સંસ્થા દ્વારા બસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. શરૂઆતમાં ઓએમ અને સિલોન ઈન્ડિયા જનરલ મિશન સાથે ભાગીદારી કરીને, તેઓએ ટ્રાક્ટ વિતરણ, ગ્રામ્ય સુવાર્તા પ્રચાર અને જીપ ટીમ સેવાકાર્ય દ્વારા સુવાર્તા પ્રચારની પહેલ કરી હતી. બસ્તિ પણ મિશનરીઓ માટે 'કાર્ય સ્થળે' તાલીમનું કેન્દ્ર બન્યું હતું. ૧૯૮૬ થી ૧૯૯૩ સુધીમાં, રેવ. વિક્ટર પેકિયરાજના પરિવારે ખાસ કરીને બાંગનમાં, વીબીએસ સેવાકાર્યની શરૂઆત કરી અને શ્રીમતી સરિતા અને ડૉ. રામસુરત જેવા ભાવિ મિશનરીઓને માર્ગદર્શન આપ્યું. તેઓએ બાંગરહ ખાતે પ્રભુમંદિર બનાવ્યું અને ભુબથ જોથમાં સેવાકાર્ય વિસ્તાર્યું. રેવ. જહોન સ્ટીફન, શ્રી ઓમપ્રકાશ અને શ્રી પમ્સનચિને બસ્તીથી આગળના કામમાં વધુ વિસ્તરણ કર્યું.

નવેમ્બર ૨૦૨૩ થી, બીજા સ્તરના નેતૃત્વ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પસંદ કરેલા વડીલો અને યુવાનો TAFTEE તાલીમ લઈ રહ્યા છે. યુથ લીડ વર્શિપ, વીબીએસ ટીમોની રચના કરવામાં આવી છે, અને બાઈબલ પ્રશ્નોત્તરી સ્પર્ધાઓ આત્મિક વૃધિને પ્રોત્સાહન આપે છે. રાષ્ટ્રીય મુદ્દાઓ અને વ્યસનો સાથે સંઘર્ષ કરનારાઓ માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવે છે.

વિશ્વાસીઓ સક્રિય રીતે પ્રચાર કરે છે, કુટુંબના સભ્યોને ખ્રિસ્તમાં લાવે છે. નિવૃત્ત સુવાર્તિક શ્રી ભુલૈરામ અને રેવ. પીટર હરિરામના પરિવારે સેવાકાર્યને ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે. મંડળના નવીનીકરણમાં ફાળો આપે છે, મંડળ પરસ્પર સંભાળ રાખે છે. નિયમિત વોટ્સ એપ પ્રાર્થના સહિત સતત પ્રાર્થના એ સેવાકાર્યની પ્રગતિની કરોડરજ્જુ છે.

**પ્રભુની સ્તુતિ કરો :**

- ૨૦૨૩ માર્ચથી ઉત્તર પ્રદેશમાં મિશનરીઓ રાજકીય પરિસ્થિતિ તેમજ યોગ્ય સ્થાનની ઉપલબ્ધતાને કારણે આયોજન અથવા પ્રાર્થના માટે એકત્રિત થઈ શક્યા નથી. પરંતુ થોડા મહિના પહેલા, મિશનરીઓ અને સુવાર્તિકો ઉપવાસ સહિતની પ્રાર્થના કરવા માટે બે દિવસ એકત્ર થયા હતા.
- કુરિયાર મંડળ અને બડેબન ચર્ચ ખાતે રાષ્ટ્રની શાંતિ માટે પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- પડિયાપરની અંગીથા અને ડેઈસડની રેખાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી.

✦ કુરિયાર ગામના અર્જુનના લોહીમાં ખાંડનું સ્તર ૬૫૦ સુધી પહોંચ્યું હતું. પ્રાર્થના અને સમયસર તબીબી સારવારથી તેમના સ્વાસ્થ્યને પુનઃસ્થાપિત કરવામાં મદદ મળી હતી.

**પ્રાર્થનાના મુદ્દાઓ :**

- બસ્તી ક્ષેત્રને આત્મનિર્ભર, નમૂનારૂપ સેવા ક્ષેત્ર તરીકે વિકસાવવા માટે.
- ઉત્તર ભારતમાં સતત આત્મિક વિકાસ, નેતૃત્વ વિકાસ અને સુવાર્તા પ્રચાર અસરકારક બને એ માટે.
- ભેલભારિયાની પ્રમિલાને ટીબીની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.
- સરિતાના પતિ શંભુનાથને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે.
- TAFTEE તાલીમ સારી રીતે આગળ વધે એ માટે.

**- રેવ. મોંગવાઈ ફોમ**

# ECI બિશપ શ્રીમતી કાથિરોલી મણિકમ અને એફએમપીબી પ્રમુખ દ્વારા માલ્ટો આદિવાસી આગેવાનો સાથે મીટીંગ



ECI અને એફએમપીબી ખાસ કરીને ઝારખંડના માલ્ટો લોકજૂથ મધ્યેના સેવાકાર્યમાં ભાગીદારી કરી રહ્યા છે. ૨૦૦૫ માં, એફએમપીબી, માલ્ટો સમુદાયમાં ૪૬૮ મંડળીઓ સોંપ્યા. ત્યારથી, માલ્ટો આદિવાસીઓમાં સેવાકાર્યમાં નોંધપાત્ર વધારો થયો છે અને અમે આ માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. આજે, વધુ મંડળીઓ અને પાંચ શાળાઓ ખોલવામાં આવી છે. બિશપ આરટી જોઈને આનંદ થાય છે. માલ્ટો આગેવાનોમાંના એક, રેવ. પેટ્રોસ માલ્ટોએ રાજમહલ પંથકના બિશપ તરીકેની ભૂમિકા લીધી છે.

ભારતીય મિશનરી મૂવમેન્ટ, ઈસીઆઈની સેવાકીય પાંખે તાજેતરમાં ચેન્નાઈમાં તેની સુવર્ણ શતાબ્દીની ઉજવણી કરી હતી. એફએમપીબીના પ્રમુખ શ્રી જહોન સેમ્યુઅલને ઈસીઆઈ બિશપ દ્વારા સુવર્ણ શતાબ્દી ઉજવણીમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. માલ્ટો આદિવાસીઓએ એફએમપીબી અને માલ્ટોના લોકો માટેના તેના સમર્થનને માન આપતા આ કાર્યક્રમમાં ખૂબ જ ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ આપ્યો હતો.

માલ્ટોના લોકોનું પરિવર્તન અને તેમના જીવનને ઉત્થાન આપવાનું લક્ષ્ય હંમેશાં એફએમપબીના કેન્દ્રમાં રહ્યું છે.

**1 JULY**
મંગળવાર

## Happy Birthday

શ્રી અલિયાકિમ જેના
શ્રી હરમોહન પ્રભુદાસ
શ્રી જુબરાજ બર્ધન, શ્રી હેનરી કે.
શ્રીમતી દીપિકા અલિયાકિમ
શ્રી સંજયકુમાર બીરો
શ્રીમતી પ્રિન્સેસ રોઝિટ્ટા લક્ષ્મણ
શ્રીમતી જ્યોતિ નિરમલા, પુષ્પરાજ
શ્રી મનોજ કુમાર પાનિ, શ્રી દિનેશકુમાર
શ્રી અરુણ ઘાંટા, શ્રીમતી ઉર્વસી દીગ્ગલ
શ્રીમતી જગદીશ્વરી બાલાજી

## જમ્મુ

### નૌશેરા

#### શૈક સુભાની અને એમી બૈક્યા

સ્તુતિ : ભારત પાકિસ્તાન વચ્ચે અઠવાડિયાના સંઘર્ષ દરમિયાન ઈશ્વરપિતાએ આપણા વિશ્વાસીઓનું દૈવીય રક્ષણ કર્યું હતું. બિંકી દેવીના પતિને રાત્રે પેટ્રોલિંગ માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા ત્યારે તેમનો પાકિસ્તાની સ્નાઈપર્સના ગોળીબારમાંથી બચાવ થયો હતો. કાન્યા ગામમાં તીવ્ર સતાવણી થાય છે ત્યાં નવા સંપર્ક પ્રાપ્ત થયા હતા.

પ્રાર્થના : પાછલા મહિનામાં થયેલ લશ્કરી સંઘર્ષને કારણે ગામોમાં સુવાર્તા પ્રગટ કરવું મુશ્કેલ બન્યું છે, પ્રભુ દરવાજા ખોલે એ માટે. પિંકી દેવીની ગાય વાછરડાને જન્મ આપ્યા બાદ મૃત્યુ પામી હતી, તેમના આશ્વાસન માટે. કાલારામ, પ્રદીપ અને ખુશીને યોગ્ય ખ્રિસ્તી જીવનસાથી પ્રાપ્ત થાય એ માટે. પલ્યાના ગામના મુકેશકુમાર દારૂના વ્યસનમાંથી મુક્ત થાય એ માટે. સોનુ દારૂના વ્યસનમાંથી મુક્ત થાય એ માટે જે તેની પત્નીની હેરાનગતિ કરે છે. નૌશેરા ગામમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓ અને ગુરુ પૂજા કાયમી ધોરણે બંધ થાય એ માટે.

### રેઆસી

#### ડેવિડ અય્યનાર અને મનપ્રીત કૌર

સ્તુતિ : સરહદી ગામોમાં અશાંત લશ્કરી સંઘર્ષ દરમિયાન ઈશ્વરપિતાએ આપણા વિશ્વાસીઓ અને સેવા કાર્યકરોનું રક્ષણ કર્યું હતું. પૂની, અર્ના, કેરલ અને તિરંદહના ગામોમાં સુવાર્તા પ્રગટ કરી હતી. મલાદ અને થલાવરા ગામોમાં ગુર્જર સમુદાયના લોકજૂથે શુભ સમાચાર જાણવા માટે ઉત્સુકતા બતાવી હતી.

પ્રાર્થના : આપણા મિશનરીના માતા એસ્થર અને આપણા મિશનરીના પત્ની મનપ્રીતને માઈગ્રેન, થાઈરોઈડ અને કરોડરજ્જુની બિમારીમાંથી સાજાપણા માટે. રેઆસી ક્ષેત્રમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. સચિ દેવીના પરિવારની આર્થિક જરૂરિયાતો માટે જે સુવાર્તા સાંભળવા ખૂબ રસ ધરાવે છે. જેઓએ યુદ્ધના મોરચે ઘર અને પ્રિયજનો ગુમાવ્યા છે તેમના દિલાસા અને સંસાધનો મેળવવા માટે. આ સંબંધિત લોકોને સરકાર દ્વારા નિશ્ચિત વળત મળે એ માટે.

**2 JULY**

બુધવાર

*ઉપવાસસહિત પ્રાર્થનાનો દિવસ*

## Happy Birthday

શ્રીમતી પ્રભા કમલી ગોડવિન

શ્રીમતી વસાવા હંસા થોમસભાઈ

શ્રીમતી ઝરણા પરિચ્ચા બિપીન

### ઉધમપુર

#### અરુણ ઘાંટા અને રેણુ

સ્તુતિ : આ ક્ષેત્રમાં ઘણા લોકોએ સુવાર્તા પ્રચાર સેવાકાર્ય, સત્સંગ અને વ્યક્તિગત પ્રચાર દ્વારા સુવાર્તા સાંભળી છે. ડેનોરી ગામના બાલબિલ કુમારને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી અને હવે તેનો આખો પરિવાર ચર્ચની સંગતમાં ભાગ લઈ રહ્યો છે. રાજપૂત સમુદાયના જોગિંદર સિંહ અને ભગત લોકજૂથનો વિદૂતકુમારનો પરિવાર નવા સંપર્કો છે. સોમરાજ કુમારની છ મહિનાની પુત્રીને ગંભીર બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. ભારત પાકિસ્તાનના સંઘર્ષ દરમિયાન ઈશ્વરપિતાએ વિશ્વાસીઓના પરિવારોનું રક્ષણ કર્યું હતું.

પ્રાર્થના : સેરબાડ ગામના સંજયસિંહ અને ડેનોરી ગામના બંશુ દેવીને કાળા જાદુ અને દુષ્ટ આત્માનાં બંધનમાંથી છુટકારો મળે એ માટે. જે વિદ્યાર્થીઓ વીબીએસ કાર્યક્રમમાં ભાગ લે છે તેઓ તેમના જીવનમાં ઈસુ ખ્રિસ્તના જ્ઞાનમાં વૃદ્ધિ પામે એ માટે. ઉધમપુર પ્રદેશના લોકોને સતાવતી શેતાની શક્તિ ઈસુ ખ્રિસ્તના લોહીની શક્તિથી દૂર થાય એ માટે. સુવાર્તા પ્રચાર માટે ગામડાઓના દરવાજા ખુલે અને લોકો ઈસુ ખ્રિસ્તના તારણસાધક વિશ્વાસમાં આવે એ માટે.

## હિમાચલ પ્રદેશ

### થાનેધર

#### જેબરસન બી. અને ગાયત્રી સી.

દાવન જેમણે નાગરન ચર્ચની આરાધના સંગતો ચલાવવા માટેનો ચાર્જ સંભાળ્યો હતો, તે તેમની જવાબદારી વિષે ખૂબ ઉત્સાહી છે. ૨ વર્ષથી વિશ્વાસમાં નબળા પડેલા આપણા વિશ્વાસી લોકેશ પ્રભુ પાસે પાછા આવ્યા છે. કૃષ્ણ અને રાધા આતુરતાપૂર્વક બાઈબલ વાંચે છે અને આરાધના સંગતોમાં ભાગ લે છે.

પ્રાર્થના : આપણા ખ્રિસ્તી યુવાનોને સમાજમાં અનુકરણીય જીવન જીવવા માટે ઈશ્વરપિતા સહાય કરે એ માટે. કિંગલ અને નાકરાન ગામોના વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં અડગ રહે એ માટે. સ્વતંત્ર ચર્ચોને લીધે થતી અડચણો દૂર થાય એ માટે. ઈશ્વરપિતા આ ક્ષેત્ર માટે સમર્પિત સ્થાનિક સુવાર્તિક આપે એ માટે.

### રેકોંગપેઓ

#### એ. શંકર અને દુર્ગા દેવી

સ્તુતિ : બુહાવ ક્ષેત્રમાં ઈશ્વરપિતાની કૃપાથી નવી આરાધના સંગત શરૂ કરવામાં આવી છે. જ્યારે આપણા મિશનરીનો ૬ વર્ષનો પુત્ર શાળામાંથી પાછા ફરતી વખતે લપસીને ઊંડા ખાડામાં પડ્યો ત્યારે ઈશ્વરપિતાએ તેનો બચાવ કર્યો હતો. ૩ વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે.

પ્રાર્થના : ચર્ચની આરાધના સંગતોમાં નવા આવનારા વિશ્વાસમાં દોરવાય અને ખ્રિસ્તને તેમના તારનાર તરીકે સ્વીકારે એ માટે. આપણા વિશ્વાસી સિંધાને પિત્તાશયના સોજામાંથી સાજાપણું મળે એ માટે. વિશ્વાસમાં નબળા પડેલા પ્રેમ અને પલ બહાદુર પસ્તાવો કરે અને પ્રભુ પાસે પાછા આવે એ માટે. ઈશ્વરપિતા અર્જુન અને તેના માતાને ૪૦ લાખના દેવામાંથી મુક્ત થવાનો માર્ગ પ્રદાન કરે એ માટે.

**3 JULY**
ગુરુવાર

Happy Birthday

શ્રી કરુણાકરન કે.
શ્રીમતી પ્રિન્સેસ નાઓમી વિક્ટર

## રામપુર

### દૌજાપાઓ ગ્વાઈટ અને ફ્લોરેન્સ લામવુંગ

સ્તુતિ : લગભગ ૭૩૧ લોકોને સુવાર્તા આપવામાં આવી હતી. ૪ વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા અને વિશ્વાસીઓના સમૂહમાં જોડાયા હતા. સ્રીષ્ટીએ તેની તરફ આવતા સાપ પર પથ્થરમારો કર્યો ત્યારે તેણીનો બચાવ થયો હતો. ખૂબ જ દૂરસ્થ વિસ્તારમાં રહેતા રૂન્જાદેવીને તેમની બિમારીની સારવાર માટે હોસ્પિટલમાં જવાનું પોષાય તેમ ન હતું, ત્યારે તેણીને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. પાછલા મહિનામાં આપણા સેવાકાર્ય દ્વાર ૬ નવા સંપર્કો પ્રાપ્ત થયા હતાં. બેબી સૂર્યા ડરને કારણે રાત્રે ચીસો પાડતી હતી, પ્રાર્થના દ્વારા તેણીને ડરમાંથી મુક્તિ મળી હતી. દૌજાપાઓ અને તેમના પુત્ર સેમ્યુઅલનો સ્કૂટર અકસ્માત વખતે ઈશ્વરપિતાએ સામાન્ય ઈજાઓ સાથે બચાવ કર્યો હતો.

પ્રાર્થના : જેઓએ નવા તારણનો અનુભવ કર્યો છે તેઓ વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. લકવાથી પીડીત સંજયને સાજાપણું મળે એ માટે. શેરસિંહ અને અજયને ડાયાબિટીસમાંથી અને સાશીને કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. શ્યામ સુંદરને યોગ્ય અને વિશ્વાસી જીવનસાથી મળે એ માટે. વર્ષા, શાંતા, રીટા, લકી, પ્રકાશ મીના ઠાકુર, દિવ્યા, પ્રેમલતા અને તેના પતિ દોબુરામ કોઈપણ અવરોધ વિના તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે. ફેટુદેવી, બ્રિષ્ટીદેવી, તુન્નીદેવી, બલવંત અને તેનો પરિવાર તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે.

## નેરવા

### ઈમેન્યુએલ અને સંગીતા જેસીન્થા

સ્તુતિ : આ ક્ષેત્રમાં ૪૩૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. સેવાકાર્ય માટે એફએમપીબી દ્વારા બાઈક પૂરી પાડવામાં આવી હતી. નેરવા ક્ષેત્રમાં સતાવણી મધ્યે સેવાકાર્યને રક્ષણ અને આશીર્વાદ આપવા માટે ઈશ્વરપિતાનો આભાર.

પ્રાર્થના : નેરવા ક્ષેત્રના વિશ્વાસીઓ સતાવણીનો ડર દૂર કરીને આરાધના સંગતમાં ભાગ લે એ માટે. અટલ ગામનો અનિલ અને ભુટ ગામના મોહનલાલનો પરિવાર અવરોધોને દૂર કરીને તેમના વિશ્વાસની જાહેર કબૂલાત કરે એ માટે. ભરાનુ, ભંગલ અને અતુલ ચર્ચોમાં મંડળોની આત્મિક જાગૃતિ અને પુનઃસ્થાપના માટે. જે ગામોમાં ગામલોકોએ અમને પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો છે ત્યાં ઈશ્વરપિતા સુવાર્તા માટે દરવાજા ખોલે એ માટે. આ પરિસ્થિતિઓમાં આપણા માટે ઈશ્વરીય ડહાપણ અને સમજદારી માટે પ્રાર્થના કરો.

## 4 JULY
શુક્રવાર

### Happy Birthday
શ્રીમતી લાડસી ડાયલ્સ આર્લોની
શ્રી સત્ય પ્રકાશ
શ્રીમતી અમોજીતા બિનિત પ્રસાદ

## પંજાબ

### બુધલાડા

#### પ્રતાપ રહંગ અને રશ્મિ પ્રવા

સ્તુતિ : ઈશ્વરપિતાની કૃપાથી દહલીયા, દાંડોલી, દલ્વડી, મંથિપાડા અને બલોટ બસ્તિ પ્રદેશોમાં સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પીરોક કલાન અને હરિગર બસ્તિ પ્રદેશોમાં જીસસ ફિલ્મ કોઈપણ અવરોધ વિના દર્શાવવામાં આવી હતી. ક્રેલ, હરગાર અને દહલિયા ગામોના લોકો સુવાર્તા સાંભળવા માટે રસ દર્શાવે છે. મનપ્રીત કૌર અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત થઈ હતી. આપણા સ્વૈચ્છિક કાર્યકર સુદાનસ રાની તેના પોતાના માટે જમીન ખરીદવામાં સક્ષમ થયા હતા.

પ્રાર્થના : આપણા સ્વૈચ્છિક કાર્યકર જસલસિંહની માતાને હૃદયની બિમારીમાંથી સાજાપણા માટે. આરાધનાને પિત્તાશયના સોજામાંથી સાજાપણા માટે. આપણા સ્થાનિક સુવાર્તિક રામસિંહની પત્ની કરમજીતને પગના તીવ્ર દુઃખાવામાં સાજાપણા માટે. આપણા મિશનરીના પત્નીને આધાશીશીના દુઃખાવામાંથી સાજાપણું મળે એ માટે.

### અમૃતસર

#### ચિત્તરંજન તેન્ડી અને તેજસ્વિતા

સ્તુતિ : સુવાર્તા નવા ૨ ગામોમાં ૧૫૦ લોકો સાથે વહેંચવામાં આવી હતી. નિમ્મા કૌરને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. ચર્ચના આપણા વડીલ બોહરસિંહે માનસિક બિમારીમાંથી સાજાપણું મેળવ્યું હતું. ઈશ્વરપિતાએ તેમની કૃપાથી ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલ સંઘર્ષ દરમિયાન સરહદી વિસ્તારોમાં રહેતા આપણા વિશ્વાસીઓના રક્ષણ કર્યુ હતું. આપણા વિશ્વાસીની પુત્રી શાળામાં જતા ચેતના ગુમાવી દીધી હતી ત્યારે ઈશ્વરપિતાની કૃપાથી તેને સાજાપણું મળ્યું હતું. અરોમા, નીતુ, નિશુ, પૂજા અને ડેનિશ માટે જેઓ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારવા જઈ રહ્યા છે.

પ્રાર્થના : માનસિક સમસ્યાઓથી પીડાતા આપણા નવા વિશ્વાસી રાજીંદર સિંહના સાજાપણા માટે. નવા સંપર્ક અરોમા અને તેમનો પરિવાર દેવામાં ડૂબેલો છે, ઈશ્વરપિતાની દયા દ્વારા તેઓ તેમાંથી બહાર આવી શકે એ માટે. વિશ્વાસમાં નબળા પડેલા મનોહર, અસીશ, બિંદુ, થોમા અને રાણી વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે. આરાધના સંગત ચલાવવા માટે ખાસા ગામમાં યોગ્ય મકાન મળે એ માટે. આપણા વિશ્વાસીઓ ભોલા સિંહ અને રોશન સિંહને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. ખસા, ભાલ, કલાન, ગાંધીનગર અને ચિન્ના ગામોમાં યોજાયેલ સત્સંગ કાર્યક્રમો ફળો ઉપજાવે એ માટે.

**5 JULY**
શનિવાર

## Happy Birthday

શ્રીમતી પુષ્પાંજલી ધ્રુબરાજ
શ્રીમતી નીલા હંસદા મુર્મુ
શ્રીમતી મેડેન્કી શ્રીનિવાસ રાવ
શ્રીમતી દેવીરાની જયબીર સિંહ
શ્રીમતી સુબિલા વિનુ
શ્રી રવિશંકર, શ્રીમતી કિરનદેવી અખિલેશ
શ્રીમતી દીગુમતી પ્રસંતી અનિલ
શ્રીમતી પ્રમિલા સિંઘ લિમ્મા
કુ. હાન્નાસિંહ

### માલૌટ

### સ્ટીફન આર. અને શિવગામી ટી.

સ્તુતિ : ૨૦૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. ફરીદકોટ ગામમાં ૧૦ યુવાનોએ નેતૃત્વ તાલીમ સંસ્થામાં પ્રાદેશિક મેળાવડામાં ભાગ લીધો હતો. બાળકોની એક શિબિર અને યુવા મીટીંગ અને મહિલાઓ માટે બે તાલીમી કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યં હતું. આપણા કેટલાક વિશ્વાસીઓ રાજસ્થાનમાં મોસમી કામ માટે ગયા હતા તેઓને આર્થિક આશીર્વાદ પ્રાપ્ત થયો હતો અને તેઓએ ચર્ચ માટે માઈક્રોફોન આપ્યા હતા. બેન્ડી ગામમાં રાહુદાસ નામની વ્યક્તિનો નવો સંપર્ક થયો હતો.

પ્રાર્થના : જે લોકો ગામડાઓમાં સુવાર્તા સાંભળે છે તેઓ તેમના પાપમાંથી પાછા ફરે, અને પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે અને તેમને અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. મહિમા પુર્જ, સેકા કલાન, બરુ અને સાપચંદ ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. સંદીપ અને જસપ્રીતને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ૫ સ્થળોએ આયોજીત વીબીએસમાં ભાગ લેનાર બાળકોના જીવનોમાં ફળ ઉપજાવે એ માટે. કોથાબાઈ ગામમાં મેલીવિદ્યાથી પીડીત ૩૩ વ્યક્તિઓને ઈસુ ખ્રિસ્તના સામર્થ્ય વડે મુક્ત કરવામાં આવે એ માટે. કોથાબાઈ ગામમાં આપણા વિશ્વાસીઓના રક્ષણ માટે. બેન્ડી ગામમાં એક નાનું પ્રાર્થના જૂથ શરૂ થાય એ માટે.

### બરનાલા

### બિધાન હંસદા અને પાન્સુરી મોહલિન

સ્તુતિ :૨ જીસસ ફિલ્મ સ્ક્રિનીંગ, મહિલાઓ અને બાળકોની મીટીંગ અને એક સુવાર્તા પ્રચાર સત્સંગનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦ વર્ષીય યુવક બસ્તિ તામ્રી મંડીને માનસિક બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. મોના રવિને અસ્થિભંગમાંથી આપણી પ્રાર્થનાઓના જવાબમાં સાજાપણું મળ્યું હતું. ધનુલાના બબ્લુ સિંગે તેમના માતાપિતાની ખંતપૂર્વકની પ્રાર્થનાના પરિણામે નોકરી પ્રાપ્ત કરી છે.

પ્રાર્થના : સુનિતા રાનીને કિડનીની પથરીની બિમારીમાંથી સાજાપણા માટે. તીવ્ર ડાયાબિટીઝના કારણે મોનાની સાસુનું નિધન થયું હતું, તેમના દિલાસા માટે. રેણુના પરિવારના ચાર સભ્યો માટે જેઓ પ્રભુ ઈસુ પર તેમના વિશ્વાસની જાહેર કબૂલાત માટે તૈયાર છે. રેણુની પુત્રી રચના ઘણીવાર બિમાર પડે છે, તેના સાજાપણા માટે. તરસીમ, રીટુ, સુમન, બેબી, અભિષેક, કરણ અને સનીને યોગ્ય જીવનસાથી મળે એ માટે. આપણા મિશનરી બિધાનનો ૪ મહિનાનો પુત્ર ઘણીવાર બિમાર પડે છે, તેના શરીરમાં રોગ પ્રતિકાર શક્તિ વિકસે એ માટે.

**6 JULY**
રવિવાર

## Happy Birthday

શ્રીમતી મેબેલ ફ્લોરેન્સ સેમ્યુઅલ
શ્રીમતી ટેકમ સંગીતા સુનિલકુમાર
શ્રીમતી સલોમી હંસદા લુબિન

### માનસા

### દેવ્રતો વિશ્વાસ અને માન્ના સિંહ

સ્તુતિ :નવા ૨ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. વિશ્વાસીઓના સમૂહમાં નવા ૬ પરિવારોને ઉમેરવામાં આવ્યા હતા. ૭૭૦ લોકોએ આ ક્ષેત્રના વિવિધ સેવાકાર્યો દ્વારા સુવાર્તા સાંભળી હતી. નવા ૨ ગામો, ચેનવાલે અને ધિંગરહમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને ૨ પરિવારોએ શુભ સમાચાર સાંભળવા માટે રસ દર્શાવ્યો છે. ૭ વ્યક્તિઓએ જાહેરમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. અશુદ્ધ આત્માના હુમલાથી પીડાતા પાલકી ગામના યુકિલ સિંહ અને તેમના પરિવારને તેમના માટે કરવામાં આવેલ પ્રાર્થનાને પરિણામે મુક્તિ મળી હતી. હવે તેઓ નિયમિતપણે ચર્ચમાં ભાગ લઈ રહ્યા છે. પીઠમાં ગાંઠથી પીડાતા બલજીત કૌરને શસ્ત્રક્રિયા દ્વારા સાજાપણું મળે એ માટે. શિલ્પા કૌરને કામના સ્થળે હૃદયરોગનો હુમલો આવ્યો ત્યારે તેણી તેના પરિવારથી દૂર હતી ત્યારે ઈશ્વરપિતાએ તેનું રક્ષણ કર્યું હતું.

પ્રાર્થના : આ શૈક્ષણિક વર્ષમાં ૧૨૦૦ લોકોને સુવાર્તા પ્રગટ કરવાના દર્શન માટે. વીબીએસ તાલીમ કાર્યક્રમ માટે જેમાં સેવા આપતા શિક્ષકો માટે આયોજન કરવામાં આવ્યું અને ઉપયોગી સેવા આપી હતી. આ સેવાકાર્ય દ્વારા ઘણા બાળકોને ફાયદો થયો હતો. રિંકુ સિંહ દારૂનું વ્યસન ત્યજી દે અને તે ખ્રિસ્તમાં વૃદ્ધિ પામે એ માટે. પલ્લકી ગામના યુકિલ સિંહને શેતાની બંધનમાંથી મુક્તિ મળે એ માટે. જૂન મહિનામાં ડાંગરની ખેતી સફળ થાય એ માટે. તેમના સ્થળાંતરને કારણે ચર્ચમાં લાંબી ગેરહાજરીના સમયગાળામાં, વિશ્વાસીઓ ઈશ્વરની દ્રષ્ટિમાં પોતાને શુદ્ધ અને પવિત્ર રાખે એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિક સત્પાલ મસીહનો પુત્ર પંજાબ પોલીસ ભરતી પરીક્ષામાં સારો દેખાવ કરે એ માટે.

### ઉત્તરાખંડ

### કિછા

### બિબાભા પાનિ અને બિથિકા

સ્તુતિ : નજીકના ગુરુદ્વારાના વિરોધના ડર વચ્ચે આપણા વિશ્વાસીઓ વૃદ્ધિ પામી રહ્યા છે. દીપકની પુત્રીને ઉચ્ચ ડાયાબિટિશની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. જેસિંદર ટીબીની બિમારીમાંથી સ્વસ્થ થઈ રહ્યા છે. અમનના પરિવારે સમાજના ડર વચ્ચે પ્રાર્થના સંગત માટે તેમનું ઘર ખુલ્લું મૂક્યું હતું. મિશનરીના પુત્ર જેમ્સ ટાઈટસને તેની ઈન્ટર્નશીપ પછી એક નાની કંપનીમાં નોકરી મળી છે.

પ્રાર્થના : ડોરેડમમાં આરાધના સંગત માટે યોગ્ય સ્થાન માટે, કારણ કે વિશ્વાસીઓ તેમના સમુદાયની સતાવણીથી ડરીને તેમના ઘરના દરવાજા ખોલતા ડરતા હોય છે. કરબલ સિંહ અને તેનો પરિવાર ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. નાડેલી ગામના લોકોને પ્રભુ ઈસુ ખ્રિસ્તની ઓળખ થાય એ માટે. લકવિંદર કૌરને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા આપણા વિશ્વાસીઓને ગરીબી અને અજ્ઞાનતામાંથી બહાર લાવે અને તેમના બાળકોના જીવનના સારા ભવિષ્ય માટે આશીર્વાદ આપે એ માટે.

**7 JULY**
સોમવાર

**Happy Birthday**

શ્રીમતી જેન અમુથા ઈરાઈપિચાઈ
શ્રી ચિત્તરંજન તેન્ડી, શ્રી દીપરત્ન
શ્રીમતી દીપીકા રાનિ પાનિ

### માલધનચોર

#### શીશુ પાલ અને અનિતા

સ્તુતિ : ૩ ગામોમાં સુવાર્તા પ્રચાર સેવાકાર્ય દ્વારા કેટલાક વ્યક્તિઓને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. તેમાંથી કેટલાક લોકોએ વિશ્વાસની જાહેર કબૂલાતમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. સંદીપ અને સુમરને દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. જીવાન અને યોગેશને નોકરી પ્રાપ્ત થઈ હતી. અંચુ અને અંચીલને સંધિવામાંથી સાજાપણું મળ્યું હતું.

પ્રાર્થના : પિરુમાદરા ગામમાં શુક્રવારની સત્સંગની મીટીંગ પુનઃ શરૂ કરવામાં આવી હતી. પ્રતાપપુર અને ધનૌરી ગામોમાં એક નવો સંપર્ક પ્રાપ્ત થયો હતો. દીપુ, સુમિત્રા અને સુમનને અશુદ્ધ આત્માનાં બંધનમાં મુક્તિ મળે એ માટે. અજય, ગાથા, પ્રતાપસિહં, સૂરજ, રાજકુમાર, શારદા અને ઈન્દ્રપાલને તારણ પ્રાપ્ત થાય એ માટે.

## હરિયાણા

### તોશામ

#### અજય બરડે અને શાયતુલ

સ્તુતિ : ઘણા વિશ્વાસીઓએ મહિલાઓની પ્રાર્થના, બાળકોના બાઈબલ વર્ગ, સત્સંગમાં ભાગ લીધો હતો અને આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. દેવાસ નગરના આપણા વિશ્વાસીને સારી નોકરી પ્રાપ્ત થઈ હતી.

પ્રાર્થના : ૧૮ વર્ષીય મુકેશનો પુત્ર રોહીત પસ્તાવો કરે અને માતાપિતાને આધીન અને પ્રભુની બીકમાં જીવન જીવે એ માટે. વિશ્વાસીઓના સાક્ષીરૂપ જીવન દ્વારા ઘણા લોકો પ્રભુ ઈસુ ખ્રિસ્તને ઓળખે એ માટે. સનીની પત્ની સાથે સમાધાન માટે જે છેલ્લા બે મહિનાથી તેમનાથી અલગ રહે છે.

### જીવન નગર

#### અલિયાકિમ જેના અને દીપીકા રેખા

સ્તુતિ : ગુમહર, રાજપૂત, નાઈક, રૈસિકીયાર અને ડેનાકના લોકજૂથો સુવાર્તામાં ખૂબ રસ દર્શાવે છે. હરિયાણા, રાજસ્થાન અને પંજાબ પ્રદેશોના સંબંધીઓએ ઈશ્વરની કૃપાથી વાલ્મિકી સમુદાયના મંગતરામની શોકસભામાં સુવાર્તા સાંભળી હતી.

પ્રાર્થના : ડબવાલી ક્ષેત્રમાં વિશ્વાસીઓ, મહિલાઓ, ચર્ચના વડીલોની તાલીમ અને આત્માઓ જીતવાની શિબિર ફળદાયી બને એ માટે. જેઓ વિશ્વાસની જાહેર કબૂલાત માટે તૈયાર છે તેઓ તેમનો ડર દૂર કરે એ માટે. વિશ્વાસને તેની વારંવારની બિમારીમાંથી સંપૂર્ણ સાજાપણું મળે એ માટે. આપણા મિશનરીની પત્ની એ પુત્રના સાજાપણા માટે.

**8 JULY**
મંગળવાર

## Happy Birthday

શ્રી બ્રાઈટ જેયાકુમાર સી
શ્રી બિદુસ કુમાર નાયક
શ્રીમતી પ્રભાશિની પવનકુમાર

**રાજસ્થાન**

**ટપુકારા**

### ડેનિયલ માર્વેલરાજ અને જેબસીલી

સ્તુતિ : એક ગુપ્ત વિશ્વાસી સુનિતા તેની બેન કવિતા માટે સરકારી નોકરી માટે ખંતપૂર્વક પ્રાર્થના કરી રહી હતી. ઈશ્વરપિતાએ તેની પ્રાર્થના સાંભળીને કવિતાને કોઈપણ લાંચ આપ્યા વિના સરકારી નોકરીનો આશીર્વાદ આપ્યો હતો. આપણી નવી સંપર્ક મંગલની પુત્રી રીટાને હિમેટેમેસિસની બિમારીમાંથી પ્રાર્થનાના જવાબમાં સાજાપણું મળ્યું હતું. આપણા વિશ્વાસી સોનુના એક વર્ષના બાળકની ગરમ પાણીના છલકાવાથી આંગળીઓ પર દાઝી ગયો હતો જેને પ્રાર્થનાના જવાબમાં સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાએ રેખા અને અનિતાને બાળકોનો આશીર્વાદ આપ્યો હતો. અચાનક તોફાન અને ભારે વરસાદને કારણે ઘરો અને ખેતરોનો નુકસાન થયું હતું, છતાં ઈશ્વરપિતાએ આપણા વિશ્વાસીઓને તમામ ભયથી સુરક્ષિત રાખ્યા હતા.

પ્રાર્થના : આપણા વિશ્વાસીઓ હિંમતવાન બને એ માટે, જેઓ તેમના વિશ્વાસ માટેના પ્રવર્તમાન વિરોધને કારણે ભયમાં છે. વિરોધ કરનારાઓ પસ્તાવો કરે અને તારણ પામે એ માટે. આપણી વિશ્વાસી ગુડિયાની ૭ વર્ષની પુત્રીનાં સંપૂર્ણ સાજાપણા માટે જે દર મહિને ગળાના ચેપથી પીડાય છે. હંસરાજને યકૃત અને પિત્તાશયના સોજા અને કિડનીની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

**હનુમાન નગર**

### મુધાવથુ રાજુ અને ભુક્યા ઝાંસી ભાઈ

સ્તુતિ : કંપનીની રાત્રિની પાળીમાં કામ કરતી વખતે વિસ્ફોટ થયો હતો ત્યારે આપણા વિશ્વાસીઓનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો. આપણા વિશ્વાસીના ભાઈના પુત્રએ છેલ્લી ક્ષણે લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો, જેના કારણે તેના પિતા દારૂ પીવા લાગ્યા હતા. રવિવારની આરાધના સંગત દરમિયાન તેને સમજાવ્યા બાદ તે લગ્ન કરવા સંમંત થયો અને અવિશ્વાસીઓ મધ્યે પ્રભુના નામનો મહિમા થયો. આપણ સેવા ક્ષેત્રના ૮ યુવાનોએ એક વર્ષનો બાઈબલનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હતો.

પ્રાર્થના : આપણી નવી સંપર્ક પૂજાને મગજના કેન્સરમાંથી સાજાપણા માટે. કિસન સિંહ તેના કુટુંબની સમસ્યાને કારણે વિશ્વાસમાં નબળો પડ્યો છે તે પ્રભુ તરફ પાછો ફરે એ માટે. મદન સિંહને ડીપ્રેશનમાંથી મુક્તિ મળે એ માટે જે ઘણા વર્ષોના પ્રયાસ છતાં સરકારી નોકરી મેળવવામાં અસમર્થ છે. જ્યોર્જ, અજય અને નિર્મલને તેમની આજીવિકા માટે નોકરી મળે એ માટે. વિવિધ લોકજૂથો — જાટ, રાય શીખ, મજબી શીખ, રામદિસા બાવરી શીખ, અરોરેક, નાયક, સોની લોકજૂથોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે.

**9 JULY**

બુધવાર

*ઉપવાસસહિત પ્રાર્થનાનો દિવસ*

### ગંગાનગર

### બિનોત સોમ્પ્રમેરી અને મિરિલા, બોદાર અમૃતભાઈ અને સુવેરા માર્થાબેન

સ્તુતિ : સંદીપ કુમારને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. મીરાબાઈના ઘૂંટણની શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક કરવામાં આવી હતી. બજીન્દરનો પરિવાર એકબીજા સાથે સમાધાન કરીને અને શાંતિથી જીવે છે. ઈશ્વરપિતાએ ગુડ્ડીબાઈને નવુ ઘર બનાવવામાં મદદ કરી હતી.

પ્રાર્થના : ઈશ્વરપિતા મુક્તપણે સુવાર્તા પ્રચાર કરવા માટે દરવાજા ખુલ્લા આપે એ માટે. લોહીના બગાડથી પીડીત શાંતિબાઈના સાજાપણા માટે. બલજીંદર કૌરને ઈશ્વરપિતાની દયાથી બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. સુરેન્દ્ર અને હનુમાનના પરિવારો નિયમિતપણે આરાધના સંગતમાં ભાગ લે એ માટે. આપણા મિશનરી બિનોતને ઉચ્ચ મધુપ્રમેહ અને મગજના સ્ટ્રોકમાંથી સાજાપણું પ્રાપ્ત થાય એ માટે.

### ઉદયપુર

### આશિષ કુમાર અને સવિતા દેવી

સ્તુતિ :૫ વ્યક્તિઓને ખ્રિસ્ત ઈસુમાં તેમના વિશ્વાસ દ્વારા તારણ પ્રાપ્ત થયું હતું. સુવાર્તા સાથે નવા ૩ ગામમાં પહોંચ્યા હતા. આપણા ચર્ચના વડીલ રણજીતના પુત્ર અને પુત્રીના લગ્ન કોઈ વિરોધ વિના ખ્રિસ્તી વિધી પ્રમાણે કરાવવામાં આવ્યા હતા. આપણા સુવાર્તિક મોહનની પુત્રવધુને બાળકો આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. આપણા વિશ્વાસીઓના ૨૪ બાળકોએ તેમની ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા સારા માર્ક્સે પાસ કરી હતી. બગારામને લકવામાંથી સંપૂર્ણ સાજાપણું મળ્યું હતું.

પ્રાર્થના : જૂનમાં ૫ સ્થળોએ આયોજીત વીબીએસ કાર્યક્રમોમાં ભાગ લેનારા બાળકો ઈસુ ખ્રિસ્તના વિશ્વાસ અને જ્ઞાનમાં વૃદ્ધિ પામે એ માટે. સતાવણીને કારણે તલવીઆવાડા અને પ્રયગિયાપાડા મંડળોના વિશ્વાસમાં નબળા પડેલા લોકો પસ્તાવો કરે અને પ્રભુ તરફ પાછા ફરે એ માટે. લીલા અને સોનીયાએ કસુવવાડ સહન કરી છે તેમને ગર્ભ ધારણ કરવા અને સલામત પ્રસૂતિ માટે. ફાલ્સિયા, ઓગના અને ગોગુંડા તાલુકાઓમાં સેવાકાર્ય માટે દરવાજા ખુલે એ માટે. રાજસ્થાનના ભીલ લોકજૂથમાં દ્રઢ વિશ્વાસ અને આત્મિક જાગૃતિ માટે પ્રાર્થના કરો.

### અજીતગઢ

### જયબીર સિંહ અને દેવી રાની

સ્તુતિ : ઈશ્વરપિતાએ અહીં અમે મુલાકાત લીધેલ વિસ્તારમાં એક નવો સંપર્ક પૂરો પાડ્યો હતો. લલિતાના ૯ વર્ષના પુત્રને તેના ગેરવર્તનને લીધે ઠપકો આપતા બપોરે ગુસ્સામાં ઘરની બહાર નીકળી ગયો હતો. પરિવારે તેના માટે પ્રાર્થના કરી અને શોધખોળ કરતા નજીકના રેલ્વે સ્ટેશનેથી સલામત રીતે મળી આવ્યો હતો. હંસાને પ્રાર્થના દ્વારા છાતીના દુ:ખાવામાંથી સાજાપણું મળ્યું હતું.

પ્રાર્થના : વિશ્વાસી ચેતરામ માટે જેને ઘણું દેવું છે અને તેના દેવાની ચૂકવણી માટે સારી નોકરી શોધી રહ્યો છે. પ્રેમને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. જે બાળકોએ વીબીએસમાં ભાગ લીધો હતો તેઓ તેમના વિશ્વાસમાં આત્મિક રીતે વૃદ્ધિ પામે એ માટે.

**10 JULY**
ગુરુવાર

## Happy Birthday

શ્રીમતી દેવીકા કિરૂબા
શ્રીમતી બિનિતા ટોપ્પો પૌલુસ
શ્રી મલ્લા વિદ્યાસાગર
શ્રી જગમોહન સિંગ

### ઉત્તર પ્રદેશ

#### રાનિયા

#### અનિલ કુમાર અને કવિતા

સ્તુતિ : પરાજોર ચર્ચમાં આયોજીત મહિલા તાલીમ કાર્યક્રમમાં ૪૫ મહિલાઓએ ભાગ લીધો હતો. નારંજનપુર ગામમાં આયોજીત વીબીએસમાં ૩૫ બાળકો ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. સોનુને ઘણી વાર ચક્કર આવતા હતા અને પગ અને હાથમાં ખેંચાણ અનુભવતો હતો, તેને પ્રાર્થના દ્વારા સંપૂર્ણ સાજાપણું મળ્યું છે.

પ્રાર્થના : સંગીતાને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. સુરા અને કટરા ગામોના નવા વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. ઈશ્વરપિતા સ્વતંત્ર સેવા કાર્યકરોના હૃદયમાં કામ કરે જે આપણા વિશ્વાસીઓને ઠોકર ખવડાવે છે, તેઓ પસ્તાવો કરે અને સત્યનો સ્વીકાર કરે એ માટે. આપણા મિશનરીની પુત્રી જેસલીને ત્વચાના ચેપમાંથી સાજાપણું મળે એ માટે.

#### પોખરાયન

#### સાન્થા કુમાર અને જીન્સી

સ્તુતિ : કિરીઆનપુર ગામમાં ઈશ્વરપિતાની કૃપાથી નવા ડે-કેર સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. નટ સમુદાયના ઘણા યુવાનોએ આધ્યાત્મિક મીટીંગમાં ભાગ લીધો હતો અને પ્રભુના વચનો સાંભળ્યા હતા. ૧૧૫ બાળકોએ ઉત્સાહપૂર્વક વીબીએસમાં ભાગ લીધો હતો. ઈંટોના ભઠ્ઠામાં કામ કરતા બિહારી લોકો સુવાર્તા સાંભળવામાં રસ ધરાવે છે. નટ સમુદાયના અંકજ અને શિવમ તેમના ઉચ્ચ અભ્યાસને આગળ વધારવા માટે તમિલનાડુ નાઝરેથ પોલિટેકનિકમાં પ્રવેશ મેળવવા સક્ષમ થયા હતા.

પ્રાર્થના : નવા ડે-કેર સેન્ટરના શિક્ષકો અમન અને કાજિલને ઈશ્વરીય ડહાપણ પ્રાપ્ત થાય એ માટે. રસોઈ કરનાર સરસ્વતી અને ગીતાને ઈશ્વરપિતા આશીર્વાદ આપે એ માટે. ચર્ચના વડીલ રાજકુમારને ઈશ્વરપિતા આશીર્વાદિત કરે એ માટે જે સેવાકાર્યમાં ખૂબ પ્રતિબદ્ધતા સાથે કામ કરે છે. મૂકબધિર ગાયત્રીને ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. પોખરાયન ચર્ચ પરિસરમાં કોમ્યુનિટી ટ્રેનિંગ સેન્ટરનું નિર્માણ પુનઃ શરૂ થાય એ માટે. તમામ દસ્તાવેજો પૂર્ણ થાય અને પોખરાયન ચર્ચની જમીન નોંધણીના દસ્તાવેજો લખનઉ ડાયોસિઝ પાસેથી મેળવવામાં આવે એ માટે.

**11 JULY**
શુક્રવાર

Happy Birthday
શ્રી પાઉલ સંપથ ટી

**ભરથાના**

### રાજન એસ. અને જેબા મલાર એસ.

સ્તુતિ : જ્યારે આપણા સ્થાનિક સુવાર્તિક અને તેમની માતા પર તોફાન દરમિયાન છત પડી હતી ત્યારે ઈશ્વરપિતાએ તેઓનું રક્ષણ કર્યું હતું. વિશ્વાસીઓના પરિવાર માટેની શિબિર આશીર્વાદિત રહી હતી. સિમ્બલને વાઈની અને ૧૫ વર્ષથી થતા દુઃખાવામાંથી બાબુરામને સાજાપણું મળ્યું હતું. યોગેશ અને સર્વેશને દારૂના વ્યસનમાંથી અને સનમ અને હિરાપડીકને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. લગ્ન વિધી દરમિયાન ખાવાના તેલને બદલે ડીઝલ રેડતા લાગેલ આગથી ઈશ્વરપિતાએ સુનિપના ઘરનું રક્ષણ કર્યું હતું.

પ્રાર્થના : કુંધીના સાજાપણા માટે, જેને તેની કિડનીની બિમારી માટે ૨ શસ્ત્રક્રિયાઓ પછી કેન્સરનું નિદાન થયું છે. ખુશ્બુ, પ્રિયા, સંજુ, સંગીતા અને આરજીની સલામત પ્રસૂતિ માટે. આપણા ખ્રિસ્તી યુવાનોને ઈશ્વરપિતાના માર્ગદર્શન દ્વારા સારી ખ્રિસ્તી જીવનસાથી પ્રાપ્ત થાય એ માટે. ગળાની નસોમાં અવરોધ અને યકૃતના કેન્સરથી અવનિશના સાજાપણા માટે. પાછલા ૫ વર્ષોથી અન્નનળીની ગાંઠથી પીડાતા હર્ષબાબુને ઈશ્વરપિતા સ્પર્શ કરે અને સાજાપણું આપે એ માટે.

**આસામ**

**ગોહપુર**

### નાથાન કુમાર અને નિરુપમા ખોસલા

સ્તુતિ : કુતુમ ગામમાં રાત્રિ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. બોર્ટામુલી ખાતે વિશ્વાસીઓની શિબિર આશીર્વાદિત રહી હતી. ૪૦ બાળકોએ બાળકોની મીટીંગમાં ભાગ લીધો હતો અને પ્રભુના વચનો સાંભળ્યા હતા. ચકાલા ચર્ચમાં વડીલોની તાલીમ અને રાજાબોરીમાં મહિલાઓની મીટીંગમાં ૨૪ મહિલાઓ ઉપસ્થિત રહી હતી અને આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. જામુગિરી ચર્ચના બાંધકામ માટે. એક નવા ગામમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી.

પ્રાર્થના : આગામી આયોજીત જીસસ ફિલ્મ, રાત્રિ મીટીંગ, વિશ્વાસીઓની શિબિરમાં ઘણા લોકો પ્રભુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. મહાલક્ષ્મી પહુને ૧૦ બોર્ડની પરીક્ષામાં નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો, તેની નિરાશાને દૂર કરવા અને પ્રાર્થના દ્વારા આત્મવિશ્વાસ સાથે ફરીથી પ્રયાસ કરવા માટે. આપણા મિશનરી પ્રાયોજીત બાળક સરજોથીને તેની બિમારીમાંથી સાજાપણા માટે. અમારા પુત્રને ચેન્નાઈમાં એમપીટી રમતોમાં પ્રવેશ મળે એ માટે.

**12 JULY**
શનિવાર

## Happy Birthday

શ્રી જેસિઆહ હેરિસ
શ્રી કુપ્પુસ્વામી પી.
શ્રી બિદ્યુત કુમાર સિંહ

### ઝારખંડ

#### અમરપાડા

**વ્યાસુ બાબુ અને સૌંદર્યા**

સ્તુતિ : બાબુદોહ ખાતે ચર્ચના બાંધકામ માટે આર્થિક જરૂરિયાતો ઈશ્વરપિતાની કૃપાથી પૂરી પડી રહી છે. ચર્ચના વડીલોના પરિવારના કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કમળામાંથી સ્ટીફન મુર્મુને, ટીબીમાંથી નિર્મલને, અછબડામાંથી સિમોન મુર્મુને અને ટાઈફોઈડની બિમારીમાંથી બિસ્વસ બેસરાને સાજાપણું મળ્યું હતું. ઘણા નવા ગામોમાં જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી અને ઘણા લોકોએ રાત્રિ મીટીંગમાં સુવાર્તા સાંભળી હતી.

પ્રાર્થના : આ ક્ષેત્રમાં બાસ્કો ગામમાં મેલેરિયાના ફેલાવાથી લોકોના રક્ષણ માટે. સંતાલ સમુદાયમાંથી ડાયને નામના આત્માની અંધશ્રદ્ધાની માન્યતા નાબૂદ થાય એ માટે. અશુદ્ધ આત્મા અને માંદગીના ત્રાસથી ચર્ચના વડીલ પાવ્યુલોસ હંસદાની મુક્તિ માટે. વાઈથી રશીલાને, ગર્ભાશયની સમસ્યામાંથી નિર્મલાને, કાલાજારમાંથી જોસેફ મરાન્ડીને, કેન્સરમાંથી મજન હેમ્બ્રોમને અને ટીબીમાંથી બાબુરામ સોરેનના સાજાપણા માટ.

#### અમલગાચી

**ગજેન ચમ્પ્રમેરી અને રોશિલા મોચાહારી**

સ્તુતિ : આપણા ચર્ચના વડીલ સેમ્યુલની પત્ની ૧૨ વર્ષથી નિસંતાન હતી અને હવે તેણી ગર્ભવતી છે. ઈશ્વરપિતાએ અમને સારા વરસાદનો આશીર્વાદ આપ્યો છે. ઘણા ગામોમાં ઉપવાસ સહિતની પ્રાર્થના અને આત્મિક જાગતિની પ્રાર્થનાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાએ પાછલા મહિનામાં આપણા મિશન કાર્યકરો, વિશ્વાસીઓ અને સ્થાનિક સુવાર્તિકોને કોઈપણ અનિચ્છનીય માંદગી અથવા અનિષ્ટથી સુરક્ષિત રાખ્યા હતા.

પ્રાર્થના : વીબીએસ તાલીમ કાર્યક્રમમાં ભાગ લેનારા ૯૮ બાળકો ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે. જીર્લી ગામના કેટલાક લોકો ઈસુ પર વિશ્વાસ કરવા માટે ઉત્સુક છે, પંરતુ તેમના સમુદાયના લોકોના વિરોધનો સામનો કરે છે. ગામડાઓમાં સાક્ષરતા કાર્યક્રમ શરૂ કરવાની અમારી ઈચ્છા માટે જેથી ગામલોકોને પ્રભુના વચનો વાંચવામાં મદદ કરે. લોકો તેમના પાણીની દૈનિક જરૂરિયાતો માટે સંઘર્ષ કરે છે અને તેઓને સરકાર દ્વારા પૂરા પાડવામાં આવેલા સંસાધનો શોધવા દૂર દૂર સુધી જવું પડે છે. આપણા ચર્ચના વડીલ દીલીપ પહારીયાને બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. ગામના વિવિધ ગુરુઓ આપણા સેવાકાર્યનો વિરોધ કરે છે તેઓ પ્રભુ ઈસુના પ્રેમનો અનુભવ કરે એ માટે.

**13 JULY**
રવિવાર

Happy Birthday

શ્રીમતી બેનીલ્ડા દયાસિંગ

### દુમકા છાત્રાલય

### પ્રોદીપ મુસાહારી અને પ્રોપિલા

સ્તુતિ : આપણા છાત્રાલયના ૭ બાળકોએ ધો. ૧૦ ની બોર્ડની પરીક્ષા ડીસ્ટીન્કશન સાથે પાસ કરી છે. બાળકોની આત્મિક વૃદ્ધિ માટે સ્ક્રિપ્ચર વર્ગો ખૂબ સારી પ્રગતિ કરી રહ્યા છે. માકુ હંસદાકને બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. કિશોર વયના બાળકો માટે કાઉન્સેલિંગના સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો.૧૦ ના વિદ્યાર્થીઓના માતાપિતા માટે એક વિશેષ બેઠકનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાર્થના : જેઓએ ૧૦ ધોરણની પરીક્ષા પાસ કરી છે તેઓને સારી ઉચ્ચ માધ્યમિક શાળા અને જુનિયર કોલેજોમાં પ્રવેશ મળે એ માટે. જેઓએ ૧૨મા ધોરણની પરીક્ષા પાસ કરી છે તેઓના સારા શૈક્ષણિક ભવિષ્ય માટે. ઉનાળુ વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓએ મુખપાઠ કરેલા વચનો વિદ્યાર્થીઓના હૃદયોમાં રહે અને તેમના રોજીંદા જીવનમાં તેમને માર્ગદર્શન આપે એ માટે. આપણા વિદ્યાર્થીઓના સારા સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે.

### રામગઢ

### લેટખોલુન બાઈટે અને હાટનેકિમ

સ્તુતિ : ૧૧ વ્યક્તિઓએ વિશ્વાસની જાહેર કબૂલાતમાં ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો અને વિશ્વાસીઓના સમૂહમાં જોડયા હતા. લગભગ ૪૫ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને ૭૦૦૦ થી વધુ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. ૧૨ ગામોમાં સુવાર્તા પ્રચાર સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. પ્રિયંકા મુર્મુને થયેલ અકસ્માતમાંથી તેને હવે સારુ થઈ રહ્યું છે. કાર્મેલા હેમ્બ્રોમને માનસિક સમસ્યામાંથી મુક્તિ મળી હતી. દેવીઅલ મરાંડીનું ઈશ્વરપિતાએ સર્પદંશથી રક્ષણ કર્યું હતું.

પ્રાર્થના : જરારી ગામના આપણા વિશ્વાસી લખી તુડુની સલામત પ્રસૂતિ માટે. સુરેશ, રાહુલ અને રૂબિલાલને વાઈની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. રોનોબોહર ગામના શ્રીરામ હેમ્બ્રોમ પરિવાર માટે, જેઓ ખ્રિસ્ત પરના તેમના વિશ્વાસની જાહેરમાં કબૂલાત માટે તૈયાર છે. મિર્જાટોલાના જીતરાલ તુડુને મેલીવિદ્યાની અસરમાંથી મુક્તિ મળે એ માટે. સુવાર્તા પ્રચાર દરમિયાન વહેંચવામાં આવેલી હજારો સુવાર્તિક પત્રિકાઓ વાંચનારને ઈશ્વરના વચનોની સત્યતાનું જ્ઞાન પ્રાપ્ત થાય એ માટે.

### પ્રથમ ફળ

ઝારખંડના બટ્ટોલા ક્ષેત્રના આપણા સ્થાનિક સુવાર્તિક સેમ્યુઅલ મરાંડીના પુત્ર સુનિલ મરાંડીએ એમ.એસ.સી. બી.એડ. પૂર્ણ કર્યું હતું અને રાજમહલ જુનિયર કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી મેળવી હતી. આભારસ્તુતિ તરીકે તેમણે બટ્ટોલામાં યોજાયેલી વિશ્વાસીઓની શિબિરમાં તેમના પ્રથમ પગારના રૂા. ૭૦,૦૦૦ નું દાન આપ્યું હતું. વધુમાં, સુવાર્તિક સેમ્યુલ મરાંડીની પુત્રી સુનિતા મરાંડી, તાલીમ પૂર્ણ કર્યા પછી આપણી સંસ્થામાં પૂર્ણ સમયના મિશનરી તરીકે જોડાયા છે. તે હાલમાં મધ્યપ્રદેશમાં તેમના પરિવાર સાથે સેવા આપી રહી છે. પ્રભુનો મહિમા થાઓ.

**14 JULY**
સોમવાર

## Happy Birthday

શ્રી બેનહર વાય.
શ્રીમતી જીકી એડવર્ડ

### રાજમહલ કમ્યુનિટી કોલેજ

### જ્હોન્સન રાજદુરાય અને વિનોદીની

સ્તુતિ : બારામ્બી, દામરૂબિટ્ટા, પટ્ટુવડે, ચોટ્ટા જારા, પુસેરા દાપની, ગુડીબેડો, સુંદર પહાડી, ડુલ, પોકારિયા, ચતુરા, અમ્જો, અને બેજિરિયા ગામોમાં ચાલતા સાક્ષરતા કાર્યક્રમોમાં ૨૦૦૦ સ્ત્રી પુરુષો લાભ મેળવી રહ્યા છે. ૧૬ યુવાનોએ તેમની આજીવિકાના સાધન તરીકે ટેલરિંગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. માલ્ટો ભાષામાં મીડિયા અને સાક્ષરતા કાર્ય આયોજીત કર્યું હતું. માલ્ટો યુવાનોની આજીવિકા માટે કૃષિ, પશુપાલન, વૃક્ષ વાવેતર અને બાગાયતીની પહેલ કરવામાં આવી હતી.

પ્રાર્થના : મેરીકુટ્ટી, જેનીબિટ્ટા, બાગા, લીબા અને બેંગડિયા ગામોમાં ફળો સહન કરવા માટે ગ્રામ્ય બાળ સાક્ષરતા પ્રોજેક્ટ માટે સર્વે કરવામાં આવે એ માટે. સમુદાય માટે આત્મિક આશીર્વાદ તરીકે દ્વિ-માસિક માલ્ટો ભાષામાં મેગેઝિન 'Uj-Aweli' જેનો અર્થ 'જીવનનો પ્રકાશ' પ્રકાશિત કરવામાં આવે છે. પુખ્ત સાક્ષરતા કાર્યક્રમના દર્શન માટે, જેમાં ૩૦ વર્ષથી ઓછી વયના તમામ વિશ્વાસીઓને બાઈબલ વાંચવા સક્ષમ બનાવવા માટે. નકામી જમીનને ઉત્પાદક ક્ષેત્રમાં રૂપાંતરિત કરવા માટે 'માય ગાર્ડન' ડેવલપમેન્ટ પ્રોજેક્ટની ઝડપી શરૂઆત માટે. કુદરતી સંસાધન વિકાસમાં આપણા વિશ્વાસીઓ માટે સરકારના સમર્થન માટે. આ પ્રોજેક્ટ માટે પશુચિકિત્સક અને ભંડોળની જરૂરિયાત માટે. સીડીએસમાં નોંધાયેલા ૧૫૦ બાળકો અને આપણા દેવગોઢા છાત્રાલયના ૧૦૦ બાળકો માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં તેમના વિશ્વાસમાં વૃદ્ધિ થાય એ માટે. વાંસમાંથી વસ્તુઓ બનાવવી, નાસ્તા તૈયાર કરવા, લઘુ ઉદ્યોગો વગેરે જેવા આજીવિકા માટે આપવામાં આવતી કૌશલ્ય તાલીમ માટે.

### અપંગતામાંથી સાજાપણુ

મધ્યપ્રદેશના ખરગોન સેવા ક્ષેત્રના નયાનગર ગામના વિશ્વાસી જગદીશને જ્યારે તેમની પુત્રી કિરણ અચાનક બિમાર પડી અને બંને પગમાં લકવાગ્રસ્ત થઈ ગઈ ત્યારે એક મોટી કસોટીનો સામનો કરવો પડ્યો. ઘણી તબીબી સારવાર કરાવી હોવા છતાં, તેમાં કોઈ સુધારો થયો નહિ. સંબંધીઓ અને પડોશીઓએ તેમની પુત્રીને ભૂતવૈદો પાસે લઈ જવા અને ધાર્મિક વિધિઓ કરાવવા દબાણ કર્યું. પરંતુ જગદીશે દ્રઢતાપૂર્વક જાહેર કર્યું, ''મારા ઈશ્વર મારી પુત્રીને સાજી કરી શકે છે, હું ભૂતવૈદો પાસે જઈશ નહિ.'' તેમણે મિશનરી અને સ્થાનિક વિશ્વાસીઓને ઉપવાસ અને પ્રાર્થના માટે તેમના ઘરે આમંત્રણ આપ્યું. તેમની કૃપામાં ઈશ્વરપિતાએ તેમની પ્રાર્થનાનો જવાબ આપ્યો અને કિરણને સંપૂર્ણ સાજાપણું આપ્યું, તેને ફરીથી ચાલવા સક્ષમ કરી.

## 15 JULY
મંગળવાર

### Happy Birthday

શ્રીમતી કેરોલિન રાની વિલિયમ
શ્રી જીતેન્દ્ર દીગલ
શ્રી પાડવી સોમાલિયા મનસુભાઈ
શ્રીમતી સુગુના અરુલ અસિર
શ્રી વાલવી નેતાજી દાદુ, કુ. કાજલ કે. એમ.
શ્રીમતી રાઉત આશા કોંકણી સંપથ

### પથરગામા

**કૃષ્ણ કુમાર અને શાંતિ લાલ**

સ્તુતિ : કાલુમારીયા ગામની અનિતા દેવીને શ્વાસની સમસ્યામાંથી સાજાપણું મળ્યું હતું. ચિલકારા ગામના દશરથ રવિને ચહેરાના લકવામાંથી, મદારગંજના સોમાદેવીને યકૃત અને ફેફસાની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી સોમા દેવીએ ૨૦ નવા કરારનું વિતરણ કર્યું હતું. રિંકી દેવીને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. રાનીને ૧૦ બોર્ડની પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવવાનો આશીર્વાદ પ્રાપ્ત થયો હતો.

પ્રાર્થના : ૧૨ વર્ષીય રીનાને હૃદયની બિમારીમાંથી, રણજીત મહેતોને પગના અસ્થિભંગમાંથી, ચૌરા ગામના બબલુ યાદવને ગળાના કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. જીટની દેવીને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ચિલકારા, તારાટીકનર, જામ્ની, પાંડાહા, ગાસિચક, મદારગંજ અને બાલબફાની મંડળના વિશ્વાસીઓ અન્ય વિશ્વાસીઓ મધ્યે સાક્ષીરૂપ જીવન જીવે એ માટે. કુસુગાટ્ટી ગામની પ્રિયંકાને બિમારીમાંથી ચમત્કારિક સાજાપણું મળે એ માટે. સતાવણી સહન કરતો ઉદય રવિ દાસનો પરિવાર વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે.

### સિંદુરિયા

**બેન્જામિન જ્યોતિ અને પુષ્પિતા રાની**

સ્તુતિ : આ ક્ષેત્રમાં કરવામાં આવેલ સુવાર્તા પ્રચાર દ્વારા ઘણા લોકોએ સુવાર્તા સાંભળી હતી. ૭ ગામોમાં સુવાર્તા પ્રચાર સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. નવા ૨ પરિવારોએ રવિવારની આરાધના સંગતમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે. ખોરડા ભાષા બોલતા સમુદાયમાં ખ્રિસ્તી વિધી પ્રમાણે લગ્ન કરાવવા ઈશ્વરપિતાએ અમને સક્ષમ બનાવ્યા હતા. આપણા વિશ્વાસીઓની સારી આત્મિક અને શારીરિક વૃદ્ધિ થઈ રહી છે. રવિવારની સંગતો કોઈપણ અવરોધ વિના આયોજીત થઈ રહી છે.

પ્રાર્થના : ચુનેહ જમીનનો પ્રશ્ન હલ થાય એ માટે. રવિવારની સંગતમાં ભાગ લેનારા નવા પરિવારો ખ્રિસ્ત ઈસુમાં તારણનો અનુભવ કરે એ માટે. સ્વયંસેવક રતિલાલની સમર્પિતતા માટે જે સિંદુરિયા ક્ષેત્રમાં ખુશીથી આપણા સેવાકાર્યમાં મદદ કરી રહ્યા છે. જેઓ એક વર્ષ કરતા વધુ સમયથી રવિવારની સંગતમાં ભાગ લઈ રહ્યા છે તેઓ જાહેરમાં તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે. સેવાકાર્યમાં અમને મદદ કરતા અને ખોવાયેલા લોકો સુધી પહોંચવા માટે અમારો ભાર વહેંચતા સ્વયંસેવકો માટે.

**16** ***JULY***
બુધવાર
*ઉપવાસસહિત પ્રાર્થનાનો દિવસ*

## Happy Birthday

શ્રીમતી વિનોદીની જહોન્સન
શ્રી બાર્નાબાસ એ.
શ્રીમતી સુનંદા બેલી યેસુ પ્રકાશ
શ્રીમતી કલ્પના ચૌધરી

### રાનેશ્વર

**સેઈખોથાંગ ઝોઉ**

સ્તુતિ : નવા ગામોમાં સુવાર્તા પ્રચાર સેવાકાર્ય દ્વારા સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. થોડાક લોકોએ પ્રભુ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. વીબીએસ સેવાકાર્ય સારી રીતે હાથ ધરવામાં આવ્યું હતું. આપણી છાત્રાલયના બાળકો તેમના ઉનાળાના વેકેશન પછી સુરક્ષિત રીતે પાછા ફર્યા હતા. મનીષા અને શિલમાની મુર્મુએ પ્રથમ વર્ગ સાથે ૧૦ મી બોર્ડની પરીક્ષાઓ પાસ કરી છે.

પ્રાર્થના : જે લોકો પ્રાર્થના દ્વારા સાજાપણું મેળવે છે તેઓ તેમની જૂની જીવન પદ્ધતિમાં પાછા ફરે છે તેમના માટે. સલ્તોના ગામના ભરત સમ્બ્રોમને અશુદ્ધ આત્માના હુમલામાંથી સાજાપણું મળે એ માટે. કૃષ્ણ મુર્મુના સંપૂર્ણ સાજાપણા માટે જેઓ મશીન પર કામ કરતી વખતે મશીનમાં આંગળીઓ આવી જવાથી ત્રણ આંગળીઓ છુટી પડી ગઈ હતી. લખી મુર્મીને કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. સુસિનીલીયા ચર્ચનું નેતૃત્વ કરવા માટે ઈશ્વરની બીક રાખનાર, સાક્ષર, સક્ષમ આગેવાન પ્રાપ્ત થાય એ માટે. વિવિધ ગામના આગેવાનો માસુ મુરમુ, ધીના સોરેન, રાજેશ મુર્મુ, જનતા પુરખા માટે કે જેઓ સુવાર્તાનો વિરોધ કરી રહ્યા છે. આપણા ચર્ચના વડીલો ફક્ત આરાધના સંગતો ચલાવવા માટે જ નહીં, પણ પોતાને સેવાકાર્યમાં પણ સામેલ કરે એ માટે.

### ગંગુપાડા ગર્લ્સ હોસ્ટેલ

**એવલિન પકિયા, સાવિત્રી ડી**

સ્તુતિ : છાત્રાલયમાં ૩૨૭ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. છાત્રાલયમાં માતાપિતાની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓએ તેમની ૧૦ મી બોર્ડની પરીક્ષા લખી હતી તે પ્રથમ વર્ગ સાથે પાસ કરી હતી. ૧૦ મા ધોરણમાં અભ્યાસ કરતી પ્રેમીને ટીબીની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. સન્ડે સ્કૂલના શાળાના શિક્ષકો સાથે ધો. ૯ અને ૧૦ ના સેવાકાર્ય માટે સમર્પિત બાળકોએ પિકનિકનો આનંદ માણ્યો હતો. ઈશ્વરપિતાએ ઉનાળામાં સમયસર વરસાદ આપ્યો હતો. કેરળના નિવૃત્ત હેડમાસ્ટર સત્યાદાસ માટે, જે ૭ માં ધોરણ સુધીના વિદ્યાર્થીઓને ગણિત શીખવવા માટે છાર્યાલયમાં આવ્યા હતા. સલોમીના પિતાએ બિમારીમાંથી સાજાપણું મેળવ્યું હતું.

પ્રાર્થના : છાત્રાલયમાં ચાલતા શયનગૃહના કાર્ય માટે, રંગકામ અને ટાઈલ્સનું કાર્ય પૂર્ણ થાય એ માટે. સિબી અને કમલીના ભાવિ અભ્યાસ માટે જેમણે ધો.૧૨ પૂર્ણ કર્યું છે. જે બાળકોએ છાત્રાલયની આરાધનામાં પ્રભુના વચનો સાંભળ્યા છે તેઓ વિશ્વાસમાં દ્રઢ રહે અને જ્યારે તેઓ તેમના પરિવારો સાથે રહેવા જાય ત્યારે સાક્ષીરૂપ જીવન જીવે એ માટે. ફંગલ ચેપથી પીડીત ઘણી છોકરીઓના સાજાપણા માટે. વરિષ્ઠ છોકરીઓ જીવનના તમામ પાસાઓમાં પવિત્રતાની રક્ષા કરે એ માટે. આપણી છાત્રાલયમાં ૩-ફેઝના નવા પાવર ટ્રાન્સફોર્મર ઈન્સ્ટોલ કરવા માટે. નવા શયનગૃહ, નવા સ્ટાફ ક્વાર્ટર્સ અને શૌચાલયો બનાવવા માટે જરૂરી પરવાનગી માટે.

17 JULY
ગુરુવાર

### પશ્ચિમ બંગાળ

### સામસી

### દીપરત્ન અને મિથિલેશ

સ્તુતિ : ઘણા લોકોએ ૩ પ્રદેશોમાં આયોજીત નાટક સેવાકાર્ય દ્વારા સુવાર્તા સાંભળી હતી. શ્યામ મિસરને પ્રાર્થનાના જવાબમાં કિડનીની બિમારીમાંથી સાજાપણું પ્રાપ્ત થયું હતું. ઘણા લોકોએ ૨ દિવસીય ચર્ચના વડીલોની અને પ્રાર્થના આગેવાનોની તાલીમ લીધી હતી અને આશીર્વાદ મેળવ્યા હતા. આપણા સ્થાનિક સુવાર્તિકની પુત્રી શાંતિ જાનદાને સાજાપણું પ્રાપ્ત થયું હતું.

પ્રાર્થના : મહિલાઓની પ્રાર્થના મીટીંગ, યુવા બાઈબલ અભ્યાસ જૂથો કોઈપણ અવરોધ વિના આયોજીત થાય એ માટે. ૨ ગામોમાં આયોજીત આત્માઓ જીતવાની શિબિર આશીર્વાદિત થાય એ માટે. કાસિમ્બુર, લોપંગ અને ડોલા વિસ્તારોમાં છેલ્લા ત્રણ વર્ષથી આરાધના સંગતો શરૂ કરવા લેવામાં આવેલા પ્રયત્નોને ઈશ્વરપિતા આશીર્વાદિત કરે એ માટે. જીથલપુર અને વેરી ગામમાં આરાધના કરવા માટે યોગ્ય સ્થળ મળે એ માટે. આગામી સુવાર્તા પ્રચાર સેવાકાર્ય અને જીસસ ફિલ્મ ફળો ઉપજાવે એ માટે.

### બેલુરઘાટ

### કિંગ્સ્લી લિવિંગ્સ્ટન અને ડેલ્ફિન, અજીત પાંડિયન

સ્તુતિ : ૨ વ્યક્તિઓને વિશ્વાસમાં સમૂહમાં ઉમેરવામાં આવ્યા છે. ઢાંગી ગામના ત્વચાના ચેપ અને સાંધાના દુઃખાવાથી પીડીત જોહાન મુર્મુને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું પરંતુ તેનો પરિવાર પ્રભુમંદિરમાં ભાગ લઈ લઈ રહ્યો નથી. બોનહાટ, હરિપુર, ડેડેટોલા અને જડા ગામોમાં વીબીએસ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેટલાક ગામલોકો દ્વારા વિરોધ કરવા છતાં, ઘણા બાળકોએ તેમાં ભાગ લીધો હતો અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. જ્યારે નિરંજ હેમ્બ્રોમે આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેનો ચમત્કારિક બચાવ થયો હતો. બાપુ કિસ્કુનો બાઈક અકસ્માતમાં ચમત્કારિક બચાવ થયો હતો.

પ્રાર્થના : સુરજ હેશ્ડા, જામિન કિસ્કુ, સેમોલી મુર્મુ, જુમરી મુર્મુ, અમોલ સોરેન અને ચોરાન કિસુના પરિવારો માટે, જેમણે ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારવાની ઉત્સુકતા બતાવી છે. પસંદ કરેલા ગામોમાં નાટક અને સત્સંગના કાર્યક્રમોના આયોજનમાં ઘણા લોકો તેમના જીવનમાં ઈસુ ખ્રિસ્તના પ્રેમનો અનુભવ કરે એ માટે. આપણા વિશ્વાસી ફુલ્મુની હસદાકને વ્યભિચારના પાપમાંથી, રિંકટા હેમ્બ્રોમ અને સોકોલ હેમ્બ્રોમને દારૂના વ્યસનમાંથી, શુશાંત માર્ડી અને સ્વપ્ના મુરમુને ડ્રગ્સના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. ઘણા બાળકો અને યુવાનો રવિવારની સંગતો અને બાઈબલ અભ્યાસમાં ભાગ લે અને તેમના વિશ્વાસમાં વધારો થાય એ માટે.

## 18 JULY

શુક્રવાર

### Happy Birthday

શ્રી બેનહર એમ.
શ્રી અમીરકાંત દીગલ
શ્રી અરુલરાજ એબેનેઝર ડી.
શ્રી સેમપોલ એ.

**માલદા**

### ઉદિસા બાગ અને સૂર્યકાંતિ

સ્તુતિ : પ્રારંભિક વરસાદ આ ભૂમિના લોકો માટે આશીર્વાદરૂપ હતો. અભીજીત અને પ્રોશંજીતને માંદગીમાંથી સાજાપણું મળ્યું હતું. પંચગ્રામના આપણા વિશ્વાસીની પુત્રવધુને જોડિયા બાળકોનો આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. ૧૨ વ્યક્તિઓએ તેમના વિશ્વાસની જાહેર કબૂલાતમાં ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. બે સ્થાનિક સ્ટાફ દ્વારા માલદા ક્ષેત્રમાં સેવાકાર્યમાં ખૂબ મદદ મળી હતી.

પ્રાર્થના : માલદા ક્ષેત્રમાં વિશ્વાસીઓ અને નવા રૂપાંતરિત થયેલાઓની આત્મિક વૃદ્ધિ માટે. પૂરથી વિશ્વાસીઓના રક્ષણ માટે જે સિતલપુર અને સુધાની વિસ્તારોમાં દર વર્ષે બનતી ઘટના છે. બુથકેલા અને જાટકુંદી વિસ્તારોમાં લોકજૂથોને ખ્રિસ્ત ઈસુમાં તારણસાધક વિશ્વાસમાં દોરી જાય એ માટે.

**પકુઆહટ**

### રામકૃષ્ણ અગ્ગીબાડા અને અંજલિ

સ્તુતિ : ૨૭ ગામોમાં ૧૨૦૦ લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. રાજન સોરેનને તેના લગ્નના એક દિવસ પહેલા દુષ્ટ આત્માના હુમલાનો અનુભવ થયો હતો, ઈશ્વરપિતાએ આપણી ઉત્સાહપૂર્વકની પ્રાર્થનાના જવાબમાં તેને મુક્તિ આપી હતી. ચંકુ તુડુએ ચર્ચના વડીલ પર બકરી ચોરી કરવાનો ખોટો આરોપ મૂક્યો હતો અને ઈશ્વરપિતાએ તેમને ન્યાય અપાવ્યો હતો. સુશીલા બેહરાને તેણીના વિશ્વાસને કારણે તેના ભાઈએ ઘરની બહાર કાઢી મૂકી હતી અને તેણીને ત્રણ દિવસ ઘરની બહાર રહેવું પડ્યું હતું. ઈશ્વરપિતાએ તેના ભાઈના હૃદયને સ્પર્શ કર્યો અને તેણીને ઘરમાં આવવા દીધી હતી. સલ્બોના, લીમદંગા અને સિલ્ટાની ગામના મંડળના લોકો ચર્ચના નિર્માણ માટે જમીન દાન કરવા તૈયાર છે. ૨ સ્થળોએ આયોજીત વીબીએસમાં ૬૦ બાળકોએ ભાગ લીધો હતો.

પ્રાર્થના : ગુજરાતમાં અકસ્માતમાં દુઃખદ રીતે પોતાનો જીવ ગુમાવનાર સુનિલ મુર્મુની પત્ની અને ૪ પુત્રીઓનો બચાવ થયો હતો, તેમના આશ્વાસન અને સારા ભવિષ્ય માટે પ્રાર્થના કરો. ઘણા સ્થળોએ મંડળની આરાધના સંગતમાં વધુ પરિવારો ભાગ લે એ માટે. જે ગામોમાં સુવાર્તા પ્રચાર કરવામાં આવ્યો છે ત્યાં લોકો ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે. કારુ હસદાને તેમની પારિવારીક સમસ્યામાંથી સમાધાન પ્રાપ્ત થાય એ માટે. બાળક રિમિલ મુર્મુ બોલવા માટે સક્ષમ થાય એ માટે ગળાની સર્જરીની જરૂર છે તેના સાજાપણા માટે. રઘુ હસદાનો પરિવાર ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે.

## 19 JULY
શનિવાર

### છત્તીસગઢ

#### ચાંપા

**વિનોદકુમાર સિંહ અને પ્રાવતી**

સ્તુતિ : છત્તીસગઢમાં સુવાર્તા માટે પ્રતિકૂળ રાજકીય પરિસ્થિતિ હોવા છતાં, લગભગ ૫૦૦ લોકોને સુવાર્તા આપવામાં આવી હતી અને તેમાંથી ૬ વ્યક્તિઓએ ખ્રિસ્તમાં તારણનો અનુભવ કર્યો હતો. આપણા વિશ્વાસીઓ કે જેઓ સરપંચની ચૂંટણી લડ્યા હતા તેઓ જીત્યા હતા, હવે અમે સ્થાનિક વિધાયક અને પંચાયતના આગેવાનો સાથે સારા સંબંધો કેળવવામાં સક્ષમ છીએ. છેલ્લા ૧૦ વર્ષથી માનસિક રીતે બિમાર કાંસીરામ સમાજથી અળગો રહેતો હતો તેને દૈવીય સાજાપણું પ્રાપ્ત થયું છે અને હવે તે સમાજ સાથે ભળી રહ્યો છે. અકલતારા ગામમાં નવા લોકો રવિવારની મંડળની આરાધનામાં જોડાઈ રહ્યા છે. ઈશ્વરપિતાએ ઘણા વિશ્વાસીઓને પાકા મકાનો પૂરા પાડ્યા છે અને તેમના બાળકોના જીવનને આશીર્વાદ આપ્યો છે.

પ્રાર્થના : એફએમપીબીનું નેતૃત્વ ચર્ચના નિર્માણ માટે જમીન ખરીદવાની જરૂરિયાતને સમજે એ માટે, કેમ કે ગૃહ સંગતોમાં દુશ્મનાવટનો સામનો કરવો પડે છે. આગ્ની, એશા અને રાનોને માનસિક બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આપણા વિશ્વાસી બદરિકના આશ્વાસન માટે જેમણે બેંગ્લોરમાં બાંધકામ અકસ્માતમાં દુઃખદ રીતે પોતાનો જીવ ગુમાવ્યો હતો. પ્રકાશ લહેરે અને ફીરભાઈને કેન્સરની બિમારીમાંથી અને રાધિકાને ક્ષયરોગમાંથી સાજાપણા માટે. આપણા વિશ્વાસીઓ તેમના સંબંધીઓને સુવાર્તા પ્રગટ કરે એ માટે.

#### બલોદા બાજાર

**રામેશ્વર દયાલ અને મધુ કાલા**

સ્તુતિ : બોહરદીહ અને અચનપુર ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. સરખોર અને ખામહરીયા ગામોમાં વીબીએસનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘુલઘુ, અચનપુર અને ખામહરીયા ગામોમાં જીસસ ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી, જેમાં ભાગ લેનારા ૫૦ બાળકોને આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. બલોદા બાજાર ક્ષેત્ર માટે નવું હારમોનિયમ ભેટરૂપે પ્રાપ્ત થયું હતું. પસંદ કરેલા લોકોને વિશ્વાસીઓના સમૂહમાં લાવવા ૧૦ ગામોમાં ફોલોઅપ સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાએ અમારો મોટરબાઈકના અકસ્માતમાંથી બચાવ કર્યો હતો.

પ્રાર્થના : ૫૦ બાળકો ઈસુ ખ્રિસ્તમાં વૃદ્ધિ પામે એ માટે. સેવકનો પરિવાર ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. બેથલપુર, ગાદેશપુર અને બિશરમપુરના વિશ્વાસીઓ સતાવણીનો સામનો કરે છે તેઓ વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. રોચુ મુલચંદ્ર અને દુજરોમ ખ્રિસ્તી સેવાકાર્યનો વિરોધ કરે છે, તેઓને પ્રભુ ઈસુના પ્રેમનો અનુભવ થાય એ માટે. ખામકરીયા ગામમાં ચર્ચ માટે જમીન પ્રાપ્ત થાય એ માટે. સરખોર ગામમાં ધાર્મિક કટ્ટરપંથી જૂથોનો વિરોધ ઓછો થાય એ માટે. બાળલગ્ન, દહેજ પ્રણાલી અને દારૂના વ્યસન જેવી સામાજીક દુષ્ટતાઓ ઈશ્વરની કૃપાથી બંધ થાય એ માટે. ગૌરી બંજોર, સરિતા અંજાન, ધનબલ ઝાંગડે, દિવ્યા અને મંજુલતાને બાળકની ભેટનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે.

**20 JULY**
રવિવાર

## Happy Birthday

શ્રીમતી રેગીની થોમસ
શ્રી થોટચુઈયો સિમરહ, શ્રી એલેક્સ પ્રભુ
શ્રી રમેશ બાબુ કે.
શ્રી બાબુજી મુર્મુ

## ગુજરાત

### સુરત

#### માધવરોય (નિ.) અને જેબાથાંગમ

સ્તુતિ : જામનગરમાં ઓરડાના નિર્માણમાં લોકોએ ખુશીથી ફાળો આપ્યો હતો. અનિતાબેન અને રૂપેન વચ્ચે ખ્રિસ્તમાં તેમના વિશ્વાસમાં સમાધાન થયું હતું. આ ક્ષેત્રમાં મધર્સ-ડેની સંગતનું આયોજન કરવામાં આવ્યું હતું. લાખેનભાઈના પુત્ર મોનિશ અને ગુલાબબેનના પુત્ર સિલુના લગ્ન મધ્ય પ્રદેશ અને ઓરિસ્સામાં પ્રભુના મહિમા અર્થે થયા હતા અને તેઓની પુત્રવધુઓ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. બાંધકામ કાર્ય દરમિયાન એરિક નીચે પડી ગયો હતો જેને ઈશ્વરપિતાની કૃપાથી સામાન્ય ઈજાઓ દ્વારા બચાવ થયો હતો. કવિતાબેને એલર્જી અને ફોલ્લાની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું.

પ્રાર્થના : શોધકમિત્રોની શિબિર અને વિશ્વાસની જાહેર કબૂલાતના કાર્યક્રમો માટે. વિશ્વાસમાં નબળા પડેલા સુભાષ, રાજેશ, મમતા, ગીતા અને પુષ્પા વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે. વિશ્વાસીઓ સિલેન્દ્ર, સારાએ અચાનક પ્રભુમંદિરમાં હાજરી આપવાનું બંધ કર્યું છે તેઓના જીવન પરિવર્તન માટે. રૂરુણ અને સંજયને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. શોભાને પેટની ગાંઠમાંથી સાજાપણું મળે એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિક પ્રેમ અને ઉર્મિલાબેન માટે. આપણા મિશનરીઓ, માધવરોયને થાઈરોઈડ અને ડાયાબિટીઝથી અને જેબથાંગમને એડીઓની તીવ્ર પીડામાંથી સાજાપણું મળે એ માટે.

### ઝાલોદ

#### કુમાર પાલ અને અમુથા એમ., આલ્બર્ટ સંતોષ રાજ અને એન્જલ

સ્તુતિ : યુવાઓ માટેની મીટીંગ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. વીબીએસમાં ભાગ લેનારા બાળકો વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. આપણા સુવાર્તિકના પુત્રના લગ્નના સમારોહનું સારી રીતે આયોજન થઈ શક્યું હતું. અંભલભાઈના પરિવાર માટે જે ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવ્યા છે. નાનકર્ણના પગના દુઃખાવામાંથી ધીરે ધીરે સારું થઈ રહ્યું છે. અનિલભાઈ શિક્ષકો માટેની આરઈટી પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થયા હતા.

૧૦ મહિનાના બાળક આશિષને બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. અંભલભાઈ તેમના નવા વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. શસ્ત્રક્રિયા પછી ચિત્રાબેનના સાજાપણા માટે. ચિમનભાઈને કોલેજની ફી ભરવા માટે નાણાંકીય જરૂરિયાત પૂરી પડે રહે એ માટે. સુરેખાબેનની સલામત પ્રસૂતિ માટે. લલિતાબેન અને પાયલબેન ગર્ભ પ્રાપ્ત કરવા સક્ષમ થાય એ માટે. પૂજાને લકવામાંથી સાજાપણું મળે એ માટે. લખનપુર ગામમાં ચર્ચના નિર્માણ માટે. નીરુબેનને સિકલ સેલની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

**21 JULY**
સોમવાર

## Happy Birthday

કુ. પોનમલાર જ્ઞાનશાંતિ
શ્રી પૌલરાજ આર

### ક્વાંટ

### અખિલેશ કુમાર અને કિરણદેવી

સ્તુતિ :ઈશ્વરપિતાએ અમને એક દિવસ માટે વડોદરાના વોટર પાર્કમાં શૈક્ષણિક પ્રવાસ માટે આપણા સીડીસીના બાળકોને લઈ જવા સક્ષમ બનાવ્યા હતા અને તેમણે ખૂબ આનંદ માણ્યો હતો. જામનીયા ચર્ચમાં ૨ દિવસીય ચર્ચ વડીલોની તાલીમના કાર્યક્રમમાં ૨૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આપણા સુવાર્તિકે ૨ સ્થળોએ બિન-વિશ્વાસીઓ દ્વારા સતાવણી મધ્યે પણ ૪ ખ્રિસ્તી લગ્નો કરાવ્યા હતા. પૌલુશ્કુવા ગામના ૨૦ દિવસથી તાવથી પીડાતા શંકર માટે જ્યારે અમે પ્રાર્થના કરી ત્યારે તેને સાજાપણું મળ્યું હતું.

પ્રાર્થના : જામનીયા અને મહુદાબરી ગામોમાં આયોજીત વીબીએસ કાર્યક્રમ બાળકોના જીવનમાં ફળો ઉપજાવે એ માટે. જારવીગામના યુવાનો દુષ્ટ આદતો છોડી દે અને આરાધના સંગતમાં હાજરી આપે એ માટે. માથવાડ ગામના બાળકો માટેના સીડીસી પ્રોજેક્ટ માટે જ્યાં શાળાની સુવિધાઓના અભાવ અને બાળ લગ્નના કારણે કોઈ બાળક ૧૨મા ધોરણ સુધી પહોંચ્યું નથી. આ બાળકો માટે છાત્રાલયના નિર્માણ માટે પ્રાર્થના કરો. શેતાની દળોના હુમલામાંથી લાલાભાઈને સાજાપણું મળે એ માટે.

### મહારાષ્ટ્ર

### મશાવાડ

### ભરાનિધરન એસ અને સેલ્વરાની વી.

સ્તુતિ : અંબાપાની ગામમાં વીબીએસનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓની મીટીંગમાં ૩૫ મહિલાઓએ ભાગ લીધો હતો. અને ૨ દિવસ સુધી પ્રભુના વચનો સાંભળ્યા હતા. ૨ ગામોમાં જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. નવા ૧૦ પ્રાર્થના જૂથો શરૂ કરવામાં આવ્યા હતા. નિમલાબાઈના પુત્રનો ઈશ્વરપિતાએ ભયાનક અકસ્માતમાંથી બચાવ કર્યો હતો. જ્યારે ચર્ચના વિશ્વાસીઓ સાથે પ્રાર્થના કરી ત્યારે અસ્થમાથી પીડીત કિરણ દાદાની માતાને સાજાપણું પ્રાપ્ત થયું હતું.

પ્રાર્થના : બિંદુબાઈને ઈશ્વરપિતા સિકલ સેલની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. લાંબા સમયથી થાપાની પીડાથી પીડાતા સવાનબાઈના સાજાપણા માટે. વીણાબાઈના પતિના પસ્તાવા માટે જે તેને ચર્ચમાં જતા અટકાવે છે. કિલાબાઈના સંપૂર્ણ સાજાપણા માટે જે છેલ્લા ત્રણ મહિનાથી કિડનીની બિમારીથી પીડાય છે. ક્ષેત્રમાં સ્થાનિક સુવાર્તિક ઉત્સાહ અને સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કરે એ માટે.




Happy Birthday

શ્રી ધર્મરાજ આર.
શ્રી એબેનેઝર સેમ્યુઅલ એ.

**નેર**

### મૂર્તિ ટી. અને ભારતી આર.

સ્તુતિ : નવા ૪ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. થોડાક લોકોએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા અને થોમસવાડીમાં તેમના વિશ્વાસની જાહેરમાં કબૂલાત કરી હતી. કુસુમ્બા, સતારા અને નમપુર વિસ્તારોમાં કરવામાં આવેલા સુવાર્તા પ્રચાર કાર્ય ફળો ઉપજાવે એ માટે. પિક્ચર બુક ટ્રેનીંગ અને ઓડિયો બાઈબલ પ્રોજેક્ટ ઈશ્વરપિતાની કૃપાથી સારી રીતે ચલાવવામાં આવે છે.

પ્રાર્થના : આપણા વિશ્વાસીઓ સંગતોમાં ભાગ લે અને પ્રભુમાં આત્મિક રીતે વૃદ્ધિ પામે એ માટે. નવા સંપર્કો સુવાર્તામાં રસ બતાવે છે, તેઓ પ્રભુ ઈસુમાં તારણ પ્રાપ્ત કરે એ માટે. આત્માઓ જીતવા માટેના વિવિધ તાલીમી કાર્યક્રમો આશીર્વાદિત થાય એ માટે. જેઓ નોકરી માટે મોસમી સ્થળાંતર કરે છે તે વિશ્વાસીઓ તેમના વિશ્વાસ અને ખ્રિસ્તી સાક્ષીમાં દ્રઢ રહે એ માટે.

**જવાહર**

### વિજયબાબુ અને દેવા કિરુબાઈ

સ્તુતિ :નવા ૩ ગામોમાં ૩૦૦ લોકોએ સુવાર્તા સાંભળી હતી. લોહરમલ અને કોકરપાડા ગામોમાં મહિલા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩ ગામોમાં આયોજીત વીબીએસમાં ૧૨૦ બાળકોએ ભાગ લીધો હતો. આપણા વિશ્વાસીઓ રામાબાઈ અને સેવન્તિબેનનો માર્ગ અકસ્માતમાં બચાવ થયો હતો. રમતા રમતા આકસ્મિક રીતે આગમાં પડેલી ૩ વર્ષીય રિયાનો ઈશ્વરપિતાએ બચાવ કર્યો હતો.વિશ્વાસમાં નબળા પડેલા ૨ પરિવારો પુનઃ પ્રભુમંદિરમાં આવે છે. ગિર્જીબેન ૧૦ દિવસ પછી ચાલવા માટે સક્ષમ બન્યા હતા. લોહરમલ, કોકરપાડા અને મધુવિહિરા પ્રદેશોમાં આભારસ્તુતિની પ્રાર્થના કરવામાં આવી હતી.

પ્રાર્થના : કસ્ટેરી, મુરડોલપાડા, ચેતાપડા, વડુપડા, નવપડા, ભોપદરી, કીરિમિરા, કરચન્ડ અને મધુવિહિરા મંડળોમાં વિશ્વાસમાં પાછા પડેલા લોકો પસ્તાવો કરે અને પુનઃ વિશ્વાસમાં આવે એ માટે. ઈશ્વરપિતા શંકર, દીલીપ, પ્રભુ અને જયેશભાઈના પરિવારોને બાળકની ભેટ સાથે આશીર્વાદ આપે એ માટે, કારણ કે તેઓ ઘણા વર્ષોથી બાળક માટે રાહ જોઈ રહ્યા છે. વિશ્વાસીઓની શિબિર અને આગામી મહિનામાં વિશ્વાસની જાહેર કબૂલાતના આયોજન માટે.

**23 JULY**

બુધવાર

*ઉપવાસસહિત પ્રાર્થનાનો દિવસ*

### ગડચંદુર

### પોલ આલ્બર્ટ અને રાની જેસિલેટ

પટ્ટીગુડા, સિડોમુગુડા, ફુલ્સનકે ગુડા અને કોલમગુડા ગામોમાં પ્રથમ વખત સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ૮ ગામોમાં આયોજીત વીબીએસમાં ૮૦ બાળકોએ ભાગ લીધો હતો. ૭ ગામોમાં ચિત્રપોથીની તાલીમ માટેની મીટીંગ અને ૪ ગામોમાં સાજાપણા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવરામ, કિસર, કૈલાસ, શ્રીરામ સુવાર્તામાં રસ બતાવે છે તેઓ પ્રભુનો સ્વીકાર કરે એ માટે.

પ્રાર્થના : સુવાર્તા સાંભળનાર લોકો ખ્રિસ્ત ઈસુમાં તારણનો અનુભવ કરે એ માટે. દેવરાવ, કિસ્સોર, શ્રીરામ, કૈલાસ અને રાધા પ્રાર્થના સંગતોમાં આવે છે, તેઓ તેમના જીવનમાં ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે. ઈબ્રાહીમ અને માલા હૃદયની બિમારીથી પીડાય છે તેમના સાજાપણા માટે. સોની, પાયલ, પલ્લવી, પ્રીતીને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. દિવ્યાંગ આદર્શને ઈસુ ખ્રિસ્તમાં કૃપા પ્રાપ્ત થાય એ માટે.

### બોરાડી

### ઓમ પ્રકાશ અને સપના

સ્તુતિ :૭ ગામોમાં ૨૩૮ લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. જાંડીઆનજલ, ઉમરડા અને સમારિયા ગામોમાં વિશ્વાસીઓ માટેની રાત્રિ મીટીંગમાં ૩૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. ૪ ગામોમાં આયોજીત રીટ્રીટમાં ૮૩ બાળકોએ ભાગ લીધો હતો. ઉમરડા પ્રભુમંદિરમાં ૩ દિવસીય વીબીએસ કાર્યક્રમમાં ૧૦૦ બાળકોએ ભાગ લીધો હતો. ૪ વ્યક્તિઓએ પ્રભુ ઈસુ પર તેમના વિશ્વાસની જાહેરમાં કબૂલાત કરી હતી અને વિશ્વાસના સમૂહમાં જોડાયા હતા.

પ્રાર્થના : દાપસિયાપાડા ગામના અડી અને ઉમરડા ગામના તુશારને સિકલ સેલ એનિમિયાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. ગુરદુપાની ગામની રિંગુને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. ઉમરડા ગામના પ્રેમને કૂતરાના કરડવામાંથી સાજાપણુ મળે એ માટે. દાપસિયા ગામના કરુબાઈ અને બોરાડી ગામના યશોડાને દ્રષ્ટિની ખામીમાંથી સાજાપણું મળે એ માટે.

### તમારી કોની સાથે તુલના કરી શકાય ?

૩૦ વર્ષીય અનિતા ઉત્તરાખંડના બઝપુર ક્ષેત્રના સુલતાનપુરપટ્ટી ગામના વિશ્વાસી છે, તેમના ઘરમાં મંદિરો બનાવવાનું કામ કરતા હતા. તેણીએ દસ કસુવાવડ સહન કરી હતી, અને ડોક્ટરોએ જાહેર કર્યું હતું કે નબળા ગર્ભાશયને કારણે તે ફરી ક્યારેય ગર્ભ ધારણ નહી કરી શકે. જ્યારે આપણા મિશનરી પરિવાર અનિતા, ભંગિત હૃદય અને નિરાશ હતા ત્યારે તેમને સુવાર્તા સંભળાવી અને તેમના માટે પ્રાર્થના કરી. ઈશ્વરપિતાની કૃપાથી, અનિતા શેતાનની પકડમાંથી મુક્ત થઈ. છેલ્લા બે વર્ષથી, તેણીએ વિશ્વાસપૂર્વક આરાધના સંગતમાં હાજરી આપી છે, અને આજે તેણીને એક સુંદર બાળકીનો આશીર્વાદ મળ્યો છે, જેને તેણીએ પ્રભુની સેવામાં સમર્પિત કર્યો છે. પ્રભુના નામનો મહિમા થાવ.

**24 JULY**
ગુરુવાર

## Happy Birthday

શ્રી આલ્બર્ટ સેમ્યુઅલ
શ્રી સાથેશ ટી.

### ઈગતપુરી

**નાગરાજન એમ. અને થિલાગાવતી આર.**

સ્તુતિ : સુવાર્તા સાથે બે નવા ગામોમાં પહોંચ્યા હતા. થોડાક વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. જલગાંવના વિશાલવાગે તેમની પત્નીને રહસ્યમય રીતે નાસિક રેલ્વે સ્ટેશને ગુમાવી દીધી હતી, તે પ્રાર્થના દ્વારા ૨ અઠવાડિયા પછી પાછી મળી હતી. મુકાનવાડી ગામમાં આત્મા વિજેતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બાઈક અકસ્માતમાં કારોલી ગામના વિષ્ણુનો ચમત્કારિક બચાવ થયો હતો. ઉડલાટી અને વેકરપાડા ગામના આપણા લાંબા સમયના વિશ્વાસીઓ વિશ્વાસપૂર્વક આપણા આરાધના જૂથમાં ભાગ લે છે, અને અમને પ્રોત્સાહન આપે છે.

પ્રાર્થના : ૩ વર્ષ પહેલા થયેલ અકસ્માતને લીધે પગના ગંભીર દુઃખાવામાંથી રોહિતના સાજાપણા માટે. અશુદ્ધ આત્માનાં બંધનમાંથી કોકિલા અને વિજયરાણીની મુક્તિ માટે. વેકરપાડા ગામના મોહિનાર દારૂના વ્યસનમાં તેની અપંગ પત્નીને હેરાન કરે છે. તેમની પત્નીના સાજાપણા અને મુક્તિ માટે. આધ્યાત્મિક મેળો બીજી વખત મુલતવી રાખવામાં આવ્યો છે, પ્રાર્થના કરો કે તે અવરોધ વિના આયોજીત થઈ શકે. ઈશ્વરપિતા વરસાદ વહેલી તકે શરૂ થતાં જ જમીનને પુષ્કળ લણણીનો આશીર્વાદ આપે એ માટે.

### એટાપલ્લી

**બાબુજી મુર્મુ અને વાયોલેટ હંસદા**

સ્તુતિ : એક વ્યક્તિએ ખ્રિસ્તનો અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા અને વિશ્વાસીઓના સમૂહમાં જોડાયો હતો. પીઠના દુખાવાની પીડીત સંકર ગૌડેને સાજાપણું મળ્યું હતું. એટાપલ્લી અને બોલેપલ્લી ગામોમાં આયોજીત ચિલ્ડ્રન કેમ્પમાં ૩૫ બાળકોએ ભાગ લીધો હતો. ઈશ્વરપિતાની કૃપાથી એમ્બ્યુલન્સ આવે તે પહેલાં દોદુર ગામની તનીયા મટ્ટામીને દર્દ ઉપડ્યું હતું અને બાળકને સલામત રીતે જન્મ આપ્યો હતો. ચર્ચમાં નવા આવનારા ધર્મ પુંગાટી, રામજી મહા, રાજુ આલમ, એરપેબાઓ કલમાટીના પરિવારોને વિવિધ બિમારીઓમાંથી સાજાપણું મળ્યું હતું.

પ્રાર્થના : ધર્મ પુંગાટીના પગના ગૂમડામાંથી, લાંબા સમયથી નબળાઈમાંથી એરપીબાઓના સાજાપણા માટે. પંથતાવા ગામના રાકેશ અને કૈલાસ ગેવડેને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. વિશ્વાસીઓ વિશ્વાસમાં વૃદ્ધિ પામે અને સેવાકાર્યને ટેકો આપે એ માટે. ગડથેવાડા ગામના રામજી મહાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

25 JULY
શુક્રવાર

Happy Birthday

શ્રીમતી મારાગાથમની રૂબેન
શ્રી મણિમારન ડી.
શ્રી અનન્થન એમ.

### મોલ્ગી

### રૂબેન તુડુ અને રુકમણિ હેમ્બ્રોમ

સ્તુતિ : કોન્જી પેડેલેડેડા ગામની કવિતાબાઈ ૨ અઠવાડિયા સુધી ચાલવામાં અસમર્થ હતી, આપણા સ્થાનિક સુવાર્તિકે તેના માટે પ્રાર્થના કરાવતા તેણીને દૈવીય સાજાપણું મળ્યું હતું. નર્મદા વિસ્તારના પગમાં દુખાવો અને લકવાથી પીડીત અસિલાબાઈ અને હર્ષ દાદાને સાજાપણું મળ્યું હતું. રવિ દાદાએ ઈશ્વરપિતાની કૃપાથી ઘરનું બાંધકામ પૂર્ણ કર્યું હતું.

પ્રાર્થના : મોગરા ગામની જસ્મિબાઈ અને કોન્જી વડફેલી ગામની મનીબાઈને ગર્ભાશયની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આપણા સ્વયંસેવક દાદાને ટીબીમાંથી સાજાપણું મળે એ માટે. સુવાર્તા સાંભળનારા લોકો તેમના જીવનમાં જીવંત ઈશ્વરના સત્યનો અનુભવ કરે એ માટે.

### ચાલીસગાંવ

### યેસુ પ્રકાશ જે. અને સુનંદા બેલી

સ્તુતિ : પાટોંડા ગામની લતા લગભગ ૧૪ વર્ષથી મેલીવિદ્યા અને દુષ્ટ આત્માથી પીડીત હતી તેણે પ્રાર્થના દ્વારા મુક્તિ મેળવી હતી. ઉષાને અસ્થમાની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. પથરાડ ગામમાં આયોજીત વીબીએસમાં ઘણા બિનવિશ્વાસી બાળકોએ ભાગ લીધો હતો. ભાગવતને દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી.

પ્રાર્થના : પાટોંડા ગામના હીમેટેમેસિસથી પીડાતા અજરના સાજાપણા માટે. વાઈથી મનોજ લોખંડેના, કેન્સરમાંથી કમલાબાઈ અને પીઠની ઈજામાંથી રેખાના સાજાપણા માટે. નીતા કોટરેને દુષ્ટ આત્માના ત્રાસ અને આત્મહત્યાના વિચારોમાંથી મુક્તિ મળે એ માટે. વિશ્વાસીઓના બાળકોનો પ્રભુની બીકમાં ઉછેર થાય એ માટે. આ ક્ષેત્રમાં ચર્ચનું નિર્માણ થાય એ માટે.

### અક્કલકુવા

### જગમોહન સિંહ અને સ્વાતિ શર્મા

સ્તુતિ : ૮ ગામોમાં ફોલો-અપ સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું અને થોડા નવા વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. ૬ ગામોમાં આખી રાત્રિની પ્રાર્થના અને ઉપવાસ સહિતની પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. સુવાર્તા આપવા માટે વિશ્વાસીઓને ચિત્ર પુસ્તિકાની તાલીમ આપવામાં આવી હતી. વિશ્વાસીના લગ્નને ગૌરવપૂર્ણ બનાવવાની તક મળી હતી. સેજલને તેના પેટની ગાંઠમાંથી મુક્તિ મળી હતી.

પ્રાર્થના : ઉષાબેનને પગમાં અનુભવાતી સુન્નતામાંથી સાજાપણું મળે એ માટે. સોનલબેનને પેટના સોજામાંથી સાજાપણું મળે એ માટે. અક્કલકુવા ક્ષેત્રમાં સેવાકાર્ય ઘણા આત્માઓને પ્રભુ ઈસુના તારણસાધક વિશ્વાસમાં દોરી જાય એ માટે. આપણા સ્વયંસેવકો ઉષાબેન અને સુનિલના પરિવાર અને તેમના દ્વારા કરવામાં આવેલા સેવાકાર્ય ફળો ઉપજાવે એ માટે.

**26** ***JULY***

શનિવાર

## Happy Birthday

શ્રી કિંગ્સલી જી.

શ્રીમતી સુહી મલાર વિનુ

## કર્ણાટક

### શિગ્ગાંવ

### નરેન્દ્રકુમાર

સ્તુતિ : નગરપાલિકાના અધ્યક્ષ મહારુદપ્પાને અશુદ્ધ આત્મા સતાવતો હતો ત્યારે તેઓ ચર્ચમાં આવ્યા અને વિશ્વાસીઓએ તેમના માટે પ્રાર્થના કરી ત્યારે તેમાંથી મુક્તિ મળી હતી. યેલ્લમા અને રામ પ્રસાદને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. પાર્વતી પર કરવામાં આવેલી મેલીવિદ્યાને કારણે સૂઈ શકતી ન હતી તેને પ્રાર્થના દ્વારા મુક્તિ મળી હતી. સુવાર્તા પ્રચાર સેવાકાર્ય દ્વારા ઘણા લોકોએ સુવાર્તા સાંભળી હતી. આપણા મિશનરી નરેન્દ્ર કુમારના લગ્ન ૧૭ જૂને થયા હતા અને આશીર્વાદિત થયા હતા.

પ્રાર્થના : ખ્રિસ્તીઓ માટે કબ્રસ્તાનનો અભાવ એ સુવાર્તામાં રસ દર્શાવતા લોકો માટે અવરોધરૂપ બને છે, કબ્રસ્તાન માટે જગ્યા પ્રાપ્ત થાય એ માટે. તહસિલદાર રવિ કોરવર માટે જેમની પાસે કબ્રસ્તાન માટે જમીનનો ટૂકડો આપવાની શક્તિ છે. ટીપન્ના, અક્કામ્મા, સુશીલાક્કા, બાસાન્ના, પ્રિયા, રેણુકા, હેમા, પલ્લવી, કલ્પના, ચન્નાપ્પા, ચન્નામા, અમુખ, વાની અને આઈઝેક ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસની જાહેર કબૂલાત માટે તૈયાર છે. મુહમ્મદ નઝિર માટે જે ચર્ચમાં આવવા અને સુવાર્તા સાંભળવાની રુચિ બતાવે છે, પરંતુ તેમના સમુદાય દ્વારા તેમને અટકાવવામાં આવે છે.

### મલુર

### કિશાંત લિમ્મા અને પ્રેમિલા સિંહ

સ્તુતિ :આપણા પ્રભુમંદિરમાં મિશન સન્ડેનું આયોજન કરવા અને એફએમપીબી સેવાકાર્ય વિષે વ્યક્તવ્ય આપવા અમને સક્ષમ કર્યા હતા જેના દ્વારા ઘણા વિશ્વાસીઓને પ્રેરણા મળી હતી. આપણા વિશ્વાસીઓના બાળકોએ ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા આપી હતી. આપણા ૨ પ્રભુમંદિરોમાં બાળકો માટેના સીબીએસ વર્ગોનું સફળતાપૂર્વક આયોજન થયું હતું. કીર્તના માટે સતત પ્રાર્થના કર્યા બાદ તેના લગ્ન કોઈપણ અડચણ વિના સંપન્ન થયા હતા. ૩ વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા.

પ્રાર્થના : આપણા વિશ્વાસીઓના બાળકોને તેમના ઉચ્ચ અભ્યાસ માટે સારી કોલેજોમાં પ્રવેશ મળે એ માટે. આપણા વિશ્વાસી યુવાનોને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. ભાર્ગવી, ત્રિવેની અને સિંદુજાને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. નયન અને સેમ્યુઅલ અભ્યાસમાં નબળા છે, તેમને દૈવીય ડહાપણ પ્રાપ્ત થાય એ માટે. વિજય અને ગૌતમી તેમના માતાપિતાને આજ્ઞાકારી રહે એ માટે.

**27 JULY**
રવિવાર

## નિદાગુંડી

### માંજ્યા નાઈક અને લાલમની રત્ના

સ્તુતિ :પાર્વતીને આંગળીમાં થયેલ ગેંગરીનમાંથી સાજાપણું મળ્યું હતું. વસંતને વિશ્વાસી જીવનસાથીનો આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. નાનપ્પાએ તેમના પગમાં થયેલ ઘા માટે સફળ સર્જરી કરાવી હતી. આરતીને શારીરિક બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. ૮૦ બાળકોએ વીબીએસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એક વ્યક્તિએ ખ્રિસ્ત ઈસુમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી.

પ્રાર્થના : બસવરાજ જે ચર્ચની આરાધના સંગતમાં નવો આવનાર છે. તેનો હોટેલનો વ્યવસાય સારી રીતે વૃદ્ધિ પામે એ માટે. ગીતા માટે જે પ્રભુના સેવાકાર્ય માટે રસ ધરાવે છે. ઉષાની સલામત પ્રસૂતિ માટે. સાગર તેના પરિવારને ખલેલ પહોંચાડે છે, જે તેમના જીવનમાં ઈશ્વરના પ્રેમનો અનુભવ કરે એ માટે. મીનાક્ષીને ડાબા પગના સોજામાંથી સાજાપણું મળે એ માટે.

## શિરાહટ્ટી

### આશાપ્પા અને દીના કુમારી

સ્તુતિ : ૨ સ્થળોએ આયોજીત વીબીએસમાં ભાગ લેનારા તમામ બાળકોએ આશીર્વાદો પ્રાપ્ત કર્યા હતા. દિવ્યાંગ અન્નપૂર્ણાએ તેના સાથીદારોના ઉપહાસથી અકળાઈને કોલેજમાં જવાનું બંધ કરી દીધુ હતું. તેની સાથે પરામર્શ કર્યા પછી તેણી ફરીથી કોલેજમાં જઈ રહી છે. થોડાક લોકોએ ખ્રિસ્તને તેમના તારનાર તરીકે સ્વીકાર્યા છે. નીલમ્માએ લગ્નના પાંચ વર્ષ પછી ઈશ્વરપિતાની કૃપાથી ગર્ભ ધારણ કર્યા હતા. મંજુલાના લગ્ન કોઈપણ અવરોધ વિના ગૌરવપૂર્ણ રીતે થયા હતા. એલ્મામા તેની પુત્રીના શિક્ષણ વિષે ચિંતિત હતી કેમ કે તે નાણાંકીય સંકટમાંથી પસાર થઈ રહી હતી. ઈશ્વરપિતાની કૃપાથી તેમની પુત્રીએ ૧૦૦ % સ્પોન્સરશીપ પર સારી છાત્રાલયમાં પ્રવેશ મેળવ્યો છે.

પ્રાર્થના : કિડનીની બિમારીથી પીડિત આપણા વિશ્વાસી મોંજુને તેના અસ્તિત્વ માટે યકૃત ટ્રાન્સપ્લાન્ટની પણ જરૂર છે. આ મુશ્કેલ પરિસ્થિતિમાં ઈશ્વરપિતાની કૃપા માટે પ્રાર્થના કરો. માઈગ્રેનથી પીડીત સાવિત્રીને સાજાપણું મળે એ માટે. સુરેશ દારૂ પીવાની દુષ્ટ આદત ત્યજી દે એ માટે. નવા સંપર્ક વેંકટેશે પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરવાનું શરૂ કર્યું છે, તે તેના વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરે એ માટે. લક્ષ્મીને ગર્ભાશયના સોજામાંથી સાજાપણું મળે એ માટે. ચર્ચમાં ભાગ લેવા બદલ સતાવણીનો સામનો કરતી શોભા વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે.

**28** ***JULY***
સોમવાર

## Happy Birthday

શ્રી જેકબ પ્રદીપ કુમાર
શ્રી પોલ આલ્બર્ટ, શ્રી અબ્રાહમ ડી
શ્રીમતી ગોમા ગોવિંદરાજ

### ખાનપુર

### વિનયરાજ એમ અને શાંતા

સ્તુતિ : યશોદાને સી-સેક્શન પ્રસૂતિ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી તેમ છતાં પ્રાર્થના દ્વારા ડોક્ટરોના આશ્ચર્ય વચ્ચે સલામત રીતે સામાન્ય પ્રસૂતિ થઈ હતી. ઈટાગીની લક્ષ્મીના લગ્નનો સમારોહ આશીર્વાદિત રહ્યો હતો અને ઈશ્વરપિતાએ તેમની સઘળી જરૂરિયાતો પૂરી પાડી હતી. ૮૦ બાળકોએ વીબીએસમાં ભાગ લીધો હતો અને આશીર્વાદિત થયા હતા. કુશાલે જન્મ આપેલ બાળકને હૃદયની તકલીફ હોવાનું નિદાન થયું હતું. તેને ચર્ચમાં લાવવામાં આવ્યો હતો અને પ્રાર્થના કરાવવામાં આવી હતી ત્યાર બાદ ચેકઅપ કરતા ડોક્ટરોએ બાળક તંદુરસ્ત હોવાનો રિપોર્ટ આપ્યો હતો. આપણા મિશનરી પરિવાર થાંગલ અને નેમસવાહને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થયો છે. આપણા મિશનરીના નાના ભાઈ લિયામિંજુલુમની સલામતી માટે કેમ કે તેમની નક્સલગ્રસ્ત વિસ્તારમાં નિયુક્તિ થઈ છે.

પ્રાર્થના : રુદ્રપ્પાને ગળાના કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. સાસરીયા અને પતિના દુર્વ્યવહારનો ભોગ બનેલી સૌંદર્યા પ્રાર્થના અને સલાહ માટે ચર્ચમાં આવી હતી. પ્રાર્થના કરો કે ઈશ્વરપિતા તેને મજબૂત કરે અને તેની પરિસ્થિતિ બદલે. બસપ્પાને ડાયાબિટિસમાંથી સાજાપણું મળે એ માટે. નાંગડ જમીન પર ચર્ચનું નિર્માણ કરવા માટે જેને સ્થાનિક પંચાયત તરફથી નો-ઓબ્જેક્શન સર્ટીફીકેટ મળ્યું છે. સુવાર્તા સાંભળવા ઉત્સુક લોકો ખ્રિસ્ત ઈસુ પર વિશ્વાસ કરે એ માટે.

### આન્ધ્રપ્રદેશ

### કલાક્કડા

### રાઉત સુભાષભાઈ અને તુમ્બાડા રાસિલાબેન

સ્તુતિ : ૩ ગામોમાં વીબીએસનું કોઈપણ અવરોધ વિના આયોજન કરવામાં આવ્યું હતું અને ૮૩ બાળકોએ પ્રથમ વખત ઈસુ વિષે સાંભળ્યું હતું. કોથાપલ્લી ખાતે ચર્ચ બાંધકામનું કાર્ય અસરકારક રીતે ચાલી રહ્યું છે. વેંકટલક્ષ્મીને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. સોરિના હાથની અને બાબુની આંખની શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક થઈ હતી. ઈશ્વરપિતાની કૃપા દ્વારા મિશનરીઓ સ્વસ્થ અને સુરક્ષિત રહ્યા છે.

પ્રાર્થના : કોથાપલ્લી ચર્ચના બાંધકામનું કાર્ય ઝડપથી પૂર્ણ થાય એ માટે. કિડનીની પથરીથી ધનરાજ અને લક્ષ્મણના સાજાપણા માટે. શરીરના દુખાવાથી અમજી અને વાઈની બિમારીમાંથી લક્ષ્મણના સાજાપણા માટે. શર્મીલા, પ્રવીણ અને રાજેશને યોગ્ય જીવનસાથી પ્રાપ્ત થાય એ માટે. આપણી આરાધના સંગતમાં નવા આવનારા એલ્લમાને કેન્સરમાંથી સાજાપણું પ્રાપ્ત થાય એ માટે. તેમનો આખો પરિવાર ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે.

29 JULY
મંગળવાર

Happy Birthday
શ્રીમતી સુસીલા મારક શિવકુમાર

## રોહ્રામ

### દેવદત્ત લિમા અને સોનિયા રાની

સ્તુતિ : થિમાપુરમ અને આર મારુવાપ્લલી ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. થડંગિપલ્લી અને ગોવરાજપલ્લી ગામોમાં રાત્રિની બેઠકો દ્વારા પ્રથમ વખત સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ૪ સ્થળોએ આયોજીત વીબીએસમાં ૧૪૭ બાળકોએ ભાગ લીધો હતો. ૨ વ્યક્તિઓએ ખ્રિસ્તનો તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો. સુબારૈડુ પરિવારને ટાઈફોઈડ અને માલામાને ત્વચાની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. ગોવિંદપ્પાએ ચર્ચના નિર્માણ માટે મફતમાં તેમની જમીન આપી છે.

પ્રાર્થના : દીપિકા તેની પ્રસૂતિના સમયગાળામાં છે અને શારીરિક રીતે ખૂબ નબળી છે, ઈશ્વરપિતા તેને શક્તિ અને તંદુરસ્તી આપે એ માટે. હરિકાને થાઈરોઈડમાંથી, બ્લડ પ્રેશરમાંથી મેરી ગ્રેસી અને ડેવિડને પગના અસ્થિભંગમાંથી સાજાપણું મળે એ માટે. વીબીએસમાં ભાગ લેનારા બાળકોના તારણ માટે. ઈશ્વરપિતા આપણા વિશ્વાસીઓના ખેતરોમાં પુષ્કળ લણણી પૂરી પાડે એ માટે. નરસિમપ્પા, સંજીવમ્મા અને લિસાબેથમના પરિવારોમાં શાંતિ થાય એ માટે. ઈશ્વરપિતા આ ક્ષેત્રમાં સેવાકાર્ય માટે સમર્પિત સ્થાનિક સુવાર્તિકો પૂરા પાડે એ માટે.

## સડુમ

### અનિલ મહાલી અને દિગુમારથી પ્રશાંતિ

સ્તુતિ : ઘણા ગામોમાં ફોલો-અપ સેવાકાર્ય કરવા ઈશ્વરપિતાએ અમને સક્ષમ કર્યા હતા. ચર્ચના વડીલ માટેની તાલીમી મીટીંગ અને આખી રાત્રિની ઉપવાસ સહિતની પ્રાર્થના મીટીંગનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જોગિવરીપલ્લી ગામમાં વિશ્વાસીઓ માટે દર્શન અને મિશન તાલીમ અને જાગૃતિનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. ધમાલચેરુવુ ગામમાં આયોજીત સુવાર્તા પ્રચાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વાસીઓ સાથે એક કલાક માટે ફોન કોલ દ્વારા દરરોજ એક કોન્ફરન્સ પ્રાર્થના કરવામાં આવે છે. આપણા વિશ્વાસી પ્રસાદે દસમા ધોરણની પરીક્ષા સારા ગુણ સાથે પાસ કરી છે.

પ્રાર્થના : સ્વરૂપ રાણી અને લક્ષ્મીને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. વિશ્વાસમાં નબળા પડેલાઓ પસ્તાવો કરે અને પ્રભુ તરફ પાછા ફરે એ માટે. એમબીએ સ્નાતક હેમન્ત રાજને સારી નોકરી પ્રાપ્ત થાય એ માટે. નાર્શીમાને ખ્રિસ્ત ઈસુમાં વિશ્વાસની જાહેર કબૂલાત તરફ દોરી જાય એ માટે. ૧૮ લોકો ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારવા માટે ખૂબ ઉત્સુક છે પરંતુ સામાજીક વિરોધને કારણે કબૂલાત કરતા અચકાય છે, તેમનો ડર દૂર થાય એ માટે. શ્રીકાંત દારૂના વ્યસનમાંથી મુક્ત થાય એ માટે. રમનાને ગંભીર ડાયાબિટીસની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. હરિકા અને અશોકને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે.

**30 JULY**
બુધવાર
*ઉપવાસસહિત પ્રાર્થનાનો દિવસ*

## Happy Birthday

શ્રીમતી ચારુબેન ક્રિશ્ચિયન
શ્રીમતી ભારતી મૂર્તિ
શ્રી વિક્ટર પોલરાજ વી.

### કોઠાચેરુવુ

**દેસાઈ દિલીપભાઈ અને રાંધે લક્ષ્મીબેન**

સ્તુતિ : કોડપાગનિપલ્લી, પોથુલગુંટા અને નલ્લાગટપલ્લી સહિત ૫ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી જ્યાં ૩૦૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. સાઈનગરમાં આયોજીત વીબીએસમાં ૧૫ બાળકોએ ભાગ લીધો હતો. ચર્ચના વડીલની તાલીમ અને મંગળવારની રાત્રિની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કન્નુમુક્કલા, ઓબુલદેવરાપલ્લી અને અપોલોલા ગામોમાં ફોલોઅપ સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. પલ્લવીને નીચા લોહીના દબાણ છતાં સલામત પ્રસૂતિ થઈ હતી. રાજુની પેટની શસ્ત્રક્રિયા સફળ રહી હતી.

કેસમ્માની જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવામાં આવી હતી, તે તેને પાછી મળે અને તેણી ખ્રિસ્તમાં તારણનો અનુભવ કરે એ માટે. પગમાં તીવ્ર પીડા હોવા છતાં સખત મહેનત કરતી નાઓમી તેની આજીવિકાને ટકાવી રાખવા પૂરતા પૈસા કમાવવા માટે સક્ષમ નથી, તેણીને સારી આવક પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા વિશ્વાસી લક્ષ્મીનો ઉપયોગ અન્યોને ખ્રિસ્ત તરફ દોરી જવા માટે કરે એ માટે. ઘણા ગામોમાં થતો વિરોધ લોકોને ખ્રિસ્ત ઈસુના વિશ્વાસમાં આવવા અડચણરૂપ ન બને એ માટે.

### તમિલનાડુ

### ડેન્કાનિકોટ્ટાઈ

**જેબરાજ એસ. (નિવૃત્ત) અને એસ્તર થાંગમ**

સ્તુતિ : એન્થેનાપલ્લીમાં તેમના સેવાકાર્ય પછી જ્યારે આપણા મિશનરી પાછા ફરતા હતા ત્યારે હાથીના હુમલાથી ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું. ૩ ગામોમાં ફોલોઅપ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. મરાકટ્ટા ગામમાં ઈશ્વરપિતાની કૃપાથી બાઈબલ અભ્યાસ જૂથો શરૂ કરવામાં આવ્યા હતા. ૨ સ્થળોએ આયોજીત વીબીએસમાં ૮૦ બાળકોએ ભાગ લીધો હતો અને આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો.

પ્રાર્થના : અમારા વિશ્વાસી વેલુ જહોનને વન વિભાગમાં તેમના પિતાની નોકરી મેળવવા સક્ષમ બને એ માટે. સંતોષ અને મૂર્તિને યોગ્ય જીવનસાથી મળે એ માટે. તે ૫ વ્યક્તિઓ માટે કે જેઓ વિશ્વાસની જાહેર કબૂલાત માટે તૈયાર છે તેઓ હિંમતથી જાહેર કરે એ માટે. પ્રકાશને યોગ્ય નોકરી પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા ભાસ્કર નાડિયા, મેરવિન અને અનિતાને બાળકોનો આશીર્વાદ આપે એ માટે.




Happy Birthday

શ્રી ડેનિયલ ડેવિડ આર.

તેણી વિશ્વાસમાં વૃદ્ધિ પામે અને તેના પતિ પણ ખ્રિસ્તને અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે.નિવૃત્ત જવાન સાગરાયને અકસ્માત નડ્યો હતો અને સારવાર હેઠળ છે, તેમને ઈશ્વરપિતાની કૃપાથી સાજાપણું મળે એ માટે. મિશનરીની મોટી પુત્રી મર્સીની સલામત પ્રસૂતિ માટે.

## વેટ્ટાવલમ

### બ્રાઈટ જેયાકુમાર અને બેઉલાહ અન્ના

સ્તુતિ : પેરિયા ઓલૈપદી ગામમાં પ્રભુમંદિરના સમર્પણ પછી પ્રથમ વખત વીબીએસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૫૫ બાળકોએ હાજરી આપી હતી. કાલાય સોરાથુર ગામમાં કોઈ વિશ્વાસી નથી છતાં ૪૦ બાળકોએ વીબીએસમાં ભાગ લીધો હતો. ૨૦૦ સુવાર્તિક પુસ્તિકાઓ પ્રાપ્ત કરનારાઓ જીવતા પ્રભુને શોધે એ માટે. અન્નુકુમાલાઈ, પન્નાઈયુઅર, ચિન્ના ઔલપડી ગામોમાં સુવાર્તા પ્રગટ કરવા અને નવા સંપર્કો પ્રાપ્ત થાય એ માટે.

પ્રાર્થના : મોટરસાઈકલ મિકેનિક થાંગા પાંડિઆન દારૂના વ્યસની છે અને અનુત્પાદક જીવન જીવે છે, તેમને ખ્રિસ્તના પ્રેમનો સ્પર્શ થાય અને તેમના જીવનમાં પરિવર્તન આવે એ માટે. કાલૈય સોરાથુર ગામની મનો ૪ બહેનોના પરિવારમાં ચોથા નંબરની છે અને પરિવાર આર્થિક રીતે સંઘર્ષ કરી રહ્યો છે, તેણી ઉચ્ચ શિક્ષણ મેળવવા સક્ષમ બને અને તબીબી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનું તેનું સ્વપ્ન પૂર્ણ થાય એ માટે. ચરનિયાએ તેણીના બાળકો સાથે વીબીએસમાં ભાગ લીધો હતો,

## ચેંગમ

### જોશુઆ કે એસ.

સ્તુતિ : આપણા સ્થાનિક સુવાર્તિક વિન્સેન્ટ સંપતકુમાર માટે આભારસ્તુતિની શોકસભાનું સરળાતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આપણા વિશ્વાસી સ્વ. અબિદવના સંબંધીઓએ શોકસભામાં પ્રથમ વખત સુવાર્તા સાંભળી હતી. સથનુરના ગામોમાં પૂરા પાડવામાં આવેલા આત્મિક પ્રોત્સાહન દ્વારા વિશ્વાસીઓ કુપનાથમ, કરિઆમંગલમ, પી.એસ. ટંદમાં આત્મિક વૃદ્ધિ થઈ હતી.

પ્રાર્થના : ઈશ્વરપિતા ગોમતી, મનીયા, ગણેશ અને વેંકટેશનને યોગ્ય નોકરી પૂરી પાડે એ માટે. સીનુ, દેવરાયન, દયાંધી અને જયલક્ષ્મીને યોગ્ય જીવનસાથી પ્રાપ્ત થાય એ માટે. ૫ પરિવારોએ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો હતો. ઈશ્વરપિતા સેલ્વમ અને મુરુગનના પરિવારોને તેમની ગરીબીમાંથી બહાર આવવા માટે માર્ગ પ્રદાન કરે એ માટે. અંજલાને સરકાર તરફથી તેમની જમીનના દસ્તાવેજો આપવામાં આવે એ માટે. ઈશ્વરપિતા વેનિલાને અકસ્માતમાં થયેલ ઈજામાંથી સાજાપણું આપે એ માટે.

407

**મિશનરી આલ્બમ**



# પવન કુમાર અને પ્રભાશિની દેવી પરિવાર

પવન કુમારનો જન્મ એપ્રિલ, ૧૯૮૮ ના રોજ શ્રી ગેન્ડા લાલ અને શ્રીમતી શિવપ્યારીના પરિવારમાં, ઉત્તર પ્રદેશના કાનપુર જીલ્લામાં થયો હતો. તે પાંચ ભાઈઓ અને ત્રણ બહેનો સાથે મોટા પરિવારમાંથી આવે છે અને તે સૌથી નાના છે.

બાળપણથી જ પવનનો ઉછેર એફએમપીબી છાત્રાલય, અબ્રાહમ બાલ ભવનમાં થયો હતો. છાત્રાલયમાં દૈનિક સવાર અને સાંજની પ્રાર્થના સાથે મજબૂત આત્મિક વાતાવરણ હતું. ત્યાં તેમને પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમ અને તારણ વિષે સતત શીખવવામાં આવતું હતું. પ્રભુના વચનોના દૈનિક સંપર્કમાં, તે ધીમે ધીમે ખ્રિસ્તને ઓળખતો, તેમનામાં વિશ્વાસ કરતો, અને વિશ્વાસમાં વૃદ્ધિ પામતો હતો. જો કે તેના તારણની ચોક્કસ ક્ષણનો નિર્દેશ કરી શકતો નથી, તેમ છતાં તેના વિશ્વાસની યાત્રા ખૂબ જ નાની ઉંમરે શરૂ થઈ હતી.

એક પ્રાર્થના સભા દરમિયાન એક સાંજે, પ્રભુના સેવક યશાયા ૬:૮ માંથી ઉપદેશ આપતા હતા, “હું કોને મોકલું ? અમારે સારુ કોણ જશે ?” સંદેશામાં ખ્રિસ્ત વિના નાશ પામેલા લોકોની આત્મિક જરૂરિયાત અને તેમના સુધી પહોંચવાની વિશ્વાસીઓની જવાબદારી પર ભાર મૂક્યો હતો. તે સાંજે, પવન કુમારના હૃદયમાં ઊંડી પ્રતીતિ અનુભવાઈ અને પોતાનું જીવન પ્રભુના સેવાકાર્ય માટે સમર્પિત કર્યું.

બીએસસી પૂર્ણ કર્યા પછી, પવન કુમારે ઈશ્વવિદ્યાશાસ્ત્રનો અભ્યાસક્રમ પસંદ કર્યો અને ચેન્નાઈ બાઈબલ કોલેજમાં સીટીએચ પૂર્ણ કર્યું. ૨૦૧૨ માં, તેમણે એનઆઈએમ ઝાંસી ખાતે એક વર્ષનો સેવાકાર્યનો તાલીમ કાર્યક્રમ પણ પૂર્ણ કર્યો, જેણે તેમને સેવાકાર્ય માટે વધુ સજ્જ કર્યા. તેમની તાલીમ પછી, તેમણે ખૂબ સમર્પણ સાથે બિહારમાં પ્રભુનું સેવાકાર્ય કરવાનું શરૂ કર્યું.

પ્રભાશિની દેવી ઉત્તર પ્રદેશના ઉન્નાઉ જીલ્લાના છે અને તે એસેમ્બલી ઓફ ગૉડ (એજી) ચર્ચના સભ્ય છે. તે શ્રી શિવપ્રતાપ અને શ્રીમતી સરલા દેવીની પુત્રી છે અને તેનો જન્મ ૮ જુલાઈ, ૧૯૯૦ ના રોજ થયો હતો. તે આર્ટ્સમાં સ્નાતકની ડિગ્રી ધરાવે છે અને બે નાના ભાઈઓ સાથે તેમના ભાઈ-બહેનમાં સૌથી મોટી છે.

૧૦ મું ધોરણ પૂર્ણ કર્યા પછી, પ્રભાશિની આરોગ્યની ગંભીર સમસ્યાઓ સામે લડ્યા. તેણી દૈનિક દવા પર આધારિત હતી અને કેટલીકવાર એવું પણ લાગ્યું હતું કે પીડા સાથે જીવવા કરતાં મૃત્યુ વધુ સારું છે. આ દુઃખની વચ્ચે, તે પ્રભુ ઈસુ ખ્રિસ્તને જાણતી હતી. સાજાપણા માટે હૃદયપૂર્વકની પ્રાર્થના અને તેમની સેવા કરવાના વચન સાથે, તેણીએ તેમનામાં વિશ્વાસ મૂક્યો. ધીરે ધીરે, ઈસુએ તેણીને સંપૂર્ણ સાજાપણું આપ્યું. તેણીની ઉપચાર યાત્રા, નિષ્ઠાપૂર્વકની પ્રાર્થનાઓ અને આંસુ દ્વારા ચિહ્નિત થયેલ, ઈશ્વરની સેવા કરવાની તેણીની પ્રતિબદ્ધતાને વધારે છે.

ઈશ્વરપિતાની કૃપાથી, ફક્ત તેણીને સાજી કરવામાં આવી ન હતી, પરંતુ તેણીને સેવાકાર્યમાં સ્પષ્ટ તેડું પણ મળ્યું હતું. ૧૫ મે, ૨૦૧૪ ના રોજ, તેણીએ મિશનરી શ્રી પવન કુમાર સાથે લગ્ન કર્યા. તેમના લગ્ન પછી તરત જ, તેણીએ વર્ષ ૨૦૧૪-૨૦૧૫ દરમિયાન એનઆઈએમ ઝાંસીમાં મિશનરી તાલીમ લીધી. સાથે મળીને, તેઓએ હિમાચલ પ્રદેશમાં વિશ્વાસપૂર્વક પ્રભુની સેવા કરવાનું શરૂ કર્યું.

આ દંપતીને એક પુત્રી, એન્જલ ગ્લોરીનો આશીર્વાદ મળ્યો છે, જેનો જન્મ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ થયો હતો. એન્જલ હાલમાં દહેરાદૂનના ગ્રેસ એકેડમીમાં ધોરણ ૫ માં અભ્યાસ કરી રહી છે. એક કુટુંબ તરીકે, તેઓ હિમાચલ પ્રદેશમાં પૂરા હૃદયથી પ્રભુની સેવા કરવાનું ચાલુ રાખે છે.

# Tender Notifications - Calendar 2026

FRIENDS MISSIONARY PRAYER BAND invites sealed tender for printing of two lakhs calendars approximately (Subject to revision) in various languages for the year 2026.

**Calendar Specifications**

| | | |
|---|---|---|
| A. | Size of calendar | 15" X 20" |
| B. | Paper Quality | 130 gsm real foreign art paper |
| C. | Colour | Four Colours with white background |
| D. | No of pages | 7 sheets Front and back |
| E. | Tin Mounting | 5 mm |

Conditions:

1. The printer should have minimum 10 years' experience in calendar colour printing of not less than 2 lakhs per year and possesing CPC MACHINE.
2. Time Frame: Printer should ensure the completion of work within 30 days from the date of awarding of the work order.
3. Packing should be made in 10 numbers of calendar in each bundle.
4. Earnest Money Deposit: Rs.1,00,000/-

**Tender Programme**

Supply of Tender document upto 29.07.2025 upto 5pm
Date of submission upto 04.08.2025, upto 5pm
Date of opening on 05.08.2025, 11am

Tender documents (free of cost) can be obtained in person or by post from the Secretary Communication, FMPB, 29, High School Road, Ambattur, Chennai - 53. After submitting documents proof for having 10 years of experience in calendar (colour) printing.

## Quotation for Diary

We invite quotation for supplying 3000 diaries
(Revision in the number of copies, if any) for the year 2026.

| | |
|---|---|
| Size of the diary | 9 x 7 inches |
| Pages of the diary | 440 pages |

Please send your samples along with quotations in sealed envelope on or before 04.08.2025 to the Calendar Committee, FMPB, 29, High School Road, Ambattur, Chennai - 600053. Phone: 044-26570404

***Published by:*** S. John Berlin on behalf of Friends Missionary Prayer Band from 29, High School Road, Ambattur, Chennai 600 053. Tel. 044-2657 0404 E-mail: info@fmpb.org ***Printed by:*** Rasi Graphics (P) Ltd. No. 40, Peters Road, Royapettah, Chennai - 600014. ***Editor: S. John Berlin***